શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૨મું
જૂન : ૨૦૧૯ • અંક : ૧૨
પાના નં. : ૧ • (કુલ પેજ : ૪૮)

૧૫ જૂન, ૨૦૧૯ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૬-૨૦૧૯ કિંમત : રૂા. ૧૮/-



# આવ રે વરસાદ.....

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.





Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**

Showroom & Mfg. of Wooden Furniture

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.
Factory : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.
E-mail : homedesign3202@gmail.com

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

[illegible]

આપશ્રી સંલગ્ન ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો અથવા પ્રતિનિધિઓને રૂબરૂ મોકલી શકશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારશી માલશી બેદા-મોખા (ચાણા)
કાર્યાલય શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ / ૧૩૦ ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારશી માલશી બેદા-મોખા (ચાણા)
૩૦૩ / ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુળ ધામ હોટલની બાજુમાં, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૧, ૯૮૧૩૯ ૫૩૮૫૧

મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૨૯૧ ૧૩૦૯૪

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને
તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....

**શ્રી મૂકેશભાઈ એમ. સાવલા**
૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

Maheshbhai
M. : 92272 11715

Parag Kataria
M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

iolite

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

**INDOTEX**
**PAINTS**

● DURABLE ● DECORATIVE ● PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

જીવદયા   કરૂણા   અહિંસા   ગુંદાલી   પાંજરાપોળ

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**
(ગુંદાલી - મુંબઈ) પૂ. જયંતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું   એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુળધામ હોટલની બાજુમાં, ભાંડાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - ગુંદાલી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૧૮૦

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company
www.comfortinstapower.com

**DISTRIBUTION TRANSFORMER**
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Conforming to
IS-2026, IS-1180, 2014



**OTHER PRODUCTS**
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Transformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA


*WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB*

**COMFORT INSTA-POWER LTD.**

| Corp. & Regd. Office | Works 1 (Anjar - Kutch) | Works 2 |
| --- | --- | --- |
| Vadodara. Mo. : 9825374323 | Mo. : 9925203489 | (Waghodia - Vadodara) |




**SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.**
**FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99**




# જે પોતાના હૃદયને સ્વસ્થ રાખવા ઇચ્છે છે, તે સૌને એક કાર્ડિયોલૉજિસ્ટની અમૂલ્ય સલાહ

**લેખક**

**ડૉ. અનિશ એચ. ચંદારાણા**

M.D., D.M. (Cardiology), FACC

ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજિસ્ટ

છેલ્લાં ૨૦-૩૦ વર્ષોમાં આપણા દેશમાં હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, કોલેસ્ટેરોલ તથા હૃદયરોગ જેવી બીમારીનું પ્રમાણ ખૂબ વધતું ગયું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા(**WHO**)ના અનુમાન અનુસાર ૨૦૨૦ની સાલ સુધીમાં વિશ્વના કુલ હૃદયરોગીઓમાંથી અડધાથી વધારે ભારતીયો હશે ! બીજા શબ્દોમાં કહીએ તો કદાચ કોઈ ઘર બાકી નહીં હોય કે જ્યાં આ બીમારીની હાજરી ન હોય ! એટલે જ ભારત દેશને ડાયાબિટીસ તથા હૃદયરોગન રાજધાની કહેવામાં આવે છે.

આ પુસ્તકમાં હૃદયરોગની બીમારી, તેનાં લક્ષણો, તે થવાનાં કારણો અને તેના ઉપાયો વિશેની વૈજ્ઞાનિક માહિતી ખૂબ સરળ શબ્દોમાં રજૂ કરવામાં આવી છે. ઍન્જિયોગ્રાફી, ઍન્જિયોપ્લાસ્ટી, બાયપાસ સર્જરી, પેઇસમેકર સારવાર, રેડિયો ફ્રીક્વન્સિ એબ્લેશન વગેરે જેવી અદ્યતન તથા જટિલ પ્રક્રિયાઓ રસપ્રદ રીતે સમજાવવામાં આવી છે. એટલું જ નહીં, હૃદયરોગથી બચવા માટે અતિ જરૂરી એવી સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી વિશે વાચકના મનમાં ઉત્સાહ ઉત્પન્ન થઈ જાય તેટલું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. અમને વિશ્વાસ છે કે આ પુસ્તક દરેક વ્યક્તિ અને સમગ્ર તબીબી જગતને ખૂબ ઉપયોગી નીવડશે.

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**

NAVNEET®

Like us on /navneet.india | www.navneet.com

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

# નિમંત્રણ

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ *આયોજિત*

## ॥ કચ્છી નૂતન વર્ષ સ્નેહ મિલન સમારંભ ॥

**તારીખ : ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯** | **સ્થળ : ટાગોર હોલ, પાલડી.** | **સમય : સાંજના ૪.૦૦ વાગ્યાથી**

*સ્નેહી શ્રી,*

આનંદ સહ જણાવવાનું કે શ્રી કચ્છી સમાજ - અમદાવાદે કચ્છી નૂતન વર્ષની ઉજવણી સ્વરૂપે તેનો સ્નેહ મિલન સમારંભ ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯ના રોજ ટાગોર હોલ - પાલડી ખાતે યોજવાનું નક્કી કરેલ છે.

***આ કાર્યક્રમમાં નીચેની વિગતોનો સમાવેશ કરવામાં આવનાર છે.***

★ સમાજના જ બાળકો તથા યુવા કલાકારો દ્વારા વિવિધ મનોરંજન કાર્યક્રમ.
★ સરસ્વતી સન્માન
★ કચ્છશ્રુતિના અષાઢી બીજ નિમિત્તેના "વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક"નું વિમોચન
★ સ્ટેજ ફંકશન
★ કચ્છી ભોજનની મિજબાની – સમૂહ ભોજન

***આ પ્રસંગે નીચેના મહાનુભાવોએ 'અતિથિ વિશેષશ્રી' તરીકે ઉપસ્થિત રહેવાનું સ્વીકારેલ છે.***

| | | | |
|---|---|---|---|
| ★ | **શ્રી રાજુભાઈ ગાલા** | **નવનીત એજ્યુકેશન લિમિટેડ** | **'કચ્છશ્રુતિ' વિશેષાંકનું વિમોચન** |
| ★ | **શ્રી શિવજીભાઈ માવજીભાઈ શિયાણી** | **પ્રમુખશ્રી, શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજ** | **અતિથિ વિશેષ** |
| ★ | **શ્રી પ્રતાપભાઈ ભવાનજીભાઈ રૂપારેલ** | **જલારામ પોલીમર્સ** | **અતિથિ વિશેષ** |
| ★ | **શ્રી કૌશલભાઈ ગંગારામભાઈ પટેલ** | **અંબિકા ટીમ્બર માર્ટ** | **અતિથિ વિશેષ** |

**વિગતવાર કાર્યક્રમ**

| | | |
|---|---|---|
| ★ | ટાગોર હોલ પર આગમન | બપોરના ૩.૩૦ વાગ્યાથી |
| ★ | વિવિધ પ્રકારના કાર્યક્રમો | સાંજના ૪.૦૦ થી ૬.૦૦ |
| ★ | સમૂહ ભોજન | સાંજના ૬.૦૦ થી ૮.૦૦ |
| ★ | બાકી રહેતા મનોરંજન કાર્યક્રમો | રાતના ૮.૦૦ થી ૧૧.૦૦ |

ઉપરોક્ત કાર્યક્રમમાં સહપરિવાર ઉપસ્થિત રહેવાનું આપશ્રીને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. આપશ્રીને ૩.૫૦ વાગ્યા સુધીમાં આપશ્રીની સીટ સંભાળી લેવાની વિનંતી કરવામાં આવે છે કારણકે કાર્યક્રમમાં વિપુલ માત્રામાં વિવિધતા હોવાથી તે બરાબર ૪.૦૦ વાગે શરૂ કરી દેવામાં આવશે.

આપશ્રીના બાળકોના સરસ્વતી સન્માનના ફોર્મ ના ભરાયા હોય તો સમાજમાંથી જરૂરી ફોર્મ મેળવી, તા. ૨૫-૦૬-૨૦૧૯ સુધીમાં ભરીને સમાજ પર પહોંચતા કરવા આપશ્રીને અપીલ કરવામાં આવે છે.

● *આપના વિશ્વાસુઓ* ●

**ભરત ઓઝા** ઉપપ્રમુખ અને કાર્યક્રમ કન્વીનર
**મેઘજીભાઈ પટેલ** ઉપપ્રમુખ
**ચીમનભાઈ પટેલ** ઉપપ્રમુખ
**અતુલભાઈ સોની** ખજાનચી

**હિમાંશુ ઠક્કર**
માનદ્ મંત્રી

**અશોક મહેતા**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ

## ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

# ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો. સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :

પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦

રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧

નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫

મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦

મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯

દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

વર્ષ-૩૨ ● અંક - ૧૨
૧૫ જૂન, ૨૦૧૯

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | | |
|---|---|---|---|
| ૨ વર્ષ | : | રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : | રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : | રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

**તંત્રી સ્થાનેથી**
- પ્રજાની અપેક્ષા ........ **અશોક મહેતા**....૯

**પ્રાસંગિક**
- આવો, યોગને જાણીએ અને માણીએ ........ **ડૉ. મિહિર એમ. વોરા**...૧૧

**સમર્પણ**
- "પ્રેમની સાર્થકતા સમર્પણમાં" ........ **રમીલા પી. મહેતા**....૧૩

**સત્ય ઘટના**
- "ને ચકલી ઊડી ગઈ..." ........ **પારુલ આર. પટેલ**....૧૪

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : મણકો-૪ **તંત્રીશ્રી : 'સરદાર જ્યોત'**
  શ્રી ભરત વસંતરાય ઓઝા ........ **અશોક મહેતા**....૧૯

**ગુજરાતી કથાગીતો – ૭**
- કવિ 'કાન્ત'નું ચિરકાલીન ખંડકાવ્ય : 'વસંત-વિજય' ........ **સંકલન : જીના વીરેન શેઠ**....૨૩

**સ્વાસ્થ્ય**
- ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૫) ........ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૨૬
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

**સફળતા**
- ફકરા અસત્યના હોય, સત્ય બે લીટીનું હોય ........ **ભોલાભાઈ ગોલીબાર**...૨૮
- નેગેટિવ મોટિવેશન ........ **રોનિત શાહ**....૨૯

**જબાન**
- શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૧) ........ **તુલસી કંસારા**.....૩૦

**લઘુકથા**
- વાહન ચાલક નાસી ગયો ........ **રજનીકાંત ઓઝા**....૩૧

**વાર્તા**
- મહેનતની સફળતા ........ **દિલીપ આચાર્ય 'દિલકશ'**....૩૨

**વિવિધતા**
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ....૩૩
- પ્રતિભાવ ........ ૩૫
- શબ્દ શોધ : ક્રમાંક - ૮૩ ........ **પ્રદીપ જોષી - આદિપુર**....૩૭
- વિસરાઈ ગયેલી બાળપણની વિરાસત........ **ભાવના એ. ઝવેરી**....૩૮

**મેઘ ધનુષ**
- તારો કન્હૈયો : **રમીલા પ્રમોદ મહેતા** ★ ઉપલબ્ધ છે... : **અરવિંદ સોમૈયા** ........ ..૩૯
- હાઈકુ : **દિલીપ આચાર્ય 'દિલકશ'**
- ★ કચ્છી કાવ્ય : જભાપ ડે તૂં... : **ધનજી ભાનુશાલી 'કડક બંગાલી'** ........ ...૩૯

## વિભાગ-૨

- સમાજ સમાચાર ........ ૪૦
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ........ ૪૨
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માન ૨૦૧૮-૧૯ : ભરવાનું ફોર્મ ........ ૪૩




# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કર્ટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.

શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.

નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.



બ્રાંચ કટર



પેટ્રોલ ચેઈન સો




ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઉપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

તંત્રીલેખ

# પ્રજાની અપેક્ષા



અશોક મહેતા

*વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીનો પ્રચાર જ્યારે પૂર બહારમાં ચાલુ હતો ત્યારે સમસ્ત ભારતની સામાન્ય પ્રજા અવઢવમાં હતી કે ચૂંટણીના પરિણામો શું આવશે? સત્તા કોની પાસે રહેશે? સત્તાપક્ષ ભાજપમાં વિપક્ષ ગાબડા પડાવી શકશે? નરેન્દ્ર મોદી, અમિત શાહ, સોનીયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા વાડરા, માયાવતી, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, ચંદ્રાબાબુ નાયડુ વગેરે રાજકીય નેતાઓ રાષ્ટ્રીય લેવલે સભાઓ ગજવી રહ્યા હતા. ભારતભરમાં પ્રખ્યાતિ પામી રહેલ હતા.*

*પ્રજાનો નિર્ણય ભારતીય જનતા પક્ષ અને એન.ડી.એ.ની તરફેણમાં આવ્યો અને એ પણ ભારે બહુમતીથી. કદાચ આ પ્રકારના પરિણામો લગભગ બધા માટે કલ્પના બહારના હતા. ભારતની પ્રજાએ કોંગ્રેસ, સપા, બસપા, તૃણમૂલ કોંગ્રેસ વગેરેને કોરાણે મૂકીને ભાજપને કેમ પસંદ કર્યો તેનું વિશ્લેષણ કરવું જરૂરી બની રહે છે.*

*નરેન્દ્ર મોદીની રહેણીકરણી, પરિવારને રાજકીય લાભથી વંચિત રાખવાની ભાવના, તેમની નિષ્ઠા, વિદેશમાં પણ જમાવટ કરી ભારતને પ્રતિષ્ઠા અપાવવા માટેની ભૂમિકા, પાકિસ્તાન કે દુશ્મન દેશ સામે બાથ ભીડવાની હિંમત વગેરેએ ભારતની પ્રજામાં તેમના પ્રત્યે જબ્બર માનની લાગણી ઉત્પન્ન કરેલ હતી. ભારતની પ્રજા રાજકીય નેતાઓ તથા અધિકારીઓના ભ્રષ્ટાચાર, વ્યભિચાર, વાણીવિલાસ, સાંપ્રદાયિકતા વગેરેથી ત્રસ્ત હતી, છતાં નરેન્દ્ર મોદીથી પ્રભાવિત હતી. સામા પક્ષે કોંગ્રેસ, સપા, બસપા, તૃણમૂલ કોંગ્રેસ વગેરે પાસે જમા પક્ષે કોઈ નોંધનીય કાર્યવાહી ન હતી. તેઓ પાસે ભાજપ અને નરેન્દ્ર મોદીને ઉતારી પાડવા સિવાય બીજો કોઈ એજન્ડા ન હતો. પોતાની લીટી મોટી કરવાના બદલે સામાવાળાની લીટી નાની કરવાની જ કાર્યવાહી હતી. આ પરિસ્થિતિમાં પ્રજાને રાષ્ટ્રીય તક્તા પર નરેન્દ્ર મોદીની અવેજીમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી / વાડરા, મમતા બેનર્જી, માયાદેવી, અખિલેશ યાદવ, ચંદ્રાબાબુ નાયડુ, શરદ પવાર વગેરે ખૂબ જ વામણા દેખાયેલ હશે. પરિણામે જનતાએ નરેન્દ્ર મોદીને (ભાજપને નહીં) સ્વીકારેલ હશે અને તેમનામાં પૂરેપૂરો વિશ્વાસ મૂકેલ હશે તેવા તાત્પર્ય પર આવી શકાય.* ***આ સત્તાપક્ષની અવેજીમાં સામા પક્ષે અગર કોઇ નિષ્ઠાવાન, નિસ્પૃહી અને સબળ કાર્યકર હોત તો પરિણામમાં કદાચ ફેરફાર આવી શકત.*** *આ પરિસ્થિતિમાં ચૂંટણીના પરિણામો પછી સત્તાપક્ષની જવાબદારી ખૂબ જ વધી જાય છે અને જો તેમાંથી તે સફળપણે બહાર નહીં આવી શકે તો આવતા દિવસો તેમના માટે ખૂબ જ કઠિન પુરવાર થશે.*

*ભારતની જનતાને જે પ્રશ્ન કોરી ખાય છે તે અપૂર્વ ભ્રષ્ટાચારનો છે. અમદાવાદના વિવિધ મલ્ટીસ્ટોરી બિલ્ડિંગમાં કે સુરતના તક્ષશિલા આર્કેડમાં લાગેલી આગ અને તેના કારણે ન પૂરી શકાય તેવી થયેલ નુકસાની, એ ભ્રષ્ટાચારના પરિણામો છે. ચૂંટણીના સમયે વિવિધ ઉદ્યોગ ગૃહો, વ્યાપાર ગૃહો, બિલ્ડર્સ એસોસિએશન કે કોન્ટ્રાક્ટર્સ એસોસિએશન પાસેથી બિન નૈતિકતાના ધોરણે એકત્રિત કરવામાં આવેલ ચૂંટણી ફંડ, એ રાજકીય પક્ષોની અને રાજકીય કાર્યકરોની જોહુકમી જ છે. પ્રજાના આ સુખી વર્ગે ભવિષ્યમાં રાજકીય કાર્યકરો થકી નુકસાની ન પહોંચે એ બીકે આપેલ નાણાં એ ભ્રષ્ટાચારનો બીજો પ્રકાર માત્ર છે. સરકારી ઑફિસમાં કે મ્યુનિસિપાલિટીમાં થતા ભ્રષ્ટાચારોથી પ્રજા વાજ આવી ગયેલ છે, તે સત્તાપક્ષે સત્તાના મદમાં ના ભૂલવું જોઈએ. સરકારનો એક પણ વિભાગ ભ્રષ્ટાચાર વગરનો રહેવા પામેલ નથી એ હકીકત છે. શિક્ષણના ક્ષેત્રે પણ ભ્રષ્ટાચાર ખૂબ જ ઊંડે ઉતરી ગયેલ છે. ખાનગી શાળાઓ,*

*કૉલેજો કે શિક્ષણ સંસ્થાઓમાં લેવાતી ફી એ ઉઘાડી લૂંટ સમાન છે કે જેનાથી પ્રજા ત્રસ્ત છે. કોઈ પણ પોલીસ સ્ટેશનમાં પૈસાના જોરે ગુનેગારોને મળતી રાહત, પ્રજા છડેચોક નિહાળી રહેલ છે. ટ્રાફિક પોલીસ કે આર.ટી.ઓ. કચેરી ભ્રષ્ટાચારથી ખદબદે છે. જ્યુડિશિયરી પણ ભ્રષ્ટાચારના સકંજામાં આવવા લાગી છે. ભારતભરમાં એવો એક પણ કાર્યરત નાગરિક મળવો મુશ્કેલ હશે કે જે નાની કે મોટી લાંચ રુશવતનો કે ભ્રષ્ટાચારનો ભોગ ના બનેલ હોય અને જેણે ફરજિયાતપણે લાંચ આપી ન હોય.*

*આ પરિસ્થિતિમાં નરેન્દ્ર મોદી પ્રત્યે પ્રજાએ જે વિશ્વાસ મૂકેલ છે તે કામિયાબ નીવડે તેવી અપેક્ષા ભારતની પ્રજા સેવી રહેલ છે.*

*રાજકીય કાર્યકરોના વ્યભિચારનો પ્રશ્ન પણ તેટલો જ યક્ષ પ્રશ્ન છે. ઘણા વ્યભિચારી નેતાઓ આજે કેન્દ્રના કે રાજ્યના પ્રધાન મંડળમાં બિરાજમાન છે. અનેક સાંસદો, વિધાનસભ્યો તથા જે-તે પક્ષના અગ્રીમ કાર્યકરો પણ વ્યભિચારના મુદ્દે જગજાહેર છે. તેમની કહાની અવારનવાર વર્તમાનપત્રોમાં છપાતી રહે છે. હવે તો ઓડિયો - વીડિયોના માધ્યમથી પણ પ્રજા એ કહાની જાણી ચૂકી છે. નવાઈ તો એ વાતની લાગે છે કે જે-તે નેતાના વ્યભિચારની કહાની જગજાહેર થયા પછી પણ ન તો તેને કોઈ લાજ-શરમ જેવું લાગે છે, કે ન તો તે જાતે પોતાના પદ પરથી રાજીનામું આપી ખસી જાય છે. તેની ઉપરની નેતાગીરી આ સહન કરી લે છે. તેથી પ્રજા માની લે છે કે કાં તો ઉપરની નેતાગીરી પણ આવી કોઈ કામગીરીમાં સંડોવાયેલી હશે અથવા તો તેની કોઈ અન્ય મજબૂરી હશે. આ એક નૈતિક સ્ખલન છે. જાહેર જીવનની અધોગતિ છે. પ્રજા મૂંગે મોઢે આ ખેલ પણ નિહાળી રહેલ છે.*

*ભારત દેશમાંથી આ ભ્રષ્ટાચાર, વ્યભિચાર, રાજકીય ગુંડાગીરી, નૈતિક સ્ખલનો તથા અનૈતિકતાને નિર્મૂળ કરી સ્વચ્છ ભારતનું નિર્માણ કરવાની મહેચ્છા ભારતની જનતા નરેન્દ્ર મોદીમાં રાખીને બેઠી છે. નરેન્દ્ર મોદીની અગ્નિ પરીક્ષા શરૂ થવાનો સમય હવે આવેલ છે. આ જવાબદારી તેઓ સફળતાપૂર્વક નિભાવી શકે છે કે નહીં તે આવતા દિવસો જ કહી શકશે.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

*જ્યારે મિત્ર પ્રગતિ કરે ત્યારે સ્વાભિમાનથી કહો કે એ મારો મિત્ર છે.*
*પરંતુ જ્યારે મિત્ર મુસીબતમાં હોય ત્યારે ગર્વથી કહો કે હું તેનો મિત્ર છું.*

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર**

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭" x ૧" | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત**


**જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)

*સામાને માફ કરી દેવાથી માત્ર ભૂતકાળ ભૂંસાઈ જતો નથી, પરંતુ ભવિષ્યકાળ સુધરી જાય છે.*

પ્રાસંગિક

# આવો, યોગને જાણીએ અને માણીએ...



ડૉ. મિહિર એમ. વોરા

આપણા વડાપ્રધાનની અથાગ મહેનતને કારણે દર વર્ષે ૨૧મી જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી આખા વિશ્વમાં થાય છે. ભારત માટે આ ઘણો મોટો દિવસ છે. ભારતની સંસ્કૃતિ હવે ધીરે ધીરે પણ મક્કમ પગલે દુનિયાભરમાં આદર પામતી થઈ ગઈ છે.

મિત્રો, જાણીતા ગુજરાતી વિધેયક અને લેખક સૌરભ શાહે એક વાત સાચી લખી છે કે "ગુજરાતી ભાષામાં ગાંઠિયા તથા એના વિવિધ સ્વરૂપો માટે સેવ, પાપડી, ફાફડા, રતલામી, ભાવનગરી વગેરે કુલ દોઢ ડઝન કરતાં વધુ વિકલ્પો છે. આપણી પાસે ધન, લક્ષ્મી, પૈસા, રૂપિયા, દામ વગેરે માટે એથીય વધુ શબ્દો છે. પણ આપણી માતૃભાષામાં હિંમત, સાહસ, કસરત, તાકાત, થાક કે પરસેવા માટે શાબ્દિક માંડ બે-ત્રણ પર્યાયો છે." વધુમાં તેઓ જણાવે છે કે, 'નાસ્તામાં ગાંઠિયા - ચેવડા ખાઇને શરીર સુદ્રઢ બનતું નથી. આખો દિવસ બાઈક પર રખડીને કે ખુરશીમાં બેસીને બોડી બિલ્ડિંગ થતું નથી. ગુજરાતીઓમાં જ નહીં, ભારતની મોટાભાગની પ્રજાઓમાં શારીરિક સ્વાસ્થ્ય માટેની સભાનતા ખૂબ મોડી આવી. અમેરિકા - બ્રિટનની પ્રજાઓ જ્યારે આ બાબતમાં ખૂબ આગળ નીકળી ગઈ હતી ત્યારે ભારતના આમ આદમીઓ આ ક્ષેત્રે પહેલું ડગલું ભરતા થયા હતા.

રાજા મહારાજાઓના કાળમાં અખાડા અને વ્યાયામશાળાઓ હતા પણ માત્ર રાજ્યના મલ્લ અને સૈનિકો માટે, આમ પ્રજા માટે નહીં. માત્ર ઋષિમુનિઓ જ યોગ કરતા હતા, જે આગળ જતા લોકપ્રિય બન્યું.

મિત્રો, જો આપણા વડીલોને પૂછશો તો તેઓ જણાવશે કે ૧૯૬૦ના દાયકામાં ભારતમાં કસરત માટેનું એક સાધન 'બુલવર્કર' વેચાતુ હતું. રીડર્સ ડાઇજેસ્ટમાં એની એડ આવતી હતી. 'બુલવર્કર'ના બેઉ છેડા એકબીજા સાથે પ્રેસ કરીને એક ઈંચ પણ સરકાવી શકાતું નહીં. એની બેઉ બાજુના પ્લાસ્ટિકમાં દોરડા ગમે એટલા ખેંચો, સહેજ પણ ખસકતા નહીં. આજે તો હવે તમામ શહેરોમાં ડઝનથી પણ વધુ, જાણીતી ફ્રેન્ચાઇઝીવાળા જિમ ખૂલી ગયા છે. વિદેશથી મંગાવેલા આધુનિક સાધનો પર પરસેવો પાડીને ફિટનેસ જળવાય છે. પણ, માત્ર એક જ વખત જિમ છોડીને ઘરમાં વ્યાયામ કરી જુઓ. તમને અંદરથી ખરેખર માનસિક શાંતિ જણાશે. ઘરમાં બારસાખ સાથે એક દાંડો ફીટ કરીને તમે જિમ જેટલી જ ઈફેક્ટિવ એક્સરસાઇઝ કરી શકો છો. **જિમના બંધિયાર અને ક્યારેક પ્રદૂષિત વાતાવરણમાં શરીરને લાભ થવાને બદલે નુકસાન થઈ જતું હોય છે. પ્રોપર ટ્રેનિંગ ન હોય તો વેઇટ્સ ઊંચકતી વખતે કમર, ગરદન, સાંધાઓને લાંબાગાળાનું નુકસાન થઈ શકે છે.** આથી જ આવી જોખમી કસરતો મૂકીને શુધ્ધ યોગ ક્રિયાઓ અપનાવીએ. ભારતના યોગી પતંજલિએ યોગાસનની દુનિયાને આપેલી ભેટ છે. ભારતમાં આમ પ્રજા યોગાસન કરતી થઈ એ પહેલાં આપણા યોગ ગુરુઓ વિદેશોમાં જઇને ત્યાંની પ્રજાને એનું ઘેલું લગાડી આવ્યા હતા. યોગી આયંગરજી આજીવન એક યોગી પુરુષ તરીકે જ રહ્યા હતા. કૃપાલુ મહારાજે યોગાસન વિશેનું એક સચિત્ર પુસ્તક 'તલવલકર્સ' લખેલું હતું. કૃપાલુ મહારાજથી લઇને બાબા રામદેવ સુધીના અનેક ગુરુઓએ ભારતમાં અને ભારતની બહાર યોગનો પ્રચાર કર્યો છે. મિત્રો, જિમિંગની સામે કોઈ મોટો વિરોધ નથી, પણ એકવાર ઘરમાં યોગ કરી જુઓ. તો જિમિંગને ભૂલી જશો. સૂર્ય નમસ્કાર જો પધ્ધતિસર અને પૂરતો સમય આપીને કર્યા હશે તો શરીરમાંથી એટલો જ પરસેવો છૂટશે જેટલો અડધા કલાકના જિમિંગ પછી તમને થતો હોય છે. યોગાસન ધીરજ માંગી લે છે, મનની શાંતિ માંગી લે છે. મિત્રો, આજે ઠેકઠેકાણે કેટલાક આધુનિક જિમમાં હજુ મુખ્ય દરવાજો ખોલો ત્યાં જ ડિસ્કોમાં પ્રવેશતા હો તેવું ધડામધુડુમ મ્યુઝિક સંભળાય છે. એવા સંગીત સામે પણ વ્યાયામ કરવાની મજા આવી શકે છે, પણ આપણું મન તદ્દન નીરવ શાંતિ મહેસૂસ કરતું હોય એવા ઘરના પોતીકા વાતાવરણમાં યોગાસન કરી જુઓ. **તમને અંદરથી જણાશે કે ખરેખર માનસિક શાંતિવાળી કસરત એટલે યોગ!**

યોગની શરૂઆત સૂર્ય નમસ્કારથી કરવામાં આવે છે. સૂર્ય નમસ્કારથી શરીર જ નહીં, મન પણ શાંત થઇ જશે. કોઈ રોગીષ્ઠ શરીરવાળી વ્યક્તિ યોગી નહીં બની શકે. યોગી બનવા માટે પહેલા

*પ્રેમ વિનાની બુદ્ધિ ક્યારેક ભયંકર બની શકવાની શક્યતા રહે છે.*

ભોગ છોડવો પડે, તો જ યોગ કરવાની મજા આવે. મિત્રો, આપણે યોગ અપનાવીને કોલેસ્ટેરોલને કાબૂમાં રાખી શકીએ છીએ. દૈનિક જીવનમાં થોડોક ફેરફાર કરો. નિયમિત વ્યાયામ કરો અને યોગ્ય ખોરાક લો. **મોટાભાગે કોલેસ્ટેરોલ વ્યક્તિના લીવરમાં બને છે અને બાકી વ્યક્તિને ભોજનમાંથી મળે છે.** તેથી ભોજનમાં ચરબી અને કોલેસ્ટેરોલને ઘટાડવા જરૂરી છે. યોગ હાનિકારક કોલેસ્ટેરોલનો દુશ્મન છે. તેનો મૂળથી નાશ કરી દે છે. તમારી ઈચ્છાશક્તિ મજબૂત હોય અને તમને યોગ પર વિશ્વાસ હોય તો યોગથી તમને ઘણો લાભ થઈ શકે છે. આનો અભ્યાસ નિયમિત કરવો જરૂરી છે.

★ સર્વાંગાસન, ઉત્તાન પાદાસનનો અભ્યાસ કરવાથી કબજિયાત, ગેસ, સ્થુળતા વગેરે દૂર થઈ ભૂખ વધે છે અને હાનિકારક કોલેસ્ટેરોલ ઘટે છે.

★ પવન મુક્તાસનનો અભ્યાસ કરવાથી પેટની વધેલી ચરબી દૂર થાય છે. અમ્લપિત્ત, હૃદયરોગ, ગઠિયો અને કમરનો દુ:ખાવો વગેરે દૂર થાય છે.

★ દીર્ઘ નૌકાસનનો અભ્યાસ કરવાથી હૃદયને શક્તિ મળે છે અને કોલેસ્ટેરોલ બળી જાય છે.

★ શશકાસનનો અભ્યાસ કરવાથી પણ હૃદયને શક્તિ મળે છે.

★ વક્રાસન કમરની ચરબીને ઘટાડે છે.

★ પશુ વિશ્રામાસનથી કમરના પાછળના ભાગમાં વધેલી ચરબી ઘટે છે.

★ દ્વિચક્રિકાસનથી પણ સ્થુળતા ઘટે છે અને હાનિકારક કોલેસ્ટેરોલ નાશ પામે છે.

★ અર્ધ હલાસન, પાદવૃત્તાસનથી પણ બિનજરૂરી ચરબી બળી હાનિકારક કોલેસ્ટેરોલ ઘટે છે.

★ ભસ્ત્રિકા પ્રાણાયામનો અભ્યાસ કરવાથી ત્રિદોષનું શમન થાય છે, લોહી શુદ્ધ થાય છે. શરીરના ઝેરીલા પદાર્થો બહાર નીકળી જાય છે. હાનિકારક કોલેસ્ટેરોલ ક્યારેય વધી શકતો નથી.

★ કપાલભાતી પ્રાણાયામ કરવાથી હૃદય, ફેફસા તથા મગજના બધા રોગ દૂર થાય છે અને યકૃતમાં અનાવશ્યક ચરબીનું નિર્માણ થતું નથી. જેનાથી હાનિકારક કોલેસ્ટેરોલ વધતો નથી. પેટના બધા જ રોગ આનાથી દૂર થાય છે.

★ અનુલોમ-વિલોમ કે નાડીશોધન પ્રાણાયામનો અભ્યાસ કરવાથી બોંત્તેર કરોડ બોંત્તેર લાખ દસ હજાર બસ્સો નાડીઓ શુધ્ધ થાય છે. કોલેસ્ટેરોલ, ટ્રાયગ્લિસરાઇડ્સ, એચ.ડી.એલ. અથવા એલ.ડી.એલ. વગેરેની અનિયમિતતા દૂર થાય છે. સારા પરિણામ માટે આ પ્રાણાયામનો અભ્યાસ ૧૦થી ૧૫ મિનિટ સુધી કરો.

તો આજે જ નહીં કાયમ માટે યોગને અપનાવીને આપણા શરીરને રોગમુક્ત બનાવીએ. આવો, આજથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની કાયમી યોગ દિવસ તરીકેની ઉજવણી કરીએ. ■

## નંબર ગેમથી બચો

પરિણામોની મોસમ શરૂ થઈ છે. સી.બી.એસ.ઈ.નું પરિણામ આવી ગયું છે. દરેક ઘરોમાં ચર્ચા શરૂ થઈ છે કે થવાની છે કે કેટલા ટકા આવ્યા? મા બાપ બાળકો પાસે વધુ ને વધુ ટકાની આશા રાખે છે. શાળામાં પણ દબાણ હોય છે અને પછી કોચિંગ ક્લાસ શરૂ થાય છે અને ૨૪ કલાક બાળક ભણભણ કર્યા કરે છે અને પરીક્ષામાં ૧૦૦ માંથી ૧૦૦ માર્ક લાવે છે.

લાગે છે કે, આખી પરીક્ષા પદ્ધતિ સામે સવાલ ઉઠાવવાનો સમય આવી ગયો છે. કારણકે અત્યારની પદ્ધતિ મજાક બની ગઈ છે. પરીક્ષામાં અમુક રીતે જ પ્રશ્નો પૂછવામાં આવે છે અને શાળાઓ, કોચિંગ ક્લાસ વિદ્યાર્થીઓને જવાબ આપવાનું શીખવી દે છે. એટલે કે ગોખણપટ્ટી પર બધું ચાલે છે અને વિદ્યાર્થીઓ ઊંચા ગુણ લાવે છે. જો પરીક્ષામાં કોઈ પ્રશ્ન ટ્વિસ્ટ કરીને પૂછવામાં આવે તો વિદ્યાર્થી ગોથું ખાઈ જાય છે, કારણકે એ જે વાંચે છે એ પૂરું સમજતો નથી. વધુને વધુ માર્ક એ જ એક લક્ષ્ય છે કારણકે સારી કૉલેજમાં પ્રવેશનો એ જ રસ્તો છે. પણ બાળકમાં રચનાત્મકતા લાવવા માટે કાંઈ થતું નથી. એ મુદ્દો એજન્ડામાં નથી. બાળકોમાં જીજ્ઞાસા જગાવવી એ શિક્ષક અને શિક્ષણનો પહેલો ગુણધર્મ છે. એનામાં ઉત્સુકતા વધે એ તરફ શાળામાં કંઈ એવું થતું નથી. એ દિશામાં કોઈ પ્રયત્ન થતાં જ નથી.

દરેક બાળકમાં અમુક પ્રકારની ખાસિયત હોય છે. એને બહાર લાવવા માટે કોઈ પ્રયોજન નથી અને આ જ કારણે કદાચ આપણો દેશ ભારત, રીસર્ચ અને ડેવલપમેન્ટ ક્ષેત્રે પછાત છે. ભારતની મોટી અને બહુરાષ્ટ્રીય કંપનીઓ એક ફરિયાદ કરતી હોય છે કે ઈજનેરો તો ઘણાં છે પણ એમની પાસે માત્ર ડિગ્રી છે, યોગ્યતા નહીં. ભારતને નોલેજ પાવર અને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા માટે યોગ્યતા ધરાવતા સ્નાતકોની જરૂર છે. વિદ્યાર્થીઓમાં જે પ્રતિભા છે એને નિખારવા માટે પ્રયત્નો થવા જોઈએ. આ મુદ્દે રાજ્ય અને કેન્દ્રિય બોર્ડે વિચારવાનો સમય ક્યારનો આવી ગયો છે. અભ્યાસક્રમમાં બદલાવ જરૂરી છે. પરીક્ષા પદ્ધતિમાં બદલાવ જરૂરી છે. એ દિશામાં ઝડપથી પગલાં લેવા એ આવશ્યક બની ગયું છે. ■

*અહિંસાને ચાર ચાંદ ત્યારે લાગે, જ્યારે એના શરીર પર પ્રેમના વસ્ત્રો હોય.*

સમર્પણ

# "પ્રેમની સાર્થકતા સમર્પણમાં"

● રમીલા પી. મહેતા ●

'મને તારા મા-બાપ સાથે નથી ફાવતું.'

'તો શું કરવું છે?' વૈભવે શાલુના સામે સવાલ પૂછ્યો.

'મને છુટાછેડા જોઈએ છે' શાલુએ એકદમ શાંત સ્વરે જવાબ આપ્યો.

'પણ મારા માતા-પિતાએ તને કશું કહ્યું છે?'

'ના, પણ મને ફાવતું નથી. આ વાતાવરણમાં મારો જીવ મુંઝાય છે.'

'જો શાલુ, થોડી બાંધછોડ તો જીવનમાં કરવી પડે.'

'મારે નથી કરવી. મારી સ્વતંત્રતા છીનવાઈ જાય એ મને ન પરવડે.'

વૈભવે શાલુને સમજાવવા ઘણો પ્રયાસ કર્યો, પણ વાત ન ગોઠવાઈ તે ન જ ગોઠવાઈ. વૈભવના માતા-પિતાએ જુદા રહેવાની વાત મૂકી. વૈભવે એ વાત ન માની. મા-બાપે બંનેને સમજાવ્યા, કે તમારું જીવન સુખી બનતું હોય તો અમે જુદા રહીશું. પણ તું અને શાલુ સાથે રહો, સુખી રહો. એથી વિશેષ અમને શું જોઈએ? પણ શાલુએ સાસુ-સસરાની વાત પણ ન માની. એને તો છુટાછેડા જ જોઈતા હતા.

શાલુના મમ્મી-પપ્પાને પણ મધ્યસ્થી માટે બોલાવ્યા. શાલુના પપ્પાએ દીકરીને એકાંતમાં પૂછી જોયું. પણ શાલુના મગજમાં તો સ્વતંત્ર રહેવાની જ વાત હતી. તે પણ જેની સાથે પ્રેમ હતો, લવ મેરેજ કર્યા હતા તેની સાથે પણ નહોતું રહેવું. કારણ શું? શાલુને હવે પોતાની કેરિયર બનાવવાનો વિચાર આવ્યો. બે-ત્રણ વર્ષમાં ખ્યાલ આવ્યો કે તેનું જીવન રસોડામાં વિવિધ વાનગી બનાવી, પરિવારને જમાડીને રાજી કરવા માટે નહોતું. એણે તો એમ.બી.એ.ની ડિગ્રી મેળવી હતી. જેનો ઉપયોગ પોતાનો વિકાસ માટે અને પોતાના શિક્ષણનો લાભ સમાજને આપવા માટે છે. પણ આ જ્ઞાન લાધ્યું ત્યારે ઘણું મોડું થયું હતું. પ્રેમ, લગ્ન અને પરિવારના દાયરામાં રહીને આ બધું કરી શકાય ખરું? શાલુને લાગતું હતું કે હવે લગ્નજીવન તેને બાધક બનતું જાય છે. અંતે વાત છુટાછેડા પર આવીને ઊભી રહી. જો શાલુને કેરિયર પસંદ હતી તો લગ્ન કરવાની જરૂર નહોતી. કદાચ એની નાદાનિયત હતી. પણ વૈભવ સાથે પ્રેમના પાઠ ભણતા તેને લગ્નજીવનની જવાબદારી, પરિવાર વિશે કશો જ ખ્યાલ નહીં આવ્યો હોય? **પણ અહીં પ્રશ્ન એ છે કે શાલુ અને વૈભવ જેવા કપલ કેટલાય હશે જેમની જિંદગીમાં છુટાછેડાનું વાવાઝોડું આવતું હશે. એ લોકોના પરિવારની શી દશા થતી હશે?** માતા-પિતાની આશા અને અરમાન કરતા પણ, પછી ભવિષ્ય શું?

છુટાછેડાનો પ્રશ્ન એક રીતે જુઓ તો વ્યક્તિગત છે. ભારત સિવાય અન્ય દેશોમાં એ બાબત સહજ લાગે છે. (હવે કદાચ ભારતમાં પણ ધીરે ધીરે એ બાબત - બનાવને બધા સહજ રીતે લેતા થયા છે) પણ આ સહજ રીતે બનતી ઘટના, પરિવાર, છૂટા પડેલા કે પડેલી વ્યક્તિ માટે માનસિક રીતે આઘાત તો પહોંચાડે જ છે. નાનકડી ઘટના પણ છુટાછેડાનું કારણ બનતી હોય છે. દહેજ એ તો મોટી વાત છે, પણ 'હવે તું મને નથી ગમતી' કે 'તારા માતા-પિતા સાથે નથી ફાવતું' – આવી બધી બાબતો વિશે પહેલા ન વિચારી શકાયું હોય? આ વાત કદાચ જૂની કે અવ્યવહારુ લાગે, પણ એક સમયે સગાઈનો ગાળો બે-ત્રણ વર્ષનો રહેતો. વાર-તહેવારે વહુને (To be)ને ઘરે બોલાવવામાં આવતી. નાની મોટી ભેટ કે કપડા વગેરે તેને અપાતા. એ પાત્ર ઘરના બીજા સભ્યો સાથે મિક્સ-અપ થાય. આજે પણ એ ગાળો લંબાવાય છે. બંને પાત્રો એકબીજાને મળે છે, એકબીજાને સમજવાનો પ્રયાસ કરે છે પણ ઘરના અન્ય પાત્રો સાથે બહુ નાતો નથી બંધાતો. (કદાચ મા-બાપ પણ એ બાબત પ્રત્યે બહુ ઉંડા નથી ઉતરતા. એક ડર હોય છે કે આ સંબંધ લાંબો ટકે માટે આપણે વચ્ચે નહીં પડવાનું) નહિતર થોડા સમયમાં જ મા-બાપ નથી ગમતા, તારી બહેન આમ કરે છે, તેનો દોરદમામ ચાલે છે – આવા નકારાત્મક વિચારો કેમ આવે? **લગ્ન બે પરિવાર સાથેનો સંબંધ છે. માત્ર બે વ્યક્તિ વચ્ચેનો જ નથી. જે પરિવારને સારા વેવાઇ - વેવાણ મળ્યા હોય એ ખરેખર ભાગ્યશાળી છે.** સમાજમાં સ્નેહ-પ્રેમની વેલ ઊંચી વધે માટે જ સારા ખાનદાન પરિવારમાં મા-બાપ પોતાની દીકરી આપવા ઈચ્છતા.

હવે ઘણું બદલાયું છે. પ્રેમ લગ્ન

**(અનુ. : જુઓ પાના નં.-૧૭ ઉપર)**

*જ્યારે પ્રેમસંબંધ ઊભો થઈ જાય ત્યારે દૃષ્ટિ સહજ જ બદલાઈ જાય છે.*

સત્ય ઘટના

## સત્ય ઘટના પર આધારિત લેખ શ્રેણી

# "ને ચકલી ઉડી ગઈ...."



પારુરટલ આર. પટેલ

વિક્રમ પહેલેથી જ થોડા રંગીન મિજાજનો હતો. યુવાનીમાં પગ મૂકતા જ પિતા તરફથી વારસામાં ઘણી જ જમીનના પ્લોટો અને સારા વિસ્તારમાં રહેઠાણ અને ભાડે આપેલ વધારાની ચાલીઓની આવક અને પ્રતિષ્ઠિત વિસ્તારમાં ઑફિસ મળી. આ બધો વહીવટ અચાનક પિતાના અવસાનથી હાથમાં આવી ગયો. વિક્રમને તો જાણે બગાસુ ખાવા ગયો અને મોઢામાં સાકરનો ટુકડો કોઈ મૂકી દે તેવું થયું.

લગ્ન તો પિતાજીએ એક ગામડામાંથી આવતા પરિવારની દીકરી વિમળા સાથે કરાવી આપ્યા હતા અને જીવનની ગાડી પોતાની રીતે ચલાવવા માટે માર્ગ મોકળો થઈ ગયો. શરૂઆતમાં તો જૂના મુનિમ અને પિતાના અનુભવી મિત્રો એમના ધંધા સાથે જોડાયેલા હતા. તેથી કોઈ જ તકલીફ ન પડી. અનુભવ દ્વારા જીવનનું ઘડતર થતું ગયું.

જીવનની રફતાર આગળ વધતાં ત્રણ બાળકોના પિતા બન્યા. બે દીકરીઓ અને એક દીકરાએ જીવનબાગને મહેકતો કરી નાખ્યો. બાળકોના જન્મ પછી પત્ની વિમળાનું શરીર સ્થૂળ, થોડું બેડોળ અને નીચું કદ હોવાને કારણે તેમજ દિવસ-રાત બાળકો અને ઘરની સારસંભાળમાં સમય પસાર થઇ જતો હોવાથી જોઈએ તેટલો સમય બંને પતિ-પત્ની સાથે વિતાવી શકતા નહોતા. એટલે બંને વચ્ચેનો વ્યવહાર જે થોડો ઘણો ચાલતો હતો તે પણ તદ્દન ના ની બરાબર થઈ ગયો.

ભગવાનનું કરવું, તે તેમના જીવનમાં એક કરુણ બનાવ બન્યો કે પુત્ર કરણને ઓચિંતાને તાવ આવ્યો. ગમે તે કારણે દવાનું રિએક્શન આવ્યું કે નસીબે પલટો ખાધો. પુત્ર કરણ પેરેલિસિસનો ભોગ બન્યો. પૂરું શરીર અપાહિજ થઈ ગયું. ૧૦ વર્ષના પુત્રના પથારીવશ થઈ જવાથી વિમળા અને વિક્રમના જીવનમાં આંધી આવી ગઈ અને બંને જણા પોતપોતાની રીતે દુ:ખી રહેવા લાગ્યા. બંને પતિ-પત્નીએ પથ્થર એટલા દેવ પૂજ્યા પરંતુ પરિસ્થિતિમાં કાંઈ જ ફરક ન પડવાને કારણે હતાશા તેમને ઘેરી વળી.

ધંધો તો સારા પાર્ટનર અને જૂના મુનિમને કારણે ખૂબ જ સારો ચાલતો હતો અને તેમાં જમીનોના ભાવમાં ઉછાળો આવતાં પૈસાની રેલમછેલ થઈ ગઇ અને તેને કારણે ઑફિસ બદલવાની ફરજ પડી. મોટી ઑફિસ અને મોટા પ્રમાણનું કામ હોવાને કારણે નવો સ્ટાફ પણ રાખવો પડ્યો. નવા સ્ટાફમાં જ્યોતિ નામની એક યુવતી પણ જોડાઈ. દેખાવમાં સુંદર, સ્વભાવની મીઠી અને થોડી નટખટ સ્વભાવની હોવાને કારણે થોડા સમયમાં જ તે વિક્રમના મનમાં વસી ગઈ. પ્રથમ તો કોઇને કોઈ કામના બહાને તે પોતાની કેબિનમાં બોલાવતો. તેની સાથે કેટલીક આત્મીયતા કેળવાતા જ્યોતિને પૂછ્યું કે તને શા માટે નોકરી કરવી પડે છે? જ્યોતિએ જણાવ્યું કે પોતે ગરીબ ઘરની દીકરી છે. પિતા ઉંમરલાયક થયા છે. ત્રણ બહેનો અને એક વિધવા ફઈબા ઘરે છે. તેથી પરિવારના ભરણપોષણનો ભાર એકલા પિતા ઉપાડી શકતા નથી. તેથી મારે ફરજિયાત નોકરી કરવી પડે તેમ છે. ગરીબ ઘરની હોવાથી લગ્ન માટે સમાજમાંથી કોઈપણ તૈયાર થતું ન હતું અને બીજું કારણ એ પણ બતાવતા હતા કે ભાઈ ન હોવાને કારણે તેનો બાપ જ્યારે કમાવવાનું બંધ કરે તો પૂરા પરિવારનો ભાર પરણનારના માથે આવી પડે. તેથી લગ્ન કરવાનો વિચાર પણ પડતો મૂકવો પડ્યો છે.

વિક્રમ પહેલેથી રંગીન સ્વભાવ ધરાવતો હતો અને તે પહેલેથી જ્યોતિ તરફ આકર્ષાયેલ હતો અને તેની પરિસ્થિતિ જાણ્યા પછી તો તેના મનનો મોરલો થનગનવા લાગ્યો. દિવસે-દિવસે મન હૃદય પર જ્યોતિએ એવો તો કબજો જમાવી લીધો કે વિક્રમ પોતાના પરિવાર તરફ બેધ્યાન બનતો ચાલ્યો અને એક દિવસ સાંજના સમયે જ્યોતિને તે પોતે તેના ઘર તરફ જાય છે તેવું જણાવી, રસ્તામાં પોતાની મર્સિડીઝ ગાડીમાં લિફ્ટ આપી. જ્યોતિને પોતાનો બોસ અને આટલો બધો પૈસાદાર માણસ લિફ્ટ માટે કહે છે તે સાંભળતા જ ખૂબ જ આનંદમાં આવી ગઈ. ગરીબ પરિવારની દીકરી હોવાને કારણે તેને આવી ગાડીમાં બેસવા મળે તે તો પોતાનું અહોભાગ્ય માનવા લાગી. કદી ન વિચાર્યું હોય તેવું અચાનક બને, ત્યારે કોઈપણ પોતાનું સાનભાન ગુમાવી બેસે. તેવું જ્યોતિ માટે બન્યું. તે આશ્ચર્ય સાથે સુખદ અનુભૂતિ અનુભવવા લાગી.

વિક્રમ જ્યોતિના બદલાતા હાવભાવ અને ચહેરાને અનિમેષ નયને જોઈ રહ્યો હતો. જ્યોતિની મનોદશાને વિક્રમ બરાબર પામી ગયો હતો અને તેથી તે જ વખતે વિક્રમે જ્યોતિ સામે પોતાના પ્રેમનો એકરાર કર્યો. જ્યોતિ માટે તો એક વધારે આશ્ચર્યની બાબત હતી. તે પોતાના પરનો કાબૂ ગુમાવી બેઠી. ગરજવાનને અક્કલ ન હોય તેવું થયું.

લગ્નની ઉંમર વિતી રહી હતી અને યોગ્ય મુરતિયો મળતો ન હોવાથી તે ભાવુક બની ગઈ અને વિક્રમ તરફ ઢળી ગઈ. ત્રણ બાળકોનો પિતા તેની આગળ આ શું વાત કરી રહ્યો છે તે વિચારવાની પોતાની શક્તિ ગુમાવી બેઠી. પોતાની ઉંમર અને વિક્રમની ઉંમરમાં ખાસ્સો ૩૦ વર્ષનો ફેર છે. તો તે પરણેલ પુરુષ તેને કયો હોદ્દો આપશે, તેનું પણ તેને ભાન ન રહ્યું. તેને ઉપપત્નીનો દરજ્જો મળશે તો પોતાના પરિવારની શી દશા થશે તે પણ ન વિચાર્યું. ફક્ત એક વિચાર તેને દબાણ કરવા લાગ્યો કે આવો પૈસાદાર માણસ મને સામેથી પ્રેમ કરે છે તો તે મને જરૂરથી પત્નીનો દરજ્જો આપશે અને હું તો સુખી થઈશ પરંતુ મારા પરિવારને પણ સુખી કરી શકીશ. વારંવાર તે બાબત તેના મનને દબાણ કરવા લાગી કે જે સમાજની તે રાહ જોઈ રહી છે તે તેને કેટલો સુખી કરી શકશે? એના કરતાં સામેથી આ ચાન્સ મળે છે તો મારે બીજું કશું જ વિચારવું નથી.

બંનેએ સાથે રહેવાનું ચાલું કરી દીધું. વિક્રમે એક સારા વિસ્તારમાં ફ્લેટ પણ લઈ આપ્યો અને ઘરનો તમામ સામાન પણ વસાવી લીધો. બંને જણ ખૂબ જ ખુશ હતા. જ્યોતિના વધુ પડતા આગ્રહને વશ થઈને મંદિરમાં ફૂલહાર પણ કરી દીધા. જ્યોતિ ઉંમરમાં ઘણી નાની હતી અને ઘરના દરેક કામ સ્ફુર્તિથી ચકલીની જેમ ફરતી રહીને કરતી હોવાથી વિક્રમ તેને ચકલી કહીને બોલાવતો હતો.

આ વાત જ્યારે વિમળાએ જાણી ત્યારે તેના ઉપર વીજળી તૂટી પડી હોય તેવું અનુભવ્યું. પરંતુ સમય અને સંજોગો બંને તેનાથી વિપરીત આવતા હોવાથી તેણે મૌન રહેવામાં જ શાણપણ માન્યું. વિક્રમનો મોટાભાગનો સમય જ્યોતિ સાથે પસાર થવા લાગ્યો. એક નિયમ વિક્રમે જાળવ્યો હતો કે રાત્રે ૧૧ વાગે કોઈપણ સંજોગોમાં ઘરે પહોંચી જવું અને વિમળાના હાથનું બનાવેલું ભોજન જમવું. આ નિયમ તે એટલો સચોટ રીતે નિભાવતો કે તેની ગાડીનું હોર્ન ૧૧ વાગે વાગે જ અને લોકો તેને જોઈને ઘડિયાળનો સમય મેળવે તો તે પરફેક્ટ જ હોય.

સમય વિતતો ગયો. સાત-આઠ વર્ષ પસાર થઈ ગયા. કેટલીયે વખત જ્યોતિ પ્રેગનન્ટ થઈ અને દર વખતે તેને ઍબોર્શન કરાવવું પડતું. તેનાથી તેનું શરીર ખૂબ જ નબળું પડી જતું હતું.

લગભગ શ્રાધ્ધના દિવસો આવી રહ્યા હતા. અને ફરીથી જ્યોતિને ઍબોર્શન માટે દાખલ થવું પડ્યું. આ વખતે તો જાણે આફત ઉતરી આવી હોય તેમ તે ખૂબ જ પરેશાન થઈ ગઈ. શરીર એટલી હદે નબળું પડી ગયું કે તેનાથી તેની માનસિક સ્થિતિ ખરાબ થઈ ગઈ. તે ઉદાસ રહેવા લાગી. એક કહેવત છે ને કે, ૧૦૦ સુવાવડો સારી પરંતુ એક કસુવાવડ નકામી. આ બાબત જ્યોતિ માટે બિલકુલ સાચી પડી. જ્યોતિ જેમ તેમ કરીને દિવસો પસાર કરતી હતી.

નવરાત્રિના દિવસો શરૂ થયા અને ગરબે રમવાની શોખીન જ્યોતિ ગરબે રમવા જવાનું ટાળતી. પરંતુ તેની સાથેના પડોશીઓ આગ્રહ કરીને તેને એક દિવસ જબરદસ્તી લઈ ગયા. વિક્રમ પણ તે વખતે હાજર હતો. રાતના ૧૧ વાગે વિક્રમ પોતાના જૂના ઘરે જવા માટે નીકળ્યો અને જ્યોતિને પોતાના ફ્લેટમાં જવા જણાવ્યું.

માનસિક રીતે થાકેલી અને હતાશ થયેલી જ્યોતિ, કેટલી આશા અને અરમાનો લઈને વિક્રમ પાસે આવેલી અને તેની લાઈફ કેવી બની ગઈ તે વિચારતા તે દુઃખી-દુઃખી થઈ ગઈ. વિક્રમ તેને મન ભરીને પૈસા અને સુખ સગવડ આપતો. તેને ફરવા લઈ જતો પરંતુ જ્યોતિને જે જોઈતું હતું તે મળતું ન હતું. તેને પત્નીનો દરજ્જો અને તેના બાળકની માતા બનવું હતું પરંતુ તેની આશા ઠગારી નીવડી અને ન ધારેલું જીવન જીવવું પડતું હતું.

જ્યોતિના ફ્લેટમાં સવારના છ વાગે દૂધવાળો દૂધ આપવા આવ્યો. બેલ મારતાં દરવાજો ન ખોલાતા તેણે બારીમાંથી બૂમ પાડવા બારીને ધક્કો માર્યો તો બારી ખૂલી ગઈ અને અંદરનું દૃશ્ય જોતાં તેનાથી ચીસ પડાઈ ગઈ. તેણે બાજુના ફ્લેટવાળાઓને જગાડ્યા અને જ્યોતિનો પંખામાં લટકતો દેહ બારીમાંથી બતાવ્યો. તુરત જ વિક્રમને ફોન કર્યો. વિક્રમ હાંફતો હાંફતો ત્યાં આવી પહોંચ્યો અને અંદરનું દૃશ્ય જોઈ ભાંગી પડ્યો. તેણે તુરત જ તેના વિશ્વાસુ મુનિમને બોલાવ્યા અને આ બાબતને ભીનુ સંકેલી લેવા માટે વાત કરી. પાડોશીઓને પણ આ વાત અહીં જ દબાવી દેવા માટે વિનંતી કરી. વિક્રમે તેના જૂના ઘર વિશે કોઈને કાંઈ જ માહિતી પહેલેથી જણાવી જ ન હતી. તેથી અન્ય કોઈ સગાને જાણ થશે તેવો કોઈ ડર ન હતો. જ્યોતિના માતા-પિતા અને બહેનોને જાણ કરી. તેઓ તુરત જ ત્યાં આવી ગયા. વિક્રમે પંખા પરથી જ્યોતિને પહેલેથી ઉતરાવી

*આ દુનિયાનો સૌથી વખણાયેલો અને સાથે સાથે સૌથી વધુ વગોવાયેલો શબ્દ પણ 'પ્રેમ' છે.*

લીધેલ અને જ્યોતિના માતા-પિતાને જણાવ્યું કે જ્યોતિની તબિયત રાત્રે અચાનક જ બગડી ગઈ હતી અને તેમાં તેને ઍટેકનો હુમલો આવતાં તે મૃત્યુ પામી છે. તેના માતા-પિતા બિચારા ગરીબ હતા અને દીકરીના વિક્રમ સાથેના અવિચારી પગલાથી પહેલેથી નારાજ હતા. બનેલી બીનાને સુધારી શકાય તેમ ન હોઈ, ભગવાનને ગમ્યું તે ખરું કહીને મન મનાવ્યું.

ખૂબ જ ખાનગી રીતે પાંચ જણાની હાજરીમાં એમ્બ્યુલન્સ દ્વારા જ્યોતિની લાશને સ્મશાને લઇ જઇને અગ્નિદાહ આપી દીધો અને વિક્રમ પોતાના જૂના ઘરે આવી પહોંચ્યો.

'કેમ તમારી નવીનો અંતિમ સંસ્કારી કરીને આવી ગયા?' દરવાજે ઊભેલી વિમળાએ વિક્રમને ઘરમાં પ્રવેશે તે પહેલા જ પ્રશ્ન પૂછી નાખ્યો. વિક્રમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ કારણકે જ્યોતિ મરી ગઈ છે તે વાત કોઇને જણાવી ન હતી, તો વિમળાને ક્યાંથી ખબર પડી ગઈ? તેણે ખૂબ જ ગભરાટ અને વિસ્મય સાથે પૂછ્યું કે, 'તને કેમ ખબર પડી? કોણે કહ્યું?'

સવારના પહોરમાં જ તમે ગયા ને તરત જ જ્યોતિ આવેલી અને મને જોતાવેંત બોલી કે મોટી બહેન, હું તો તમને કહેવા આવી છું કે હું તો મરી ગઈ છું. મેં તમને પરોક્ષ રીતે ખૂબ જ દુઃખી કર્યા છે પરંતુ હવે હું તમને સુખી કરવા આવી છું. તમને તમારો પતિ પાછો આપવા આવી છું. આ સાંભળીને મને પણ આઘાત થયેલો. શું બોલું તે મારી સમજમાં નહોતું બેસતું. પરંતુ તેણે જે કાંઈ કહ્યું તે તમને જણાવવાની મારી ફરજ છે. તેથી તેણે શું કહ્યું તે કહું છું. વધુમાં જણાવ્યું કે તે હવેથી અહીં જ રહેશે, મારા કામમાં મદદરૂપ થશે અને મને થયેલ અન્યાયનો તે બદલો વાળવા જ અહીં રહેશે. તેણે વધુમાં જણાવ્યું છે કે તે બધાને દેખાશે પરંતુ તમને નહીં દેખાય તેવું જણાવ્યું છે. વિક્રમ શું બોલવું તે જ વિચારી શકતો ન હતો. જ્યોતિના અપમૃત્યુનો આઘાત તો હતો જ, હતપ્રભ થઈ ગયેલો હતો. વિમળાના ઓચિંતાના આ શાબ્દિક હુમલાથી તે અવાચક થઈ ગયો અને તેમાં જ્યોતિ આવી અને વિમળાને બધું જણાવીને અહીં જ રહેવાની છે — આ સાંભળીને વિક્રમની દશા કફોડી થઈ ગઈ.

વિક્રમનું મન કોઈપણ રીતે માનવા તૈયાર ન હતું કે જ્યોતિનો આત્મા આવી રીતે આવે અને વાત કરે. બીજા દિવસે જ વિમળાએ જણાવ્યું કે આજે ઘરની સારી સફાઇ અને રસોઇ જ્યોતિએ કરી છે. મને કોઈ જ કામને અડવા નથી દીધી. આ હકીકત માનવા માટે વિક્રમનું મન તૈયાર ન હતું. વિમળા વધુ કાંઈ ન બોલતા ચૂપ રહી.

બે દિવસ પછી વિક્રમ ઑફિસેથી ઘરે આવ્યો ત્યારે વિમળાએ જણાવ્યું કે, તમોને આજે ઘણી સારી આવક થઈ છે અને રૂપિયા પાંચ લાખ તમારી ઑફિસની પાછળની તિજોરીના ડાબી બાજુના વચ્ચેના ખાનામાં મૂક્યા છે. ત્યારે તમારી કેબિનમાં કોઈ જ ન હતું, બરાબરને?

વિક્રમ કાંઈ પૂછે તે પહેલા જ વિમળા બોલી ઉઠી કે જ્યોતિ આવીને મને બધું કહી ગઈ છે. વાત પણ બિલકુલ સાચી હતી કે તેની આ પાંચ લાખ વાળી વાત, પૈસા ક્યાં મૂક્યા હતા તે હકીકત તે એકલો જ જાણતો હતો. તેની બુધ્ધિ બહેર મારી ગઈ. વળી થોડા દિવસો પછી તેની બંને દીકરીઓએ જણાવ્યું કે, પપ્પા માસી (જ્યોતિ) અહીં રહે છે અને અમને જે જોઈએ તે બનાવી આપે છે અને લાવી આપે છે. અમને ખૂબ લાડ પણ કરે છે.

વિમળા તો આવી વાતો કરતી હતી પરંતુ આ તો તેની બાર વર્ષની અને નવ વર્ષની બંને દીકરીઓ વાત કરતી હતી. તેના મન ઉપર આ બાબતો હથોડાની જેમ ઠોકાવા લાગી. ચાર મહિના પછી જ્યોતિની તિથિ આવતી હોવાથી વિમળાને વિક્રમે જણાવ્યું કે થોડી વિધિ કરીને તેની પાછળ થોડું દાન કરીએ અને બધાને જમાડીએ. વિમળાએ ના પાડી અને જણાવ્યું કે જ્યોતિ અહીંથી જવા નથી માંગતી. એટલે તેના આત્માની શાંતિ માટે કાંઈ જ કરવાની જરૂર નથી. છતાં પણ વિક્રમની ઈચ્છા મુજબ વિધિ કરવામાં આવી. કાર્ય સંપન્ન થયા પછી લાડુનો પ્રસાદ બધાને વહેંચવા લાગ્યા. તો જેણે જેણે લાડુ ભાંગ્યા, તો તે તમામ અંદરથી કાળા નીકળવા લાગ્યા. મેં તમને નહોતું કહ્યું કે જ્યોતિએ ના પાડી છે, છતાં પણ તમે આ કર્યું, તો પરિણામ ભોગવ્યું. તે નથી જવા માંગતી તો તમે શા માટે જબરદસ્તી કરો છો? તેના રહેવાથી મને કોઈ જ તકલીફ નથી. તમે પણ દુઃખી થવાનું છોડી દો. આ બનાવ પછી વિક્રમ વિમળા પર થોડો ગુસ્સે થયો અને વાતે વાતે તેને ઉતારી પાડવા લાગ્યો.

એક દિવસ બન્યું એવું કે વિક્રમની પડોશમાં રહેતું એક દંપતી તેમને મળવા આવ્યું અને વિક્રમને જણાવ્યું કે, વિક્રમભાઈ અમે તો ખૂબ ડરી ગયા છીએ તેથી તમને મળવા આવ્યા છીએ.

'શું થયું?' વિક્રમે પૂછ્યું.

'અરે વિક્રમભાઈ તમને શું વાત કરીએ? અમે રાત્રે પિક્ચર જોઇને આવ્યા ત્યારે તમારા ઘરની બારીમાંથી એક સ્ત્રીને બહાર જતા જોઈ અને આગળ જોઈએ તે પહેલાં અદશ્ય થઈ ગઈ. અમે તો એટલા ડરી ગયેલા કે આવું તો બની શકતું હશે?'

*પ્રેમની પરીક્ષા લેવી નહીં, પરંતુ આપણે આપવા સદાય તત્પર રહેવું.*

વિક્રમે આ સાંભળ્યું અને તેના હાથપગ ઢીલા પડી ગયા. તેની વિચારવાની શક્તિ જ જાણે હણાઈ ગઈ હતી. વધારે આશ્ચર્યની બાબતો તો ત્યારે બની કે એક દિવસ વિક્રમને વિમળા કહે છે તે સાચું છે તે જાણવા માટે ૧૦ નોટો સો સો રૂપિયાની જુદા જુદા નંબરવાળી તેણે તિજોરીમાં મૂકી દીધી અને વિમળાને જણાવ્યું કે તને ઓફિસમાં હું શું કરું છું, કોણ મળવા આવે છે, ક્યાં જાઉં છું તેની બધી જ માહિતી મને તું રોજ જણાવે છે અને કહે છે કે જ્યોતિ જણાવી ગઈ. તો હવે જણાવ કે મેં તિજોરીમાં કેટલી નોટો, કેટલા રૂપિયાવાળી, કયા નંબરની મૂકી છે તે જણાવ તો જ હું માનું કે તને જ્યોતિ કહે છે તે વાત સાચી છે. વિમળાએ દસ મિનિટનો સમય માંગ્યો. દસ જ મિનિટ પછી વિમળા આવી અને જણાવ્યું કે સો સો ની ૧૦ નોટો છે અને આ સીરિઝ અને નંબરવાળી નોટો છે. હું કહું છું તે સાચું છે કે નહીં?

વિક્રમે પોતે નંબરો નોંધી રાખ્યા હતા તે, અને વિમળાએ આપેલ નંબરો સાથે મેળવતાં ખબર પડી કે વિમળાએ આપેલ નંબર બિલકુલ સાચા હતા. તે વિમળા આગળ નમી પડ્યો. વિમળાએ પણ તકનો લાભ લઈને જણાવ્યું કે તો હું કહું તેમ હવેથી તમે કરશો તો જ જ્યોતિ ખુશ રહેશે અને તમે પણ ખુશ રહી શકશો.

વિક્રમ વિમળા આગળ ગાય બની ગયો. તેનો પડ્યો બોલ ઉઠાવવા લાગ્યો. એક દિવસ વિમળાએ જણાવ્યું કે, આજે જ્યોતિ મને કહી ગઈ છે કે તે હવેથી મારા શરીરમાં રહેશે. તે ઇચ્છે છે કે તમે રાત્રે એના પગ દબાવી આપો અને એની સાથે પતિ તરીકેની ફરજો પૂરી કરો.

વિક્રમની બુધ્ધિ કંઈ જ વિચારી શકતી ન હતી. તે વિમળા જેમ કહે તેમ કરવા લાગ્યો. એક દિવસ એવું બન્યું કે તે બાઇક પર બહારથી આવી રહ્યો હતો. ત્યારે શાકવાળો જે સોસાયટીના નાકે જ બેસતો હતો તેણે જણાવ્યું કે વિક્રમભાઈ નવા ભાભી શાક લઈ ગયા છે અને જણાવ્યું છે કે તમારી પાસેથી પૈસા લઇ લેવા. વિક્રમે તેને પૂછ્યું કે તને કેવી રીતે ખબર પડી કે તે મારી પત્ની છે? તેણે કહ્યું કે એક સ્ત્રી આવેલી અને મને કહ્યું કે તે વિક્રમભાઈની બીજી પત્ની છે અને આ શાકના પૈસા તેઓ આપી દેશે. તેથી મેં તમારી પાસે માંગ્યા છે. હું તમને વરસોથી ઓળખું છું પરંતુ તમે બીજા લગ્ન કર્યા, તે ખબર ન હતી. વિક્રમે વધારે ચર્ચા ન કરતાં પૈસા ચૂકવી દીધા.

ઘરે આવીને ચૂપચાપ સોફામાં બેસી પડ્યો. વિમળાએ પૂછ્યું, કેમ જ્યોતિએ વળી કાંઈ નવું કાંડ કર્યું છે? વિક્રમે તેનો કોઈ જવાબ ન આપ્યો. ફરીથી ચાર દિવસ પછી એક બીના એવી બની કે વિક્રમ ગાડી લઈને બહારથી આવ્યો ત્યારે ધોબીએ તેને રોકીને કપડાનું પોટલું આપતા જણાવ્યું કે, નવા ભાભી આ કપડાં આપી ગયેલા અને જણાવ્યું કે તમે અહીંથી પસાર થાવ ત્યારે તમને કપડાં આપી દેવા. તને પણ ખબર પડી ગઈ કે? વિક્રમ વધુ વાર ત્યાં ઊભો ન રહી શક્યો. ઝડપથી કપડા લઈ ઘરે આવી ગયો.

દરરોજની આવી બીનાઓને કારણે વિક્રમ ખૂબ જ ચિંતામાં અને ઉદાસ રહેવા લાગ્યો. તેને પોતાની પ્રતિષ્ઠાનો વિચાર આવવા લાગ્યો. હવે તે વિમળાને ખુશ રાખીને જ્યોતિને ખુશ રાખવા માંગતો હતો અને દિવસે દિવસે તે વિમળાના દરેક કાર્યમાં રસ લેવા લાગ્યો. તેના દ્વારા તે મન-હૃદયથી જ્યોતિનું કામ કરવા માંગતો હતો અને તેણે સંકલ્પ કર્યો કે, જ્યોતિના આત્માને જો શાંતિ મળતી હશે તો હવેથી હું મારી વિમળા તરફની તમામ ફરજો પૂરી કરીશ.

વિક્રમના વાણી, વર્તન, વ્યવહાર બધું જ સુધરી ગયું પરંતુ વિક્રમનું મન જ્યોતિને ના ભૂલી શક્યું. એક દિવસ વિક્રમ ઘરે ન હતો અને મુનિમ ઘરે આવ્યા. 'વિમળા બેટા કેમ છો, બધું કેમ ચાલે છે?'

વિમળા એટલું જ બોલી શકી કે "ચકલી ઉડી ગઈ..." તમારો ખૂબ ખૂબ આભાર મુનિમ કાકા. તમારા માર્ગદર્શન મુજબ આપણો પ્લાન સફળ થયો. ■

***આંખો બંધ કરવાથી મુસીબત જતી નથી અને મુસીબત આવ્યા વિના આંખ ઊઘડતી નથી.***

## "પ્રેમની સાર્થકતા સમર્પણમાં"

**(અનુ. : પાના નં.-૧૩ ઉપરથી ચાલુ)**

એ આજની વાત નથી. આ દેશમાં વર્ષોથી થતા આવ્યા છે. પ્રેમ કર્યો છે, તો એ પરિવારના દરેક સભ્યો સાથે સ્નેહપૂર્ણ વર્તણુંક, વ્યવહાર હોય તો જ પ્રેમની સાર્થકતા ગણી શકાય. આજે પ્રેમલગ્ન થાય છે. સ્વાભાવિક છે કે ઘણું બધું બદલાયું છે, તેમ પ્રેમલગ્નની વ્યાખ્યા પણ જાણે કે બદલાઇ છે. સ્ત્રી પાત્રને માત્ર પ્રેમી જ જોઈએ છે, તેનો પરિવાર નહીં. (અલબત્ત, બધાને આ બાબત લાગુ ના પડે.) માત્ર બે જ વ્યક્તિ હોય ત્યાં સંવાદને બદલે વિખવાદ ઘણો થતો રહ્યો છે. બંનેને એકબીજાના અવગુણો જ દેખાય છે. **બંને પક્ષે પૂરેપૂરી સમર્પણની ભાવના હોય ત્યાં જ સ્નેહની ગાંઠ વધુ મજબૂત બને છે.** લગ્ન એ બંધન નથી પણ સમાજને જોડતી અતૂટ કડી છે.

*૧૬, ધવલધારા, ભાનુશાલી નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯*

# તમારી કરિયર અને તમારી પર્સનાલિટીને વિશિષ્ટ ઘાટ આપતાં પુસ્તકો






## રમતગમતનું માર્ગદર્શન આપતાં પુસ્તકો

| | | |
|---|---|---|
| સાંઘિક રમતો | ડૉ. જી. ટી. સરવૈયા | 260 |
| એથ્લેટિક્સ-ખેલકૂદ | ડૉ. જી. ટી. સરવૈયા | 200 |
| ખલુ રમત સાધનમ્ | યોગેન્દ્ર પટેલ | 200 |
| રમત-વિકાસનું બીજ | યોગેન્દ્ર પટેલ | 240 |
| ચેસ શીખીએ રમતાં રમતાં | મયૂર પટેલ | 140 |
| ચેસની રસપ્રદ વાતો | મયૂર પટેલ | 100 |
| ગાતાં ગાતાં શતરંજ શીખો | સુભાષ ઠાકર | 40 |
| ચાલો, ક્રિકેટની કોમેન્ટ્રી માણીએ ! | ભરત ના. ભટ્ટ | 35 |
| રાષ્ટ્રીય સેવાયોજના (N.S.S.) સિદ્ધાંત અને વ્યવહાર | ધવલ પટેલ | 100 |
| ગુજરાતમાં સ્કાઉટગાઇડ કાર્યક્રમ | ધવલ પટેલ | 100 |
| ભારતરત્ન સચીન તેંડુલકર (જીવનચરિત્ર) | જગદીશ શાહ | 300 |
| ભારતના ટેસ્ટક્રિકેટ સિતારાઓ | જગદીશ બિનીવાલે | 150 |
| ગુજરાતનાં ખેલ-રત્નો [વિવિધ રમતોના યશસ્વી ખેલાડીઓ] | જગદીશ બિનીવાલે | 200 |
| આપણી પ્રચલિત બાળરમતો | જી.ટી. સરવૈયા, કે.આર. ગોહિલ | 170 |







## સંગીત અને ચિત્રકલા વિષયક પુસ્તકો




| | | |
|---|---|---|
| સંગીતશાસ્ત્ર | હસુ યાજ્ઞિક | 250 |
| શાસ્ત્રીય રાગદર્શન | હસુ યાજ્ઞિક | 350 |
| સંગીત વિશે | હસુ યાજ્ઞિક | 180 |
| કેશિયો ઓર્ગનવાદન | હસુ યાજ્ઞિક | 130 |
| અભિનવ ગિટારવાદન | હસુ યાજ્ઞિક | 150 |
| તાલવાદ્ય | હસુ યાજ્ઞિક | 120 |
| વાયોલિનવાદન | હસુ યાજ્ઞિક | 225 |
| બંસરીવાદન | હસુ યાજ્ઞિક | 280 |
| હાર્મોનિયમ વાદન | હસુ યાજ્ઞિક | 260 |
| ગુજરાતનાં સંગીતકારરત્નો | હસુ યાજ્ઞિક | 100 |
| સિતારવાદન | શશિકાંત ગુંદાણી | 200 |

## કારકિર્દી માટે ઉપયોગી અને માર્ગદર્શક પુસ્તકો

| | | |
|---|---|---|
| અસરકારક અભ્યાસ કેમ થાય ? | રજનીકાન્ત પટેલ | 90 |
| અસરકારક વક્તા કેમ થવાય ? | રજનીકાન્ત પટેલ | 135 |
| કારકિર્દી અને વ્યક્તિત્વ આંખો અને પાંખો | ગિરીશ બ્રહ્મભટ્ટ | 110 |
| 78 Solved Papers GPSC & SPIPA | Hiren Dave | 350 |
| સામાન્યજ્ઞાન | હીરેન્દ્ર દવે | 375 |
| જનરલ નોલેજ | બંસીધર શુક્લ | 300 |
| ગુજરાતી વ્યાકરણ | જિજ્ઞેશ ઠક્કર | 145 |
| સંપૂર્ણ ગુજરાતી વ્યાકરણ | ડૉ. ગંગારામ મકવાણા | 320 |
| જ્ઞાનસંહિતા (પુરસ્કૃત) | બંસીધર શુક્લ | 800 |
| નોલેજ-ગાર્ડન | હેમેન ભટ્ટ | 150 |
| UPSC/GPSC વગેરે પરીક્ષામાં ઉપયોગી પુસ્તકો | | |
| ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ | રજની વ્યાસ | 1000 |
| ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ | રજની વ્યાસ | 1200 |
| મારી હકીકત (નર્મદ) | સંપા. ધીરુભાઈ ઠાકર | 220 |
| અર્વાચીન ગુજ. સાહિત્યની વિકાસરેખા (ભાગ 1થી 5) | ધીરુભાઈ ઠાકર | 1250 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15

ફોન : 26934340, મો. 9825268759 ઇમેલ : gurjarprakashan@gmail.com

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## આધારસ્થંભોની અભિવંદના : મણકો-૪

*- અશોક મહેતા*

### શ્રી ભરત વસંતરાય ઓઝા



હસમુખો ચહેરો. ગોરો વાન. પર્સનાલિટી સારી પડે. લોકોને તેમની સાથે વાતો કરવી ગમે. વાતો કરવાની પોતાની બે પ્રકૃતિ : (૧) સામાન્યપણે હસી-મજાકની વાતો કરે. આ પ્રકારની વાતોમાં બીજાને બોલવાનો નંબર જ ન લાગે. પોતે ટુચકા પર ટુચકા રજૂ કરે. વાતાવરણને હળવું ફુલ બનાવી દે. (૨) ગંભીર વાતો હોય તો મોટાભાગે મૌન બની જાય. જરૂર પૂરતું જ બોલે. વિચારીને જ ખપ પૂરતા શબ્દો ઉચ્ચારે... તેમની સાથે વાતો કરવાથી ક્યારે પણ ટેન્શન ઊભું ના થાય. સવિશેષ તો શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સ્વ. શ્રી હીરજી પાસુ શાહ પછીના બીજા નંબરના એમ્બેસેડર. મળતાવડો સ્વભાવ હોવાના કારણે જ્યાં જાય ત્યાં સમાજની સારી સુવાસ ફેલાવે. તેમના થકી અનેક લોકો સમાજ સાથે જોડાયેલા રહે. સમાજમાં નાના બાળકોનો કાર્યક્રમ હોય તો તેમના થકી અનેક બાળકો આ કાર્યક્રમમાં ભાગ લે. સ્પોર્ટસનો કાર્યક્રમ હોય તો તરત અલગ અલગ ટીમો બનાવી લે. સાંસ્કૃતિક કાર્યક્રમ હોય તો મહિલા, યુવતીઓ અને યુવકોને એકત્રિત કરી શકે. યુથ ક્લબ સ્થપાય તેટલું ઝુંડ પણ ભેગું કરી શકે.

આ પ્રકારના ગુણો જેમને કુદરતે બક્ષેલ છે તેવા શ્રી ભરત વસંતરાય ઓઝા કે જેઓ ટૂંકમાં "ભરત ઓઝા" તરીકે ઓળખાય છે, તે છે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની આજની કથાના મૂળ નાયક.

તેઓએ વર્ષ ૧૯૯૯-૨૦૦૦થી શ્રી કચ્છી સમાજ - અમદાવાદની મીટિંગમાં તે સમયના સમાજના મંત્રી શ્રી પ્રેમજીભાઈ જેઠાભાઈ પટેલ સાથે આવવાની શરૂઆત કરી. તેઓએ વર્ષ ૨૦૦૦-૨૦૦૧ અને ૨૦૦૧-૨૦૦૨માં યુવા કાર્યકર તરીકે સમાજમાં સહમંત્રી પદનો હોદ્દો સંભાળ્યો. વર્ષ ૨૦૦૨-૨૦૦૩થી સતત ૫ વર્ષ સુધી એટલે કે વર્ષ ૨૦૦૬-૨૦૦૭ સુધી મંત્રીપદે રહ્યા. વર્ષ ૨૦૧૨થી સતત ત્રણ વર્ષ સુધી કચ્છશ્રુતિનું તંત્રીપદ સંભાળ્યું. વર્ષ ૨૦૧૪-૨૦૧૫થી ફરી બે વર્ષ માટે સમાજના મંત્રી પદે રહ્યા. હાલે તેઓશ્રી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ અને ટ્રસ્ટીપદના હોદ્દા પર બિરાજમાન છે. આ રીતે તેઓશ્રી સમાજમાં વિવિધ હોદ્દાઓ સંભાળી ભાતીગળ કામગીરીની જવાબદારી અદા કરી રહ્યા છે.

તેમના સમયગાળામાં કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજ નિમિત્તે કચ્છી મેળાનું સંસ્કાર કેન્દ્ર - પાલડી ખાતે ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, પ્રધાન મંડળના એ વખતના કચ્છી મંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, પ્રધાન મંડળના અન્ય મંત્રીશ્રીઓ, ગુજરાત વિધાનસભાના તત્કાલીન સ્પીકર સ્વ. ધીરુભાઈ શાહ વગેરે પધારેલ હતા.

અગાઉના સમયગાળામાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદે સુમેરૂ કોમ્પ્લેક્સ - પાલડી ખાતે અંદાજિત ૪૦૦૦ ચો.ફૂટનું બેઝમેન્ટ ખરીદી લીધેલ હતું અને તેના ઉદ્‌ઘાટનના કાર્યક્રમના સમયે અંદાજિત રૂા. ૧૬ લાખની રકમ જેટલા વિવિધ ડોનેશનો મેળવેલ હતા. આ બેઝમેન્ટના સ્થળે જરૂરી શેડ બાંધી, ખુલ્લી જગ્યા કવર કરવા જતાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને તેના પર સીલ લગાવી દીધેલ હતા. આ પ્રશ્નને હલ કરવો એ ખૂબ જ કઠિન કાર્ય હતું. શ્રી ભરતભાઈ ઓઝાએ તેમના સમયમાં આ પ્રશ્નને હલ કરવા મ્યુનિસિપાલિટીના અનેક અધિકારીશ્રીઓને વિવિધ બાંહેધરી આપી આ સીલ કઢાવડાવ્યા. ત્યારબાદ સમાજ આ જગ્યાનો યોગ્ય ઉપયોગ કરી શકે તેવી પરિસ્થિતિ ના રહેતા, સમાજની અનેક વ્યક્તિઓને સમજાવી, આ બેઝમેન્ટના વેચાણની પ્રક્રિયા હાથ પર લીધી અને ત્યારબાદના ૨-૩ વર્ષના ગાળામાં તેનું વેચાણ કરી સમાજની રોકાયેલ એમાઉન્ટને છૂટા કરાવવાની જવાબદારી સફળતાપૂર્વક પાર પાડી. શ્રી ભરતભાઈએ સમાજ માટે જે કોઈ સેવાના કાર્યો કર્યા તેમાં આ કાર્ય શિરમોરસમું બની રહ્યું.

એ દરમિયાન સમાજ પાસે કાર્યાલય માટે જગ્યા ન હોતાં શ્રી પ્રેમજીભાઈ પટેલની વસ્ત્રાપુર ખાતેની ઑફિસ સમાજને વિનામૂલ્યે કાર્યાલય માટે અપાવેલ હતી. એકાદ વર્ષ બાદ સમાજના અન્ય અગ્રણી કાર્યકર શ્રી કરશનભાઈ નારાણભાઈ પટેલની પરીસીમા કોમ્પ્લેક્સ, સી.જી. રોડ ખાતેની ઑફિસ વિનામૂલ્યે સમાજનું કાર્યાલય કરવા અપાવેલ હતી.

ત્યારબાદ સુમેરૂ કોમ્પ્લેક્સની જગ્યાનું વેચાણ થતા એ રકમમાંથી સ્પાન ટ્રેડ સેન્ટર, આશ્રમ રોડ, પાલડી ખાતે સમાજ માટે ઑફિસ ખરીદી સમાજનું કાર્યાલય ત્યાં શીફ્ટ કર્યું કે જ્યાંથી આજ દિવસ સુધી સમાજનો વહીવટ ચાલી રહેલ છે.

તેઓશ્રીના મંત્રી તરીકેના કાર્યકાળમાં કચ્છી મેળાનું આયોજન, બાળકો માટે ડ્રોઈંગ વર્કશોપ તથા ડ્રોઈંગ કોમ્પિટિશન, વિનોદ ગણાત્રાની કચ્છી ડોક્યુમેન્ટરી ફિલ્મ 'હેડાહૂડા'નો શો, કચ્છના લોક પ્રતિનિધિઓના સન્માન, પંડિત શ્યામજી કૃષ્ણવર્માના અસ્થિ જ્યારે ભારતમાં લવાયા ત્યારે અમદાવાદ ખાતે વિરાંજલિ યાત્રાનું સરકારશ્રીના અધિકારીઓ સાથે રહી આયોજન, કચ્છ પ્રવાસ, નર્મદા ડેમની મુલાકાત, સમાજના કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ, કચ્છી યુથ ફોરમની રચના તથા બ્લડ ડોનેશનો જેવા કાર્યક્રમો મુખ્યત્વે કરવામાં આવેલ હતા. ફંડ રેઈઝિંગ પ્રોગ્રામ માટે પ્રશાંત ભીમાણીનો હિપ્નોટિઝમનો શો ટાઉન હોલ ખાતે યોજવામાં આવેલ હતો કે જ્યારે ટાઉન હોલ ઓડિયન્સથી સંપૂર્ણપણે ભરાઈ ગયેલ હતો. કચ્છશ્રુતિનો અષાઢી બીજ વિશેષાંક શ્રી હંસરાજભાઈ કંસારાના તંત્રીપણા હેઠળ બહાર પાડવામાં આવેલ હતો. નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલના પ્રશ્ને તથા સૉ મિલના પ્રશ્ને મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મંત્રીશ્રીઓ સાથે ગાંધીનગરમાં રજૂઆત પણ કરવામાં આવેલ હતી.

વર્ષ ૨૦૧૫માં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વિવિધ પરિવારોની નામ-સરનામા-ટેલિફોન ડિરેક્ટરી બહાર પાડવાનું નક્કી કરવામાં આવેલ હતું. લગભગ બે વર્ષની મહેનત બાદ અંદાજિત ૩૨૦૦ ફોર્મ એકત્રિત કરવામાં આવેલ હતા અને એ ૩૨૦૦ નામની ડિરેક્ટરીની ડમી કોપી પણ તૈયાર કરવામાં આવેલ હતી કે જેમાં શ્રી ભરતભાઈની કાર્યવાહી મુખ્યત્વે રહેવા પામેલ હતી. પછી કોઈ કારણસર ટ્રસ્ટ મંડળના નિર્ણય અનુસાર એ ડિરેક્ટરી પ્રકાશિત થઈ શકેલ ન હતી. પરંતુ એ ૩૨૦૦ પરિવારની વિગત આજે પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસમાં જળવાઈ રહેવા પામી છે.

શ્રી ભરતભાઈ ઓઝાનો જન્મ માંડવી ખાતે થયેલ હતો. તેમના પ્રાથમિક શાળાના અભ્યાસથી કૉલેજના ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ ભુજ ખાતે થયેલ હતો. તેમની વૃત્તિ નાટ્ય પ્રવૃત્તિ જેવી સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રત્યેની હોવાથી તેમણે બી.એ. સાઈકોલોજીના વિષય સાથે કરેલ હતું.

ભુજના પ્રોગ્રેસિવ ગ્રૂપ સાથે જોડાઈ તેમણે નાટ્ય ક્ષેત્રે પ્રવેશ કર્યો. ભુજના નામાંકિત કલાકાર તેમજ દિગ્દર્શક સ્વ. પીયૂષભાઈ શુક્લના દિગ્દર્શન હેઠળ અનેક એકાંકી તેમજ ત્રિઅંકી નાટકોમાં ઉત્તમ કલાકાર તરીકે કામ કર્યું. ત્યારબાદ એકેડેમિ માન્યતા પ્રાપ્ત ભુજની "સાંનિધ્ય" સંસ્થા સાથે જોડાઈને ઘણા બધા નાટકોમાં કલાકાર તરીકે કામ કર્યું અને એક ઉત્કૃષ્ટ કલાકાર તરીકે નામના મેળવી. એમણે ભજવેલા નાટકોમાં પરણ વા (વિનોદ જાની), વકીલ સાહેબ વિફર્યા (દામુ સાંઘાણી), ઘરનો દીવો (પ્રાગજી ડોસા), છતમાં છકી ગયા (દામુ સાંઘાણી), ચગડોળ (મૂળરાજ રાજડા), પ્રણય અને પોલીસ ચોકી (તારક મહેતા), સંતુ રંગીલી (મધુ રાય) તથા કચ્છી નાટક ક્રાંતિ જી જ્યોત (ઠાકરશી કંસારા) મુખ્યત્વે હતા અને તે દરેકના અનેક શો ભજવવામાં આવેલ હતા. ભુજ ઉપરાંત મધ્ય પ્રદેશના જબલપુર, સતના, સાગર તેમજ નાગપુર મુકામે ત્રિ-દિવસીય

*પારકાને પોતાના કરવા એ નહીં પરંતુ પોતાના છે એને વહાલા કરવા એ જીવનક્ષેત્રે મોટામાં મોટો પડકાર છે.*

નાટ્ય સમારોહના આયોજનો કોલેજકાળ દરમિયાન કરેલ હતા. સાથે સાથે એમ. એસ. યુનિવર્સિટી - વડોદરાના દિગ્ગજ નાટ્યગુરુ એવા સ્વ. માર્કંડ ભટ્ટના નાટ્ય વર્કશોપના આયોજનો પણ કરેલ હતા. ચિત્રલેખાના તંત્રી સ્વ. હરકિશન મહેતા તથા સ્વ. તારક મહેતાના પાંચ દિવસના ભુજ ખાતેના કાર્યક્રમોનું આયોજન પણ કરેલ હતું.

કૉલેજકાળ દરમિયાન ભુજ તાલુકા પંચાયતમાં કેશિયર તરીકેની હંગામી નિમણૂંક મળતાં ભુજ તાલુકાના લગભગ ૧૫૦ ગામની મુલાકાત લઈ તે અંગેનો કાર્યભાર સંભાળેલ હતો.

૧૯૮૭ની સાલમાં અમદાવાદ ખાતે ભારતીય જીવન વિમા નિગમમાં વિકાસ અધિકારી તરીકે નિમણુંક થતાં તેઓ અમદાવાદ આવ્યા અને ત્યારબાદ તેમણે અમદાવાદને કર્મભૂમિ બનાવી, તેઓશ્રી અહીં જ ઠરીઠામ થયા. વર્ષ ૧૯૯૨માં તત્કાલીન અંજાર વિભાગના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના કાયદા મંત્રી શ્રી નવીનભાઈ શાસ્ત્રીની સુપુત્રી અલકા સાથે લગ્નગ્રંથિથી જોડાયા. લગ્ન જીવનથી તેમને બે સુપુત્રો પૂજન અને ધૈરવ પ્રાપ્ત થયા. મોટો દીકરો પૂજન હાલે યુ.એસ.એ.ની જહોન હોપકિન્સ યુનિવર્સિટી - બાલ્ટીમોર ખાતે એન્જિનિયરિંગ ક્ષેત્રે પીએચ.ડી.નો અભ્યાસ કરી રહેલ છે, જ્યારે નાનો પુત્ર ધૈરવ બી.કોમ. ક્ષેત્રે અભ્યાસ કરી રહેલ છે. તેને ક્રિકેટ ક્ષેત્રે રૂચિ હોવાથી તે એક સારો ક્રિકેટર બની જવા પામેલ છે અને સ્ટેટ લેવલે તેમજ ગુજરાત યુનિવર્સિટીની ક્રિકેટ ટીમમાંથી પણ રમી રહ્યો છે. તેની હાલે લીગ મેચમાં વરણી થતાં તે સાઉથ આફ્રિકા ખાતે ત્રણ મહિના માટે ક્રિકેટ રમવા જઈ રહ્યો છે.

આ રીતે શ્રી ભરત ઓઝા તથા તેમના પરિવારના સભ્યો શૈક્ષણિક, સાંસ્કૃતિક, કલા તેમજ રમતગમત ક્ષેત્રે ખૂબ જ સારો વિકાસ સાધી રહેલ છે. તેમના પરિવારની સંસ્કાર પ્રક્રિયા માટે એક કચ્છી તરીકે જરૂરથી ગૌરવ લઈ શકાય.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના એમ્બેસેડર સમા શ્રી ભરત ઓઝાની આ છે જીવન કથની. તેમના જેવા કાર્યકર થકી શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સવિશેષપણે ગર્વની લાગણી અનુભવે છે. ■

## વેપાર યુદ્ધ : અમંગળના એંધાણ

અમેરિકા અને ચીન વચ્ચે શરૂ થયેલું વેપાર યુદ્ધ (ટ્રેડ વોર) ક્યાં જઈને પહોંચશે એ કહેવું અત્યારે મુશ્કેલ છે અને દુનિયા આખીનું ધ્યાન એના પર છે અને ભારત માટે પણ આ યુદ્ધ શું લાભાલાભ આપી શકે છે એ મહત્ત્વનું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એના વિચિત્ર નિર્ણયો લેવા અને એને મજબૂતીથી વળગી રહેવા માટે જાણીતા છે. ઉત્તર કોરિયા સાથે અમેરિકાને ઝઘડો ચાલે છે. ઈરાન પર પ્રતિબંધ મૂક્યાં અને ભારત સહિતના દેશોને ઈરાન પાસેથી તેલ લેવાની ના ફરમાવી દીધી છે. હવે ચીન સાથે વેપાર યુદ્ધ જામ્યું છે. ૨૦૦ અબજ ડોલરની ચીજો પર જકાત ૧૦ ટકા હતી એ વધારીને ૨૫ ટકા કરી છે અને આ મુદ્દે બંને દેશો વચ્ચે દસેક વાર વાતચીત થઈ છે પણ કોઈ ઉકેલ આવ્યો નથી અને ચીનનું એક પ્રતિનિધિ મંડળ અમેરિકા ગયું પણ અમેરિકા એમ માને છે કે ચીન આ મુદ્દે ગંભીર નથી અને ચીન પણ મક્કમ છે. એ પણ અમેરિકાથી આવતી ચીજો પર જકાત વધારી શકે છે. અમેરિકા ભારત સાથે આ દાવ ખેલી ચૂક્યું છે અને અમુક અમેરિકી ચીજો પર ભારત દ્વારા વધુ પડતી જકાત લેવાય છે એવું નિવેદન ટ્રમ્પ કરી ચૂક્યાં છે. અમેરિકા અને રશિયા વચ્ચે શીત યુદ્ધ ચાલ્યું એની સાથે આ વેપાર યુદ્ધની સરખામણી થઈ રહી છે. ચીનને તો નુકસાન થવાનું જ પણ અમેરિકાને પણ નુકસાન થશે જ. અમેરિકામાં ઘણી બધી ચીની ચીજ આવે છે અને લોકોને એ નહીં મળે તો સમસ્યા થવાની. એટલું જ નહીં, આ યુદ્ધને કારણે માંગ ઘટી શકે છે. ખાસ કરીને સોયાબીન, પામ, કપાસ અને કેટલીક ધાતુઓની માંગ ઘટતા એની અસર વૈશ્વિક બજારો પર થવાની. દુનિયાના શેર બજારોમાં અસર થઈ રહી છે. બધા દેશોનો શેર આંક નીચે ગયો છે. ભારતના સેન્સેક્સ અને નિફ્ટી ઘટ્યા છે અને આ યુદ્ધ વધુ ચાલ્યું તો વિશ્વભરમાં વેપાર ઘટશે અને આગળ જતાં મંદી આવી જશે. ■

## અનામત - આરક્ષણ

કોઈ પણ દેશનો બોમ્બથી વિનાશ કરવો શક્ય નથી. દા.ત. જાપાન.

કોઈ દેશનો અનેક વર્ષો સુધી અત્યાચાર કર્યા પછી પણ તેનો વિનાશ કરવો શક્ય નથી. દા.ત. ઈઝરાયેલ

પરંતુ કોઈ પણ દેશનો વિનાશ કરવો હોય તો કોઈ પણ પ્રકારની અનામત - આરક્ષણ યોજના દાખલ કરી દો કે જેથી અયોગ્ય વ્યક્તિ ઉચ્ચ હોદ્દા પર આવી જાય અને સ્વયં રીતે એ દેશ વિનાશ તરફ ધકેલાઈ જાય.

*સમસ્યા તો હોય પરંતુ સંઘર્ષ ન હોય એ કુટુંબ આદર્શ કુટુંબ કહેવાય.*



नींबू सा नटखट
Nimbupani Candy
MICHI'S
Slicy™
Maha Masti
₹1/- PER PIECE
MICHI'S®
Candies & Toffees
क्लासी भी ज्युसी भी
ऑरेन्ज सा मस्त-मस्त
MICHI'S
Slicy™
Maha Masti
Orange Masala Candy
₹1/- PER PIECE
नींबूपानी केन्डी
ऑरेन्ज मसाला केन्डी
JRJ®
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

ગુજરાતી કથાગીતો
મણકો-૭

# કવિ 'કાન્ત'નું ચિરકાલીન ખંડકાવ્ય 'વસંત-વિજય'

• સંકલન : જીના વીરેન શેઠ •

"નહીં નાથ! નહીં નાથ! ન જાણો કે સવાર છે!
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે."

હજારો વર્ષો એ વચન નિકળ્યાને વહી ગયાં,
ખરે! વક્તા શ્રોતા નથી તદપિ એ વિસ્મૃત થયાં;
સહુ માદ્રી પાંડુ તરત જ પિછાને ઉચરતાં,
વટી જોકે વેળા નિરવધિ શતશૃંગ ફરતાં.

ગિરિના પ્રાંતમાં કોઈ બાંધી પર્ણકુટી દ્વય,
બંને રાજ્ઞી તથા રાજા કરતાં કાલ ત્યાં ક્ષય....

...........................
...........................

★ ★ ★

નહીં ચાલે આથી ગત સમયમાં દૂર હૃદય;
પડ્યા શબ્દો છેલ્લા શ્રુતિ પર બહુ મંદ સદયઃ
જરા ત્રૂટ્યાં વાક્યો કંઈ કંઈ થઈને વહી ગયાંઃ
હજારો વર્ષો એ પછી પણ હવે તો વહી ગયાં.

*– કવિ 'કાન્ત'*
*(૨૦-૧૧-૧૮૮૭થી ૧૬-૬-૧૯૨૩)*

### ● પાંડુની પીડાદાયક કથા :

મહાભારત અનુસાર પાંડુ, એ અંબાલિકા અને ઋષિ વ્યાસના પુત્ર હતા. તે પાંડવોના પિતા અને ધૃતરાષ્ટ્રના કનિષ્ઠ ભ્રાતા હતા. જે સમયે હસ્તિનાપુરના સિંહાસન પર મોટા પુત્ર ધૃતરાષ્ટ્ર (જે જન્મથી જ અંધ હતા)ને બેસાડવામાં આવી રહ્યો હતો ત્યારે વિદુરજી (ધૃતરાષ્ટ્ર અને પાંડુના નાના ભાઈ અને કુશળ રાજનીતિજ્ઞ) એ રાજનીતિ પ્રમાણે એક નેત્રહીન વ્યક્તિને રાજાનું પદ ન આપી શકાય એમ કહ્યું. તેથી પાંડુને હસ્તિનાપુર નરેશ ઘોષિત કરવામાં આવ્યા.

રાજા પાંડુને બે પત્નીઓ હતી : કુંતી (કુંતીભોજની પાલક પુત્રી અને શ્રીકૃષ્ણના પિતા વાસુદેવની બહેન) અને માદ્રી (મદ્ર નરેશની કુંવરી). એક વખત મહારાજા પાંડુ પોતાની બંને રાણીઓ સાથે વનવિહાર કરી રહ્યા હતા. તે વનમાં એમણે સામે મૃગ છે એ ભ્રમમાં બાણ ચલાવ્યું. જે એક ઋષિને લાગ્યું. તે સમયે ઋષિ પોતાની પત્ની સાથે સહવાસરત હતા અને એ જ અવસ્થામાં તેમને બાણ લાગ્યું હતું. તે ઋષિ હતા કિંદામ ઋષિ.

ત્યારે કિંદામ ઋષિને પીડાવશ ક્રોધ ઉત્પન્ન થયો. તેથી ઋષિએ રાજા પાંડુને શ્રાપ આપ્યો કે 'રાજન! તારા સમાન ક્રૂર પુરુષ આ સંસારમાં કોઈ નહીં હોય. તેં મને મૈથુનના સમયે બાણ માર્યું છે. જે અવસ્થામાં મારું મૃત્યુ થઈ રહ્યું છે એ જ પ્રમાણે જ્યારે તું પણ મૈથુનરત હોઈશ ત્યારે તારું મૃત્યુ થશે.'

આ સાંભળી મહારાજ પાંડુ અત્યંત દુઃખી થઈ ગયા. હવે પછી વનમાં જ રહેવાનો નિશ્ચય કર્યો. તેમની બંને પત્નીઓએ પણ પતિ સાથે વનમાં જ રહેવાનું પસંદ કર્યું. ત્રણે જણાં વનમાં રહી તપસ્વી જેવું જીવન જીવી રહ્યાં હતાં. તે સમયે તેમને કોઈ જ સંતાન ન હતાં પણ મહારાજા પાંડુની ઈચ્છા હતી કે સંતાનહીન વ્યક્તિ પિતૃ-ઋણ, ઋષિ-ઋણ, દેવ-ઋણ અને મનુષ્ય-ઋણથી મુક્ત થઈ શકતો નથી. તેથી તેમની ઈચ્છા અને આજ્ઞાથી કુંતી દુર્વાસા ઋષિના આપેલા વરદાનથી દેવતાઓનું આહ્વાન કરી પોતાના માટે તથા માદ્રી માટે પુત્રો મેળવે છે. જે પછીથી પાંચ પાંડવો તરીકે ઓળખાય છે.

એક દિવસ રાજા પાંડુ અને માદ્રી સાથે મળીને સરિતાના તટ પર ભ્રમણ કરી રહ્યાં હતાં. વાસંતી વાતાવરણને કારણે ચારેબાજુ રમણીયતા પથરાયેલી હતી. શીત, મંદ, સુગંધી વાયુ વાઈ રહ્યો હતો. વસંતની માદકતા પાંડુમાં રહેલી કામવૃત્તિને જાગ્રત કરે છે. પાંડુ પોતાના કામવેગ ઉપર નિયંત્રણ ન રાખી શક્યા અને માદ્રી સાથે સહવાસ કરી બેઠા ત્યારે કિંદામ ઋષિનો શ્રાપ મહારાજા પાંડુના મૃત્યુના રૂપમાં ફલિત થાય છે. માદ્રી પોતાને પતિના મૃત્યુમાં નિમિત્ત બનેલી જાણી, પતિ સાથે સતી થાય છે અને કુંતી પુત્રોના પાલનપોષણ માટે હસ્તિનાપુર પાછી ફરે છે.

### ● 'વસંત-વિજય'ની કથા અને વિવેચન :

કવિ 'કાન્તે' મનુષ્ય જીવનના જાણતલ તરીકે જીવનની આવી એક ક્ષણને પકડી છે. આ ક્ષણ તે વસંતના વિજયની - મનુષ્ય પર થતા પ્રકૃતિના વિજયની ક્ષણ.

અલબત્ત, કાન્તે ધીમેધીમે એ સત્ય પણ પ્રગટ કર્યું છે કે વસંતના વિજય પાછળ સક્રિય તો છે વૃત્તિનો વિજય, નહીં કે વસંતનો.

*પ્રેમમાં સમય યાદ ન રહે એ બરાબર છે પરંતુ સમય જતાં પ્રેમ યાદ ન રહે એ બરાબર નથી.*

ખંડકાવ્ય 'વસંત-વિજય'નો નાયક છે ચંદ્રવંશી અને કુરુ રાજ્ય પરિવારના રાજા પાંડુ. પાંડુના જીવનની એક અંગત ક્ષણને લઈને કવિ 'કાન્તે' એ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે કે, માનવ જીવનને ટકાવનારી અનિવાર્ય આવશ્યક્તાઓમાંથી કોઈને જ્યારે મનુષ્ય પાસેથી અકારણ છીનવી લેવામાં આવે છે ત્યારે માનવી કેવો છિન્નભિન્ન થઈ જાય છે.

જીવન માટે આવશ્યક એવી નૈસર્ગિક ઇચ્છાઓ, આકાંક્ષાઓ અને વૃત્તિઓને જીવવાને બદલે, એને ઉપભોગવાને બદલે એ વૃત્તિને કારણે જે મનુષ્યને જે વેઠવું પડે છે તે જોઈને ઋજુ અને કોમળ હૃદયના કવિ કાન્ત મથામણમાં મૂકાયા છે.

પહેલી જ ક્ષણે માદ્રી અને પાંડુની સહોપસ્થિતિથી કાવ્યની શરૂઆત થાય છે.

**"નહીં નાથ! નહીં નાથ! ન જાણો કે સવાર છે!**
**આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે."**

માદ્રી કહે છે કે, હજુ પૂરેપૂરી સવાર પડી નથી. એટલું જ નહીં હજુ તો સવાર પડવાને ઘણી વાર છે. એવી રાત્રિ વેળાએ જ ઊઠી જતા પર્ણકુટિના વાસી, વાનપ્રસ્થી જીવતા પાંડુને ઊઠવાની ના પાડતી માદ્રી પણ જાગતી જ પડી હશે ને?

પાંડુની આજની અસ્વસ્થતાનું કારણ છે પ્રશાંત નિદ્રા ન આવવી તે અને તેના મૂળમાં છે દુઃસ્વપ્નો. આથી ઊઠી જઇને એ બહાર નીકળે છે ત્યારે જ માદ્રીની આ ચેતવણી તેના કાને પડે છે. માદ્રીને ઉત્તર આપતો પાંડુ જુએ છે તો માદ્રી ફરી નિદ્રાધીન થઈ ગઈ છે. તેની જાગૃતિ ક્ષણિક જ હતી એ સારું થયું. નહિંતર પાંડુને સાચી વાત કરવી પડત. સાચી વાત અહીં કવિએ ગુપ્ત રાખી છે અને તે છે વૃત્તિનો ઉદય, પાંડુમાં જાગેલો રતિભાવ.

બહાર નીકળેલા પાંડુને જે પ્રકૃતિ પીડે છે એ વસંતની નથી. એ તો દરેક સવારે જેવી ખીલે છે એવી જ છે. બાહ્ય વાતાવરણ પાંડુના મનને વિચલિત કરે છે. આથી લાગે છે કે એ વિચલિત જ છે. એનો સંક્ષોભ વિભાવ મળતાં ઉદ્દીપ્ત થાય છે.

અનિદ્રા અને એ કારણે જન્મેલા શ્રમથી થાકેલા પાંડુના ચિત્તમાં આ સાથે ભળ્યાં છે પૂર્વ સ્મરણો. વનમાં રહેવા છતાં પાંડુના ચિત્તમાંથી ભૂતકાળ વિસ્મૃત થયો નથી. પાંડુ હજુ વિરાગી થયા નથી. એને એ રીતે રહેવું પડ્યું છે. એનો રાગ છૂટ્યો નથી, તૂટ્યો છે. એનું આ પરિણામ છે.

રાત્રિ પૂરી થતાં સળવળી ઊઠેલી સૃષ્ટિમાં બધું જ સ્પષ્ટ થાય છે તેમ વૃત્તિ પણ સ્પષ્ટ થઈને મુખર બને છે. બાહ્ય ઘટનાનો પ્રભાવ એના વિરાગમાં છિદ્ર પાડે છે. એ બતાવે છે કે પાંડુનું આંતરજગત સ્થિર નથી.

એ ઘટનાએ કરીને વસંત પોતાનો પ્રભાવ પાંડુ પર પાથરી શકી છે. અગત્ય વસંતની નથી, વૃત્તિની છે. આથી જ માદ્રી પાસે જતો પાંડુ તાપસ મટીને ક્ષણાર્ધમાં ભર્તા બની ગયો છે. ત્યારે ઇંદ્રિયોમાં વિષયમાં મનનો પ્રવેશ થઈ ચૂક્યો છે.

'ઊછળ્યું લોહી તેથી એ સાવધાન થયો નહીં.'

એમ કહેનાર કવિને પાંડુ પર વૃત્તિનો હુમલો થયો છે એ સામે વાંધો નથી. પણ એ વૃત્તિને પાંડુએ ગણકારી નથી એમ કવિએ નોંધ ચોક્કસ લીધી છે. વસંત તો સતત પડદા પાછળ જ રહી છે. એ તો સ્પષ્ટ જ વાત છે. પાંડુ પર તોળાતું દુઃખ ક્રમશઃ પ્રવેશ કરે છે. પાંડુનું માદ્રી પાસે જવું, યોગાનુયોગ એ ક્ષણે કુંતીની અનુપસ્થિતિ, માદ્રી સાથે વિહાર, વસંતનું સામ્રાજ્ય અને એ પળોમાં માદ્રીનું ગાયન – આ બધું ભેગું થઇને પાંડુને ઘાયલ કરે છે. પાંડુની વિવશતાની માત્રા વધતી જાય છે ત્યારે પણ એ આવનાર પરિસ્થિતિ પ્રત્યે જાગ્રત નથી એવું નથી. માટે જ એ કહે છે :

**'જાણ બધું, પણ દીસે સ્થિતિ આ નવીન'**

પાંડુ માટે આ વૃત્તિનો ઉદય અણકલ્પેલો છે જ્યારે વૃત્તિ જાગી છે ત્યારે આવનારા ભવિષ્યને અવગણીને એ કહી બેસે છે :

**'દેવી! વિચાર કરવા સઘળા તજી દે!**
**રે હાય! સ્પર્શસુખ, પ્રાણસખી! હજી દે!'**

અત્યાર સુધી મળેલા સ્પર્શસુખથી સંતોષ ન થતાં પાંડુ માંગી બેસે છે વધુ ને વધુ સ્પર્શ. પતિના દુઃખને ન જોઈ શકતી હોય તેમ માદ્રી, વિચાર કરવાનો સમય ન રહેતાં પાંડુની ભુજામાં ને એ કારણે વૈધવ્યના જડબામાં ઝંપલાવી દે છે. એ ક્ષણ બંનેના એકત્વની સાથોસાથ પાંડુના મૃત્યુની પણ નીવડે છે.

ઉપરછલ્લી રીતે જોતાં કવિ કાન્તે પાંડુના જીવનમાં ઘટતી આ વિષમ ઘટનામાં નિયતિનું પ્રાબલ્ય જ નિહાળ્યું છે. તેથી તેમણે અનુભવેલો વિષાદ સાચો જણાય છે. સાથે સાથે અન્ય મુદ્દાઓ પણ ઊપસી આવે છે.

૧. પાંડુને દાંપત્યસુખ માણી ન શકવાનો શાપ ટ્રેજેડી છે.
૨. બે રાણીઓ સાથે કાળક્ષય કરી રહેલા વનવાસી પાંડુ વાનપ્રસ્થ કેળવી ન શક્યા એને પણ ટ્રેજેડી ગણી શકાય.
૩. શાપની ઘટનાથી જાગ્રત એવા પાંડુ પ્રકૃતિથી વિવશ બન્યા એ ઘટના ટ્રેજેડીનું કારણ ગણાવી શકાય.
૪. પાંડુની સાથે નિર્દોષ એવી માદ્રી આખીય ઘટનામાં નિમિત્ત

બની એ ઘટનામાં પણ ટ્રેજેડી ગણી શકાય.

૫. પ્રણયની તૃપ્તિ ન થવી, ને પ્રણયસુખ પ્રાપ્ત કરતાં તે તૃપ્તિ થશે એવી અભિલાષા સેવ્યે જવી એ ખ્યાલમાં પણ ટ્રેજેડી છે.

પાંડુની વાતમાં સૌથી વધુ કરુણ તો એ બાબત છે કે કામ ભોગવવાનો માનવસહજ અધિકાર જ ગુમાવી બેઠો છે. તેથીય વધુ દુઃખદ પરિસ્થિતિ એ છે કે શાપ મળ્યા પછી વાનપ્રસ્થ પાળતો, મન પર અધિકાર જમાવી શકેલો બ્રહ્મર્ષિમાંથી રાજર્ષિની હદમાં સરકી પડે છે. એવું કશુંક એને થઈ જાય છે. તેના હાથમાંથી સરકી ગયેલું તેનું મન એને જાગ્રત થવાની તક પણ રહેવા દેતું નથી ને ક્ષણમાં તેનો તપોભંગ કરાવનાર બની રહે છે.

કાન્તને દુઃખ એ વાતનું છે કે આ ઘટના હજારો વર્ષ પહેલાંની છે. એને હજારો વર્ષ વીતી ગયાં પણ આજેય આ વાત ત્યાં ને ત્યાં ઊભી છે. જુદાંજુદાં પાંડુ-માદ્રીને લઈને માનવી ઉપર મનનો આ અધિકાર આ કૃતિને કરુણ ઠેરવે છે.

આ પ્રકારના કરુણને ઘૂંટવા માટે જ પ્રકૃતિનો અહીં કાન્તે ઉપયોગ કર્યો છે. આથી જ અહીં પ્રકૃતિ પાંડુના ભાવજગતની પડખે ચૂપચાપ વહ્યા કરે છે અને નિમિત્ત બનેલી પ્રકૃતિ, કાન્તે વાપરેલા અલંકારો, માદ્રી, કુંતી - સઘળું કંઈ પાંડુની વૃત્તિના ઉછાળના વજનમાં જાણે કે દૂર પડ્યું રહે છે, કાન્તની કવિતાનો આ વિજય છે. વૃત્તિને વશ થતાં પાંડુના નિરૂપણમાં પણ ક્યાંય માનવ ગૌરવનો ભંગ થતો નથી. રાજાને છાજે તેવું પાંડુનું આભિજાત્ય છેક સુધી જળવાયું છે. તેના મૃત્યુની લકીર પણ આછેરી દોરીને કાન્ત ખસી ગયા છે.

પાંડુ સાથે, પાંડુની વૃત્તિ સાથે કાન્તે અનુભવેલું સમસંવેદન એલિયેટની ઉક્તિની યાદ અપાવે છે.

*'Everyone talks of Poetry*
*but no one offers a poem.'*

કાન્તે મિતભાષી બનીને છવાઈ જવાનો યશ 'વસંત વિજય'માં ચોક્કસ મેળવ્યો છે. એ જીવનની ગહનતાને પામવાની કાન્તની મથામણમાં જ એમની કવિતાનો વિજય છે.

(ડૉ. દર્શનાબહેન ધોળકિયાના લેખમાંથી સાભાર)

'અતિજ્ઞાન' અને 'વસંત વિજય'માં સામ્ય –

૧. બંને ખંડકાવ્યોનાં પાત્રો પ્રાચીન પૌરાણિક સમયના છે. બંનેનું કથાવસ્તુ (મહાભારતમાંથી)ના લોકખ્યાત હોવાનો લાભ બંને કૃતિઓને ભરપૂર પ્રમાણમાં મળ્યો છે.

૨. બંને ખંડકાવ્યો કવિ કાન્તના કાવ્યસંગ્રહ 'પૂર્વાલાપ'માં મળી આવે છે. લગભગ એક જ સમયગાળામાં લખાયેલા છે. અતિજ્ઞાન ૧૮૮૮ના અરસામાં અને વસંતવિજય - એપ્રિલ ૧૮૮૯માં લખાયેલ છે.

૩. બંને કાવ્યોના નાયક, સહદેવ અને પાંડુના મનમાં એક દુવિધા છે, અવઢવ છે, શું કરવું? તપ કે સૌંદર્ય. એક પ્રશ્નપોકાર, એક ચીસ છે બંને કાવ્યોમાં. નિયતિનું પ્રાબલ્ય વધુ હોવાથી નાયકનું કોઈ બલ રહ્યું નથી એ સમાન ભાવ બંનેમાં છે.

૪. બંને કાવ્યોમાં પ્રિયની પ્રાપ્તિ આડે અવરોધનું થીમ છે. બંને કાવ્યોમાં યુગલો દૈહિક રીતે નીકટ હોવા છતાં પ્રેમાનુભૂતિ પામી ન શકે એવી એકસમાન પરિસ્થિતિ અને મનઃસ્થિતિ અનુભવે છે.

૫. સહદેવ જેમ શાપિત છે તેમ પાંડુ પણ છે. બંને પોતપોતાની અભિશપ્ત અવસ્થાથી સભાન છે. અભિશાપની વ્યથામાંથી છૂટવા સહદેવ સભાનતા તજી અભાનતાનું શરણું લે છે તો પાંડુ પણ શાપજન્ય વ્યથામાંથી છૂટવા મૃત્યુને વરે છે. આમ ઉભય પાત્રો પ્રેમશૂરા અને વિયોગભીરુ છે.

૬. 'વસંત વિજય'ની જેમ 'અતિજ્ઞાન'માં પણ પ્રેમી યુગ્મો વિનાશક બિંદુએ જ સાયુજ્ય સાધી શકે એ સામ્ય પણ નોંધવું જોઈએ.

૭. પેટ ભરીને પ્રણયવૈષમ્ય (અસમાનતા)ની કથા કર્યે જતા કવિએ ઉન્માદ, આવેગ અને સંયોગ શૃંગારના પણ એટલાં જ મબલક નિરૂપણો આ જ કાવ્યોમાં આપ્યાં છે.

*જેમ કે વસંત વિજયની પંક્તિઓ*

**'પ્રિયા! પ્રિયા! પ્રિયા! તારા હાથમાં સર્વ હાય રે**
**ત્વરાથી દેહ જોડી દે, આ તો નહિં ખમાય રે.'**

*કે પછી*

**વૃત્તિઓ પરથી તેનો અધિકાર ગયો હતો**
**અપૂર્વ ધ્વનિથી પૂરો મદોન્મત્ત થયો હતો**
**ઝંપલાવી પડી માદ્રી નરેન્દ્રભુજની મહીં.''**

*તો અતિજ્ઞાનની આ પંક્તિઓ*

**કરી તુજ શિરકેશ સર્વ ભેળા!**
**વદન સુધાકરને રહું નિહાળી!**

*તેનાં ઉત્તમ ઉદાહરણો છે.* ■

*પ્રેમના ક્ષેત્રમાં વહેમ ન ઘૂસી જાય તેની સાવધગીરી રાખવી જરૂરી છે.*

સ્વાસ્થ્ય

# ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૬)





ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

માર્ચ-૨૦૧૯ના અંકમાં આપણે જાણ્યું કે બાળકના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસમાં માતા-પિતા તથા વડીલોનો સિંહફાળો હોય છે. યોગ્ય ઘડતર તથા યોગ્ય વિકાસ માટે માતા-પિતાના સ્વભાવ તથા વલણના મુદ્દાઓ વિશે આપણે જાણકારી મેળવી. (૧) બાળક માટે સમય ફાળવવો (Time). (૨) ગુણવત્તાભર્યો સમય (Quality Time), (૩) સલામતી (Security), (૪) બાળક પોતાનું કાર્ય જાતે કરી લે (Independance), (૫) 'ના' પાડતા શીખો (Learn to say "No"), (૬) અન્ય બાળકો જોડે સરખામણી ટાળો (Avoid Comparison), (૭) બાળકને જવાબદારી સોંપો (Responsibilities), (૮) બાળકના કાર્યોની યોગ્ય કદર / પ્રશંસા કરો (Recognition / Appreciation), (૯) માતા-પિતાની વર્તણુંક (Role Model). (૧૦) વિચારવાની તથા નિર્ણયો લેવાની તાલીમ (Thinking process and decision making capacity.)

આ લેખમાં અન્ય મહત્ત્વના મુદ્દાની છણાવટ કરીશું.

**૧૧. નિષ્ફળતા પચાવવાની ક્ષમતા :**

આજની ૨૧મી સદીના બાળ ઉછેરમાં મોટાભાગના માતા-પિતા બાળકની બધી જ જરૂરિયાતો (જરૂરી તથા બિનજરૂરી) યેનકેન પ્રકારે પૂરી કરતા હોય છે. આથી બાળક સફળતાથી જ ટેવાયેલું છે. નિષ્ફળતા, વિપરીત કે કપરી પરિસ્થિતિમાં પોતાનો માર્ગ કાઢી શકતો નથી. હતાશ - નિરાશ થઈ જાય છે.

માતા-પિતાએ નાનપણથી બાળકને પોતાની લડાઈ લડવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. જરૂર પડે ત્યાં માર્ગદર્શન આપવું જોઈએ. એ કાર્ય કરી ન આપવું જોઈએ. કાર્ય કરતી વખતે આવતી મુશ્કેલીઓનો સામનો કરી પોતાનો માર્ગ કાઢશે. ભવિષ્યમાં પણ પોતાની રીતે બીજા પર આધાર રાખ્યા વગર મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી શકશે. હતાશ કે નિરાશ થવાની શક્યતા નહિવત રહેશે.

આજના બાળ ઉછેરમાં બાળક માટેની લડાઈ માતા-પિતા લડે છે. બાળકનું કામકાજ તેઓ કરી આપે છે જેથી બાળક સ્વતંત્ર બની શકતું નથી તથા મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાની માનસિક ઉર્જાનું નિર્માણ થતું નથી. બાળકમાં સફળતાની જ વાયરિંગ કરેલી છે, નિષ્ફળતાની વાયરિંગ નથી કરેલી. જેથી કપરી પરિસ્થિતિમાં પોતાનો માર્ગ કાઢી શકતો નથી. નિરાશ થઈ જાય છે, હતાશ થઈ જાય છે તથા ઘણી વખત અંતિમ પગલું લઈ લે છે.

- **કેસ સ્ટડી :**

૧૦મા ધોરણ (S.S.C.)માં ભણતા હરીનને એના માતા-પિતા કન્સલ્ટ કરવા ક્લિનિકમાં લઈ આવ્યા. થોડા સમય પહેલા હરીને ઊંઘની વધારે પડતી ગોળીઓ ખાઈને મરવાનો પ્રયાસ કર્યો હતો. સદ્નસીબે તાત્કાલિક સારવારથી હરીન બચી ગયો હતો.

હરીનના કેસમાં ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ કરતાં નીચેની મહત્ત્વની માહિતી મળી.

હરીન માતા-પિતાનો એકનો એક દીકરો હતો. છ વર્ષના લગ્નજીવન બાદ હરીનનો જન્મ થયો હતો. નાનપણમાં વારંવાર શરદી ઉધરસ થતા હતા. જેથી એની સારવાર ચાલુ રહેતી. નાનપણથી જ હરીન લાડકવાયો હતો. એની બધી જ માંગણીઓ પૂરી થતી હતી. માતા-પિતા તથા અન્ય વડીલો હરીનને કોઈ દિવસ ના ન કહેતા.

ભણવામાં હરીન હોંશિયાર હતો. દરેક પરીક્ષામાં એને સારા ગુણાંક મળતા. ક્લાસમાં એનો નંબર પ્રથમ રહેતો. એક વખત ગણિતના એક પેપરમાં એની ભૂલ થઈ. જેને લીધે એને ત્રણ ગુણાંક ઓછા મળ્યા હતા અને ક્લાસમાં એનો નંબર બીજો આવ્યો હતો. એ વખતે એ ખૂબ નિરાશ થયો હતો. બે દિવસ એ જમ્યો ન હતો તથા સ્કૂલે પણ ગયો ન હતો. માતા-પિતા, શિક્ષકોએ ખૂબ સમજાવ્યા બાદ ધીરે ધીરે એ નોર્મલ થયો અને સ્કૂલે જવા લાગ્યો.

૧૦મા ધોરણની પ્રીલીમની પરીક્ષામાં એને ધાર્યા કરતાં

*હૈયામાં વહેતું પ્રેમનું ઝરણું સૂકાઈ જાય એ જીવનની સૌથી મોટી કરુણતા.*

ઓછા ગુણાંક મળ્યા હતા. એનો મુડ ખરાબ થઈ ગયો. એને લાગ્યું કે હવે જીવનમાં કાંઈ રહ્યું નથી. પરીક્ષામાં ઓછા ગુણાંકથી આગળ જોઈતી લાઈન નહીં મળે. જિંદગી જીવવા જેવી નથી. ઊંઘની વધારે પડતી ગોળીઓ લઇ આત્મહત્યાનો પ્રયાસ કર્યો.

સદ્ભાગ્યે સમયસરની યોગ્ય સારવારને લીધે હરીન બચી ગયો. સારવાર કરનાર ફિઝિશ્યને મનોચિકિત્સકની સારવાર માટે અભિપ્રાય આપ્યો.

સારવારમાં હતાશા પ્રતિરોધક દવાઓ શરૂ કરી. માતા-પિતાને હરીનને નિરીક્ષણમાં રાખવાનું કહ્યું. ધીમે ધીમે મુડ સારો થતો ગયો.

કાઉન્સેલિંગના સેશન્સ શરૂ કર્યા. પરીક્ષા બાદ વ્યક્તિત્વના વિકાસ તથા ઘડતર માટે માતા-પિતાને તથા હરીનને સમજાવ્યું. ધીમે ધીમે હરીન પોતાના કાર્યો જાતે કરતો થયો. જવાબદારી લઇ નિર્ણયો અમલમાં જાતે મૂકવા લાગ્યો. મુંબઈમાં બધે એકલો મુસાફરી કરતો થયો, જે સારવાર પહેલા એના માટે અશક્ય હતું. ટ્રેનમાં, બસમાં એકલો મુસાફરી કરતો થયો. જે પહેલા કોઈ દિવસ કાર વગર મુંબઈમાં ફરતો ન હતો.

હરીનના વ્યક્તિત્વમાં સમજણપૂર્વકના ફેરફારો થયા. પોતાની ખામીઓ સમજાઇ. માતા-પિતાને પણ વધારે પડતા લાડ પ્યારની ભૂલો સમજાઈ.

- **નિષ્ફળતાનો સામનો કરવાની માનસિક ઉર્જા :**

આજકાલ ભણતરની સફળતાને બહુ મહત્ત્વ અપાય છે. બાળક એક પછી એક ધોરણ ઊંચા ગુણાંકે પાસ કરતું જાય છે, ડિગ્રી મેળવે છે, સારી જોબ મેળવે છે **પણ એનો આ એકાંગી વિકાસ થયો હોય છે. જીવનની પરીક્ષામાં મોટાભાગે એ નિષ્ફળ જાય છે.**

આજકાલના વિદ્યાર્થીને ટેકનિકલ જ્ઞાન મળે છે પણ જીવનના ઉંડાણથી એ અજ્ઞાત જ રહે છે. પરિણામે જીવનમાં વિપદા આવે, વિટંબણા આવે, વિષમતા સર્જાય ત્યારે એ હતાશામાં ડૂબી જાય છે (કેસ સ્ટડી) અને આ વખતે એનું ટેકનિકલ જ્ઞાન એને ઉગારી શકતું નથી.

બાળકને ઉંમર પ્રમાણે એના નિર્ણયો કરવા દો. નિર્ણયો વિશે નિખાલસ ચર્ચા કરો. નિર્ણયની સકારાત્મક બાબત તથા નકારાત્મક બાબત વિશે ચર્ચા કરી જોઈન્ટ નિર્ણય લો. એ નિર્ણય બાળકને અમલમાં મૂકવા દો. અમલમાં મૂકવા માટેના પગલાની ડાયરીમાં નોંધ લો. પગલા લીધા બાદ મળેલા પરિણામનું પૃથક્કરણ (એનાલિસીસ) કરો. આનાથી બાળકમાં આત્મવિશ્વાસ વધશે. પગલા લેતી વખતે આવેલ મુશ્કેલીનો એને સામનો કરવા દો. એમાંથી માર્ગ કાઢવા દો.

આ આખી પ્રક્રિયામાં બાળકને મહેસુસ થવું જોઈએ કે મારા માતા-પિતા તથા વડીલો મારી સાથે જ છે અને તકલીફ વખતે મને સંપૂર્ણ મદદ કરશે. માતા-પિતાએ બાળકની યોગ્ય પ્રશંસા કરવી જોઈએ, પ્રોત્સાહન આપવું જોઈએ. આથી બાળકને આગળ વધવાની પ્રેરણા મળે છે અને પરિપક્વતા (Maturity) વધે છે તથા વ્યક્તિત્વનો વિકાસ થાય છે.

*મનોસ્મૃતિ પોલી ક્લિનિક,*
*'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલ અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*ગ્રુમિંગ માઇન્ડ્સ, ૯૦૯ જી સ્ક્વેર,*
*કલ્યાણ જ્વેલર્સની ઉપર, રેલવે સ્ટેશન તથા ઘાટકોપર મેટ્રો*
*સ્ટેશનની પાસે, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.*
*ફોન : (૦૨૨) ૨૫૦૧૦૦૦૯*

## સાચો ધર્મ

એક વિદ્વાન બ્રાહ્મણ પોતાના ગામનાં ખેતરોમાં ફરી રહ્યા હતા. ત્યારે અચાનક એક વેદનાભરી ચીસ સંભળાઈ. તે સમજી ગયા કે આ ચીસ કોઈ સ્ત્રીની હતી. તેમણે માન્યું કે મહિલા કોઈ સંકટમાં હોવી જોઈએ. તેમણે ઘટનાસ્થળે દોડી જઈ જોયું કે આ સ્ત્રીના પગે સર્પદંશ થયો હતો. આ સ્ત્રી ખેતરમાં કામ કરતી દલિત મજૂર હતી.

ડંખવાળા ભાગને કસીને બાંધવા માટે દોરી આમતેમ ખોળવા લાગ્યા પણ દોરી ક્યાંયથી મળી નહીં. તરત જ તેમણે પોતાની જનોઇ ઉતારીને તે સ્ત્રીના પગે બાંધી દીધી અને ડંસેલા ભાગ પર તેમણે ચીરો મૂકી, દબાવી વિષયુક્ત લોહી બહાર કાઢી નાખ્યું. ત્યાં સુધીમાં તો અન્ય લોકો પણ ત્યાં ભેગા થઈ ગયા. પેલી સ્ત્રી બચી ગઈ.

આ ઘટનાના સમાચાર જ્યારે ગામમાં પહોંચ્યા ત્યારે કેટલાક સંકુચિત વિચારોવાળા લોકો આ વિદ્વાનની ટીકા કરતાં કહેવા લાગ્યા, "બ્રાહ્મણ થઇ પોતાની પવિત્ર જનોઈ એક અછૂત જાતિની સ્ત્રીના પગે બાંધી તેમણે અપકૃત્ય કર્યું છે."

પરંતુ આ મહાશયે આ ટીકાની કોઈ પરવા ન કરતાં કહ્યું, 'આપણો સાચો ધર્મ તે વિપત્તિમાં પડેલા વ્યક્તિના પ્રાણ બચાવવાનો છે. એક જ ઇશ્વરે બનાવેલા જીવોમાં ભેદભાવ કેવો?'

આ મહાપુરુષ હતા હિંદી સાહિત્યના પ્રખર સાહિત્યકાર આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી. ■

*પરમાત્માને માનવા એ સરળ છે, પરમાત્માનું માનવું એ કઠિન છે.*

સફળતા

# ફકરા અસત્યના હોય, સત્ય બે લીટીનું હોય



ભોલાભાઈ ગોલીબાર

એ વાત સાચી છે કે જીભમાં હાડકું નથી હોતું પણ એ હાડકા ભાંગવાની શક્તિ રાખે છે. એક બીજી વાત એ પણ એટલી જ સાચી છે કે આપણી જીભ જ આપણી ઓળખ છે. **જીવનમાં સફળતા મેળવનારા લોકો વિશે થોડી જાત-તપાસ કરશો તો તમને ખબર પડશે કે એમાં સ્વભાવ અને જીભની એની સફળતામાં મહત્ત્વની ભૂમિકા છે.** આ સફળ લોકો એ સારી રીતે જાણતા હોય છે કે ક્યારે, ક્યાં અને કેવી રીતે બોલવું જોઈએ!

★

એક રાજ્યના રાજામાં એક બહુ મોટી ખામી હતી. એને એ વાતનું ભાન નહોતું કે ક્યારે, ક્યાં શું બોલવું જોઈએ. કેટલીયે વખત એ ઘણી ગુપ્ત વાતોને પણ સામાન્ય લોકો સામે બોલી દેતો. રાજાની આ ટેવથી પ્રજા પણ પરેશાન હતી. એક વખત પ્રજાને ખબર પડી કે રાજાનો જન્મદિવસ આવવાનો છે. પ્રજાએ વિચાર્યું કે રાજાને કોઈ ભેટ આપી, એનો આભાર માનીએ. જન્મદિવસે લોકો ભેટ આપી રાજાનો ઉપકાર માનવા લાગ્યા.

એક વ્યક્તિએ રાજાને ત્રણ ઢીંગલી ભેટમાં આપી. આ જોઈ રાજા ગુસ્સે થઈ ગયો. રાજાને ગુસ્સે થયેલો જોઈ વ્યક્તિએ રાજાની માફી માંગી અને કહ્યું, 'મહારાજ, આ કોઈ સાધારણ ઢીંગલીઓ નથી. પણ આ ઢીંગલીઓ તમને તમારી ભૂલોને સુધારવાની શીખ આપે છે.'

રાજાને કંઈ સમજાયું નહીં.

એ વ્યક્તિએ રાજાને ધાતુનો એક તાર આપ્યો અને કહ્યું, 'મારી વાત સમજવા માટે તમારે ત્રણે ઢીંગલીના કાનમાં આ તાર નાખવો પડશે.'

રાજાએ પહેલી ઢીંગલીના કાનમાં તાર નાખ્યો તો બીજા કાનમાંથી બહાર આવી ગયો. ત્યાર પછી રાજાએ બીજી ઢીંગલીના કાનમાં તાર નાખ્યો. આ વખતે તાર અંદર જ રહી ગયો, બહાર ન નીકળ્યો.

રાજાએ પેલી વ્યક્તિને પૂછ્યું, 'આ ત્રણેયમાંથી કઈ ઢીંગલી સાચી?' ત્યારે પેલી વ્યક્તિએ ચોથી ઢીંગલી બહાર કાઢી. એ વ્યક્તિએ રાજાને વારાફરતી એ ઢીંગલીના કાનમાં તાર નાખવાનું કહ્યું. રાજાએ તાર નાખ્યો તો પહેલી વખત તાર ઢીંગલીના કાનમાંથી બહાર નીકળી ગયો. પછી ફરી વાર નાખ્યો તો તાર મોઢામાંથી બહાર નીકળી ગયો. ત્યાર પછી ફરીવાર તાર નાખ્યો તો તાર અંદર જ રહી ગયો. વ્યક્તિએ કહ્યું, 'રાજન, આ જ ઢીંગલી સર્વશ્રેષ્ઠ છે. જે એ જાણે છે કે કઈ વાતને એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નાખવી છે, કઈ વાત મનમાં રાખવી છે અને કઈ વાતને સાંભળી મોઢું ખોલવાનું છે.'

રાજા તો અવાક્ જ થઈ ગયો. રાજાએ એ વ્યક્તિને કિંમતી ભેટ સોગાદો આપી કહ્યું, 'દોસ્ત, હવે હું પણ આ ઢીંગલીની જેમ વાતોનું મંથન કરી એના પર કામ કરીશ.'

★

મિત્રો, મારી મા કહેતી હતી કે જીભ આપણને ગધેડા પર પણ સવારી કરાવી શકે છે અને ઘોડા પર પણ! નક્કી તમારે કરવાનું છે કે ગધેડા પર સવારી કરવી છે કે ઘોડા પર.

*ગોલીબાર પબ્લિકેશન્સ, કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## ગ્રોસ હેપ્પીનેસ ઇન્ડેક્ષ

વિકાસની વ્યાખ્યા આપણે જીડીપીને જ બનાવી લીધી છે. જીડીપી વધ્યો તો વિકાસ થયો, જીડીપી ન વધ્યો તો વિકાસ ન થયો. સામાજિક, માનસિક કે બૌધ્ધિક વિકાસનું કોઈ આકલન ભારત સરકાર પાસે નથી. એ તો ભલું થયું કે ભુતાને ગ્રોસ હેપ્પીનેસ ઇન્ડેક્ષ માપવાનું શરૂ કર્યું અને યુ.એન. આજે સમગ્ર વિશ્વમાં હેપ્પીનેસનો સર્વે કરાવે છે. બાકી ભારત સરકાર કે પશ્ચિમી દેશોની સરકાર આજ સુધી તેના વિશે વિચારતી નહોતી.

*મનને જે મલીન કરે એ પાપ છે, આત્માને નિર્મળ કરે એ ધર્મ છે.*

સફળતા

# નેગેટિવ મોટિવેશન

• રોનિત શાહ •

આજે દરેક ક્ષેત્રમાં દરેક જગ્યાએ દરેક વ્યક્તિઓને ડગલે ને પગલે પ્રેરણાની જરૂર પડે છે, પણ શું જરૂર છે એટલી માત્રામાં મોટિવેશનની, એ આપણે વિચાર્યું છે? એ તો આપણે ક્યારેય નથી વિચારતા. હંમેશાં પોઝિટિવ મોટિવેશનની જ વાતો કરીએ છીએ પણ જ્યારે નકારાત્મક શબ્દ સાંભળીએ એટલે તરત જ બીક લાગવા માંડે, પરંતુ આપણે કોઈને ખ્યાલ નથી કે નેગેટિવ મોટિવેશન કેટલી હદ સુધી આપણા બધાના જીવનમાં સૌથી મહત્ત્વનો ભાગ ભજવીને સફળતા સુધી પહોંચાડી શકે છે.

દરેકના જીવનમાં એક એવો સમય જરૂરથી આવે જ છે કે જ્યારે વ્યક્તિ દરેક દિશાઓમાંથી પૂર્ણપણે નકારાત્મકતાથી ઘેરાઈ જતો હોય છે અને તરત જ આજના ટાઈમમાં મોટિવેશનની વાતો સાંભળે અથવા તો વાંચતા હોય છે. પરંતુ સૌથી મહત્ત્વની વાત એ છે કે તમે ગમે તેવી પરિસ્થિતિમાં ઘેરાયેલા હો પરંતુ બધું જ તમારી અંદર જ સૂતેલું છે, જે જગાડવાની જરૂર હોય છે. આ નકારાત્મક સમયની અંદર નેગેટિવ મોટિવેશન જો પૂર્ણપણે જાણી લઈએ તો પછી એ જ નકારાત્મક પરિસ્થિતિ તમને ધાર્યું પરિણામ આપી શકે છે, જેમાં શંકાને સ્થાન નથી. આપણને થોડાક પણ ખરાબ કોઈ ચાર શબ્દો કહે એટલે તરત જ આપણો મુડ બગડી જતો હોય છે. પણ આજે મને એ જ સ્વભાવમાં બદલાવ લાવવો છે. કોઈ પણ ખરાબ બોલે એ જ વાતથી આપણે એટલા બધા આગળ વધી શકીએ છીએ જે સરળતાથી મળતું નથી. મોટિવેશન નેગેટિવ વાતોને ખોલીને એ જ વસ્તુનો ઉપયોગ કરીને સફળતા પ્રાપ્ત કરી શકાય છે. એ જ રીતે હમણાં જ 'કેસરી' ફિલ્મ રીલિઝ થયેલી એ પણ સામાન્ય શીખ જ હતા. પણ પોતાના શૌર્યથી તેમણે ઈતિહાસમાં નામ અંકિત કર્યું છે. એટલે કે પરિસ્થિતિ કદાચ તમારા કંટ્રોલમાં દરેક સમયે નહીં હોય પરંતુ જો આપણે એ ખરાબ તેમજ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ આપણી બુદ્ધિમત્તા, આવડત અને સમજણ શક્તિથી પોતાને સફળ વ્યક્તિ બનાવીને સર્વાંગી વિકાસ અવશ્યપણે કરી શકીએ છીએ.

## નખોદ વાળવું, પણ નવરા ન બેસવું

| | | |
|---|---|---|
| ન | = | નમ્રતા |
| ખો | = | ખોદવું |
| દ | = | દોડવું |

આપણે બધા જ 'નખોદ' શબ્દથી દૂર ભાગતા હોઈએ છીએ, પણ આજે આ નખોદ શબ્દનું પરિપૂર્ણ સ્વરૂપ જોઈને આપણે સમજશું કે નખોદ વાળવું, પણ કોઇ કામધંધો કર્યા વિના ન બેસવું.

હવેના સમયમાં જૂની માનસિકતા તાત્કાલિક બદલવાની જરૂર જણાઇ રહી છે. ઈતિહાસમાં ઘણા બધા ઉદાહરણો છે કે નવરા માણસો કાંઈ જ ના કરી શકે તેને ખોટું સાબિત કર્યું છે. નવરા માણસો જે કાંઈ જ કરતા નથી તે માણસ જ સૌથી સર્જનાત્મક વસ્તુ સર્જી શકે છે. નવરા નખોદ વાળે - એ કહેવત તદ્દન ખોટી છે. નવરા ઘણું બધું કરી શકે છે. પણ સૌથી અગત્યની વાત તો એ છે કે તમે કાંઈક કરો, કામ થાય – ના થાય, અપેક્ષા મુજબ સિદ્ધિ મળે - ના મળે, પણ નખોદનો જે 'દ' છે એ દોડવું ચાલુ રાખવું. તો એક દિવસ જરૂરથી સુખદ બની જશે.

કોઈપણ કામ કરતા હોઈએ, તેમાં ઘણી બધી નિષ્ફળતા મળશે. ઘણીવાર તાત્કાલિક સફળતા મળ્યા બાદ બીજીવાર નિષ્ફળતા મળતી હોય છે. પરંતુ **જો નિષ્ફળતા મળી તો આપણામાં ખામી છે એવું સમજી લેવું નહીં. પરંતુ આપણી કાર્યશૈલીમાં ખામી રહે છે, જેથી કાર્યશૈલી સુધારવી, પોતાના કામ કરવાનો સ્વભાવ નહીં. હકીકતમાં કોઇ કામ ના કરવું એ જ નખોદ છે. બાકી કામ કરતા હોઈએ તો નખોદ વળે જ નહીં.** દરેક જગ્યાએ નમ્રતાથી વર્તીએ અને આપણા કામના તળિયા સુધી જઈએ અને એ જ કામમાં દોડતા રહીએ તો કોઈપણ કામધંધામાં નિષ્ફળતા મળતી જ નથી. કોઈ કામ ના હોય તો ઊભું કરીએ, પરંતુ નવરા તો ના જ બેસીએ. જો ઘણી બધી નિષ્ફળતા બાદ ડિઝની બેસી ગયા હોત, તો આજે ડિઝનીલેન્ડનું નિર્માણ ના હોત. એટલે જ હંમેશાં જિંદગીમાં કાંઈક ને કાંઈક કામ કરવામાં વ્યસ્ત રહેવું. યાદ રાખવું કે કાંઈ ના કરવું એ જ સૌથી મોટું નખોદ છે અને નખોદની વ્યાખ્યા ઉપર જ આપેલી છે જે કામ કરે છે તેના માટે. કાંઈ કરીએ કામ તો નખોદ વળે નહીં, સખોદ જ વળે. એટલે કે નખોદની નકારાત્મક વિચારસરણી છોડીને સખોદની સકારાત્મક ઊર્જા લઈને કાંઈક ને કાંઈક કામ જિંદગીમાં કરતા રહેવું જોઈએ.

*રોનિત શાહ - ભુજ, કચ્છ*

*પોતાના આંતરશત્રુઓ સાથે જે યુધ્ધ કરતો રહે તે બુધ્ધ બની શકે છે.*


જબાન

# શબ્દબોધ
## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૧)



તુલસી કંસારા

***Attitude* = *એટિટ્યૂડ*** = *વલણ, દૃષ્ટિકોણ, મનોવૃત્તિ, શરીર કે અંગની સ્થિતિ, અંગમરોડ, ઢબ, પેંતરો.*



ABC Model of an Attitude

| Component | Measured by | Example |
|---|---|---|
| Affect | Physiological indicators Verbal statements about feelings | I don't like my boss. |
| Behavioral intentions | Observed behavior Verbal statements about intentions | I want to transfer to another dept. |
| Cognition | Attitude scales Verbal statements about beliefs | I believe my boss plays favorites. |

૧૬૬૦ના દાયકામાં પેઇન્ટિંગ કે સ્કલ્પચર આર્ટ દ્વારા બનાવાયેલ કોઈ પૂતળાની ઢબ માટે ફ્રેન્ચ ભાષામાં વપરાતા આ શબ્દ, પછીથી વ્યક્તિઓ માટે તેની બેસવાની કે ઊભા રહેવાની ટેવ, તેના દ્રઢ થઈ ગયેલા હાવભાવ વગેરેના સંદર્ભમાં, તેના વલણના અભ્યાસ માટે વપરાવા લાગ્યો. આપણે આ એટિટ્યૂડ શબ્દને તે રીતે જોઈશું. કોઈપણ વ્યક્તિ જે પણ કંઈ કામ કરતી હોય, તે કામ પ્રત્યે તેનું વલણ સકારાત્મક છે કે નકારાત્મક છે તે તેના કામના પરિણામ પરથી આપણે જાણી શકતા હોઈએ છીએ. દા.ત. કોઈ ઘરમાં રસોઈના સ્વાદ કે ભોજન લેનાર વ્યક્તિઓની સંખ્યાના પ્રમાણમાં સંતોષજનક ક્વોલિટી કે ક્વોન્ટિટી ન મળે તો કહી શકાય કે તે કરવા ખાતર રસોઈ કરે છે, તેનો તેમાં જીવ નથી. મતલબ તેનું વલણ તે કામ પ્રત્યે નકારાત્મક છે.


ઉપર આપેલ અન્ય ગુજરાતી શબ્દો પણ એક જ વસ્તુ દર્શાવે છે, જે તમે તે વ્યક્તિનો જે તે કામ પ્રત્યે દૃષ્ટિકોણ કહી શકો. વર્તણુંકને લગતા વિજ્ઞાનના જાણકારો (બિહેવિયર સાયન્ટિસ્ટ) તમને કોઈ પણ વ્યક્તિના હાથ મેળવવાની પદ્ધતિ કે તેની ગ્રિપ – પક્કડ પરથી કે તેના શરીરના અંગમરોડ કે તેની ઢબ પરથી તે વ્યક્તિનું વલણ સકારાત્મક છે કે નકારાત્મક તે કહી શકે. છબીમાં દર્શાવેલ મેટ્રિક્સ, એટિટ્યૂડનું એબીસી મોડલ વલણ માપવા માટે ત્રણ બાબતના દાખલા જણાવે છે. જેમાં વલણની અસર તેની લાગણીને વાચા આપે ત્યારે દેખાય છે અને ત્રીજું કૉગ્નિશન મતલબ પ્રત્યક્ષ જ્ઞાન, સમજ શક્તિ, કામદારનું તેની માન્યતા પ્રમાણેનું બોલવું. દા.ત. 'મને લાગે છે કે બોસ વહાલા-દવલાની નીતિ અખત્યાર કરે છે.' આમ વર્તણુંક શાસ્ત્રીઓ વ્યક્તિના વર્તન બાબતમાં તેની અસર, તેના ઈરાદા અને તેના પ્રત્યક્ષ જ્ઞાનને આધારે વ્યક્તિનું વલણ જાણી શકતા હોય છે.

***Aptitude* = *એપ્ટિટ્યૂડ*** = *અભિરુચિ, અભિવૃત્તિ, યોગ્યતા, વિશિષ્ટ પ્રકારની કુશળતા, આવડત, ક્ષમતા.*




લેટિન ભાષામાંથી ઉતરી આવેલ પંદરમી સદીની શરૂઆતમાં 'એપ્ટિટ્યૂડો' તરીકે બોલાતા આ શબ્દનો મતલબ વલણ કે શક્યતા (tendency, likelihood) થતો હતો. ત્યારબાદ ૧૫૪૦ સુધીમાં શીખવા માટેની કુદરતી ક્ષમતા તરીકે આ શબ્દ વપરાવા લાગ્યા. અત્યારે તેનો અર્થ કુશળતા કે અભિરૂચિ, આવડત વગેરે થાય છે. આમ તો આપણે જોઈએ છીએ કે કારીગર કોમમાં જન્મેલ બાળક તેના કૌટુંબિક કામમાં નિપુણ થાય છે. દા.ત. સુથારનો દીકરો સુથારીકામમાં કે અન્ય કારીગરનો દીકરો તેના વંશપરંપરાગત કામ પોતાની જાતે જ શીખી જતો હોય છે. આના પરથી આપણે ત્યાં કહેવત પડેલ છે કે 'મોરના ઈંડા ચીતરવા ન પડે.' આમ એપ્ટિટ્યૂડ જન્મજાત હોઈ શકે જ્યારે ઉપર જણાવેલ એટિટ્યૂડ કે વલણ કેળવવું પડે. આમ છતાં પણ કોઈ પણ કામ પ્રત્યે સકારાત્મક વલણ હોય તો તે કામનું જ્ઞાન, પ્રશિક્ષણ, અનુભવ, શીખવાની ધગશ અને વારંવાર તે કામ કરવાથી તે કુશળતા (Skill) જલ્દીથી વિકાસ પામે છે.

***Altitude* = *એલ્ટિટ્યૂડ*** = *દરિયાની સપાટીથી ઊંચાઈ, ઊંચું પદ, શ્રેષ્ઠતા, મોટાઈ, ઉન્નતિ.*



એટિટ્યૂડ અને એપ્ટિટ્યૂડ જેવા ઉચ્ચારવાળો આ એલ્ટિટ્યૂડ શબ્દ ઊંચાઈ

*બૌધ્ધિક તર્કશક્તિ એ શ્રદ્ધાની સૌથી મોટી દુશ્મન છે.*

દર્શાવે છે. સામાન્ય રીતે ઊંચાઈ જમીનથી માપવામાં આવતી હોય છે. જેને આપણે ઊંચાઈ (height) કહીએ છીએ. પરંતુ જ્યારે તે દરિયાની સપાટીથી માપવામાં આવે ત્યારે આ 'એલ્ટિટ્યૂડ' શબ્દ વપરાતો હોય છે. દા.ત. સૌથી ઊંચો પર્વત માઉન્ટ એવરેસ્ટ એ દુનિયાનું સૌથી ઊંચાઈ ધરાવતું શિખર છે, જે હિમાલય પર્વતમાળામાં આવેલું છે અને રાજકીય રીતે નેપાળ દેશની હદમાં આવે છે. ભારતીય સર્વેયરે ૧૯૫૫માં માપેલ અને ચીને ૧૯૭૫માં સ્વીકારેલ તેની ઊંચાઇ દરિયાની સપાટીથી ૮૮૪૮ મીટર છે. પહેલા તેનું નામ એક્ષવી (XV) હતું. આ ૮૮૪૮ મીટરની ઊંચાઈ ચીન અને નેપાલ બંનેએ મંજૂર રાખેલ છે.

નેપાલમાં તે સગરમાથા (Sagarmatha) અને તિબેટમાં ચોમોલુન્ગમા (Chomolungma) ના નામથી ઓળખાય છે. તે ચીન અને નેપાલની સીમા પર આવેલ છે અને નેપાલની હદમાં છે. આમ અનેક નામોને કારણે થતાં ગુંચવાડામાંથી રસ્તો કાઢવા, ૧૯૮૫માં બ્રિટીશ સર્વેયર જનરલ ઑફ ઇન્ડિયા એન્ડ્રુ વાઘની ભલામણથી, તેમના અગાઉના પદાધિકારી સર જ્યોર્જ એવરેસ્ટના નામ પરથી, તેમની ના હોવા છતાં પણ, રોયલ જ્યોગ્રોફિકલ સોસાયટીએ આ નામ પાડેલ છે.

## લઘુકથા : વાહન ચાલક નાસી ગયો

રમણિકલાલ પોતાની નવી કાર લઈને રાત્રે પૂરપાટ વેગે ઘર તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં અચાનક એક સ્કૂટર ચાલક યુવતી તેની કારની અડફેટે આવી ગઈ. ધડામ દઇને યુવતી ફેંકાઇ ગઇ. રમણિકલાલે જોયું કે રસ્તામાં લોકોના ટોળા એકઠા થઇ રહ્યા છે અને જો તેઓ જરા પણ રોકાશે તો લોકો તેને ફરી વળશે અને વળી ઉપરથી પોલીસ કાર્યવાહી પણ થશે. આથી રમણિકલાલે પાછું વળીને જોયા વગર જ કાર હંકારી દીધી અને ઘેર પહોંચી ગયા.

બે કલાક પછી રમણિકલાલને હોસ્પિટલેથી ફોન આવ્યો. તે ગભરાઈ ગયા. તેને થયું કે ફસાઈ ગયા, મારો ભાંડો ફૂટી ગયો લાગે છે. તેણે ગભરાતા ગભરાતા ફોન પર વાત કરી. 'હલ્લો....!'

'રમણિકલાલ, જલ્દી હોસ્પિટલ આવો. તમારી દીકરીને કોઈ કાર ચાલકે ટક્કર મારી છે અને વાહન ચાલક નાસી ગયો છે. છોકરી ગંભીર છે...!'

રમણિકલાલના તો હોશકોશ ઉડી ગયા. એ તો મારી જ દીકરી હતી! રમણિકલાલ હોસ્પિટલ પહોંચ્યા પણ તે પહેલા જ દીકરીનું મૃત્યુ થઈ ગયું હતું.

*રજનીકાંત ઓઝા*
*મલ્લ શેરી, રિંગ રોડ, ભુજ, કચ્છ.*


Splendid

**P & G Enterprise**

***Kitchenware, Household Products & Corporate Gifts***

157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**

**• PACKED & MARKETED BY •**

**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

*Mahalaxmi*

**INFRACONTRACT PVT. LTD.**

***Mining for Better Tomorrow***

**• CORPORATE OFFICE •**
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010**

**• REGD. OFFICE •**
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

વાર્તા

# મહેનતની સફળતા



દિલીપ આચાર્ય 'દિલકશ'

સુમીના લગ્ન નાની ઉંમરે થયેલ. પહેલા તેના પિતાની ઇચ્છા એક સુશીલ સંસ્કારી છોકરા સાથે પરણાવવાની હતી. પરંતુ શંકા જતા મેડિકલ ચેક-અપ પછી આ છોકરો પરિવારને નાપસંદ થતાં મોટી ઉંમરના સંપત્તિવાન યુવાન સાથે લગ્ન થયા હતા.

આ સમયે સુમી ૧૫ વર્ષની અને યુવક ૨૬ વર્ષનો હતો. એટલે કાચી વયમાં સુમીને હજુ કંઈ દુનિયાદારીની ભાન નહીં. પેલો યુવાન સમીર નાનપણથી મોટા શહેરમાં વસેલો એટલે સુમી પર ખૂબ જ ત્રાસ ગુજારે. ધાર્યું કામ ન થાય તો મારે પણ! આમ, આ ત્રાસથી સુમી બિચારી કંટાળી જતી. પરંતુ શું થાય, ઘરસંસાર માંડ્યો છે એટલે એક સંસ્કારી પરિવારની નારી તરીકે તે બિચારી બધો જ અન્યાય સહન કરે...

આમ સમય વીતતો ગયો. ત્રણ સંતાન થયા. પરંતુ પતિ સમીરનો ત્રાસ તો એટલો જ રહ્યો. સુમી સહન ન કરી શકે એટલા સીતમ ગુજારે. પરંતુ એ મૂંગા મોંએ સહન કરતી હતી. હવે હદ એટલી વધી ગઈ કે પારકી સ્ત્રીની જેમ હવસખોરની માફક ત્રાસ આપે. આ ત્રાસથી છુટવા માટે સુમી એકાંતમાં બેઠી વિચારે, ને રડીને દુઃખ ભૂલી જાય. પરંતુ એક દિવસ કંટાળીને માતાજીને પ્રાર્થના કરી અને તેણે મનમાં સંકલ્પ કરી લીધો સંસાર ત્યાગનો! આ વાત પતિ સમીરને પણ જણાવી દીધી... કે મેં હવે પુરુષ સાથે સંપર્ક તદ્દન બંધ કરેલ છે. હું ભક્તિમય જીવન જીવીશ...

ત્યારબાદ પતિ નોકરીએ શહેરમાં ગયો. પણ સુમી શું કરે છે, ક્યાં જાય છે? વગેરે ખાનગી તપાસ અને વહેમની શંકા તેના ઉપર રાખતો. એટલે સુમીના ભાઈને કહાવડાવે, તારી બેન જો શું કરે છે? અન્ય ઘણી જ સાચી ખોટી વાતો કરે. પરંતુ સુમી તો પોતાના સંકલ્પ પર મક્કમ હતી. એટલે પોતાની આજીવિકા માટે ક્લાસીસ ચાલુ કરેલ. જેમાંથી સારી આવક મળવા લાગી ને ત્રણ છોકરા નાના અને સુમીનો વ્યવહાર ચાલે એટલી આવક થઈ રહેતી હતી.

આમ સમય વિતતો ગયો, ને યુવા છોકરી મોટી થઈ. તેને પરણાવી દીધી. વર્ષો જતાં બધા જ છોકરા-છોકરી પરણાવી પોતે પગભર બની જીવન જીવવા લાગી... એક છોકરો સાથે રહે, બીજો પુત્ર જુદો રહે. તેને મકાન પોતાનું બનાવી આપ્યું. જીવન વ્યવહાર ખૂબ જ સુંદર રીતે ચાલવા લાગ્યો. કોઈથી કામ વગર આવજાવ નહીં તેમજ વાતચીત પણ નહીં. એટલે શંકા પણ ખોટી કોઈ ન કરી શકે તેવું સાફ જીવન જીવવા લાગી. પુત્રવધૂ પણ સારી આવી એટલે મોટી ઉંમર થતાં સેવાચાકરી કરે છે.

પતિ સમીરને બીમારી થતાં તે જ્યાં શહેરમાં નોકરી કરતો હતો ત્યાં સારવાર માટે સુમી ગઈ. પણ તેની બીમારી વધતાં તેનું મૃત્યુ થયું. ત્યારે સુમી ૪૦ વર્ષની યુવાન હતી. જવાબદારી તેના એકના શિરે આવી. એ બધી જ સામાજિક જવાબદારી નિભાવી, તે ઘણી જ મહેનત કરીને આગળ વધી...

**આમ તે જીવનમાં આગળ વધીને ૭૫ વર્ષની ઉંમરે પણ જીવન સાથે સંઘર્ષ કરીને પોતાનું જીવન જીવવા લાગી.** ક્યારે સમય મળે ત્યારે પોતાની આપવીતીની વાતો હૈયું ઠાલવીને હિતેચ્છુ પાસે કરે. પરંતુ હવે તો જીવન સાદું નથી ને સારી એવી પ્રગતિ પરિવારની થઈ. તેના વર્ષોની ભગીરથ મહેનતથી થઈ ગઈ...

પુત્રીઓ, પુત્ર સૌ પરિવાર સારી રીતે સેટ થઈ, સૌ સૌની રીતે પગભર થયેલ છે. તે જોઈ સુમી ખુશીની વાતો કરે છે ને કહે છે, મારી મહેનતથી આ લીલીવાડી છે. જેનો મને સંતોષ છે, આનંદ છે... 'એ જ જીવનમાં કરેલ મહેનતની સફળતા છે.'

*પહેલી શેરી, ઇંદીરા નગર,*
*ઓરિએન્ટ કોલોની પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૮૫૩૦૭ ૧૬૦૪૬*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ.** |
| **Bank** | : **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮**

*શરૂઆત સરળ, અંત અઘરો એવી ચીજ વ્યસન.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ
## અબોલ જીવોને અભયદાન

ઉપરોક્ત સંસ્થાએ તા. ૧-૪-૨૦૧૮થી તા. ૩૧-૩-૨૦૧૯ સુધીમાં અમદાવાદ શહેરના તેમજ ખેડા જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી ગેરકાયદેસર કતલખાને જતા કુલ્લ ૭૫૬ અબોલ જીવોને બચાવી અભયદાન અપાવેલ છે. તે ઉપરાંત, સંસ્થા દ્વારા એપ્રિલ-૨૦૧૮થી માર્ચ-૨૦૧૯ દરમિયાન કુલ ૧૪૫ વિવિધ પ્રકારના દર્દીઓને સેવા - સહાય કરી છે. વધુમાં કચ્છથી મુંબઈ - કચ્છ જતી ટ્રેનોમાં ગંભીર રીતે બીમાર થયેલા ૫ દર્દીઓને જરૂરી સેવા અને સહાય આપવામાં આવી હતી. તે સિવાય ૨૦ લોહીની બોટલોની વ્યવસ્થા કરીને સંબંધિત બીમાર દર્દીઓને પણ આ સંસ્થા સમયસર સહાયરૂપ થઈ હતી, એમ ઉપરોક્ત સંસ્થાની એક યાદીમાં જણાવાયું હતું.

## વાર્તા વિહાર સાહિત્ય સભા - ભુજ

વાર્તા વિહાર સાહિત્ય સભા - ભુજનો છઠ્ઠો વાર્ષિકોત્સવ છઠ્ઠીબારી મહિલા મંડળ શિશુ વાટિકામાં યોજાયો હતો. પ્રારંભમાં સંસ્થા પ્રમુખ રમીલાબેન મહેતાએ પધારેલા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી સંસ્થાની છ વર્ષની સાહિત્યિક પ્રવૃત્તિની વિગતો આપી હતી. મંચસ્થ મહેમાનો શ્રી શંકરભાઈ સચદે, શ્રી કીર્તિભાઈ ખત્રી, ડૉ. રાજેશ બસીચા, પ્રા. ચૈતાલી ઠક્કર, શ્રીમતી પુષ્પાબેન વૈદ્ય અને ભુજ નગર અધ્યક્ષા લતાબેન સોલંકીએ દીપ પ્રાગટ્ય કર્યું. મહેમાનોનું સ્વાગત પ્રતિમા સોનપાર, રૂપલ મહેતા, કમલા ઠક્કર, નીતિન મહેતા, પુષ્પાબેન વૈદ્યએ પુષ્પ અને પ્રતીક ભેટ આપીને કર્યું. પ્રસંગ પરિચય અને મહેમાનોનો પરિચય અરુણા ઠક્કરે આપેલ. સ્વ. કનુભાઈ જોષી પ્રેરિત નિબંધ લેખનના વિજેતાઓ (૧) પૂજન જાની, (૨) ગીતા શાહ અને રોશિયા રમેશ, ડૉ. મિહિર વોરા અને શબાના ખોજાને સંસ્થા વતી પુસ્તકો અને હસ્તાબેન જોષી (કનુભાઈ પરિવાર)એ રોકડ પુરસ્કાર આપી પુરસ્કૃત કર્યા.

ડૉ. જયંત ખત્રીના નારી પાત્રો, એમની ખુમારી, બળવાખોર માનસ અને સંપૂર્ણપણે કચ્છનો પરિવેશ એ વિશે પ્રો. ચૈતાલીએ વાત કરી. તો કાંતિભાઈ ખત્રીએ જ્યાં જ્યાં વાર્તા આકાર પામી, એ માંડવીનો ચોક, મોરઝરની ભોયડ નદી, ખારોપાટ મુલક, રણમાં ઉડતી ધૂળની ડમરી વચ્ચે જીવતા માણસો વગેરે વાત ડૉક્ટરના સાહિત્યમાં જોવા મળે છે, એ વાતો સુપેરે કરી. શંકરભાઈ સચદેએ પણ ડૉ. ખત્રીની વાર્તા, એ સમયના લેખકો કરતાં ક્યાં ક્યાં જુદી પડે છે અને નવા સીમાચિહ્નો ઊભા કર્યા છે એ વિગતવાર જણાવ્યું હતું. ડૉ. રાજેશ બસિચાએ પણ કહ્યું પશ્ચિમના લેખકોની હરોળમાં બેસે એટલું અદ્ભુત વર્ણન, અચાનક આવતો અંત અને જકડી રાખે એવી લેખન શૈલીએ ડૉક્ટર ખત્રીનું નામ ગુજરાતી સાહિત્યમાં અમર કર્યું છે. શ્રી રાજેશ અંતાણી, ઝવેરીલાલ સોનેજી, ગૌતમ જોષી, ઉપેન્દ્ર ઉપાધ્યાય, ડૉ. ખત્રી પરિવાર, જયશ્રીબેન ઠક્કર, કાશ્મીરાબેન ભટ્ટ, રીટા પટવા, ખુશ્બુ સરવૈયા, ચેતના જોષી, જયદેવ જોશી, સ્વ. કનુભાઈ જોશી પરિવાર, હીનાબેન જોશી વગેરે કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

## શ્રી લોહાણા મહાપરિષદ
## "વૃક્ષો વાવો... ધરતી બચાવો – ૨૦૧૯"

રાષ્ટ્રીય વન નીતિ ૧૯૮૮માં જણાવ્યા મુજબ દેશમાં પ્રતિવર્ષ વનોની જમીનમાં ઘટાડો થઈ રહ્યો છે. જેના મુખ્ય કારણોમાં છે બળતણ, ઈમારતી લાકડું, ગૌણ વન પેદાશો વગેરે માટે વનોનો નાશ. સામે પક્ષે વનોનો ઉછેર, રક્ષણ તેમજ વૈકલ્પિક વનીકરણનો વેગ ખૂબ જ ઓછો છે. પર્યાવરણના મુખ્ય ઘટકોમાં આપણા અસ્તિત્વ માટે સૌથી મહત્ત્વનું ઘટક વન છે. પર્યાવરણના અન્ય ઘટકો જેમ કે જમીન, પાણી, વન્ય પ્રાણી, વાતાવરણ વગેરે ઘટકોની તંદુરસ્તીનો આધાર પણ વન ઉપર છે. હિંદુ સંસ્કૃતિમાં વૃક્ષોના આવા મહત્ત્વને કારણે વૃક્ષોની પૂજા કરવામાં આવે છે. આવી બાબતોને ધ્યાનમાં રાખી વનીકરણની પ્રવૃત્તિમાં વેગ લાવવા, ઘનિષ્ટ વૃક્ષારોપણ તથા સંવર્ધનની કાર્યવાહી કરવા તેમજ લોકોમાં આ બાબતે જાગૃતિ લાવવા શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણની સમિતિ દ્વારા 'વૃક્ષો વાવો, ધરતી બચાવો - ૨૦૧૯' અભિયાન શરૂ કરવામાં આવે છે.

**આ અભિયાન અંતર્ગત આપ આપની આસપાસ વધુમાં વધુ વૃક્ષો વાવો અને તેનું જતન કરો તેવી અપીલ છે.** વિવિધ સ્થળોએ અને જ્યાં જરૂર પડે ત્યાં સ્થાનિક પ્રસાશનની મંજૂરી લઈ વૃક્ષારોપણ કરી તેનું જતન કરીએ. આવો, સાથે મળીને ધરતીને નવજીવન આપીએ એમ શ્રી લોહાણા મહાપરિષદની એક યાદીમાં જણાવાયું છે.

*શરૂઆત કઠિન, અંત આસાન એવી ચીજ સત્કાર્ય.*

## ઉમા યોગ કેન્દ્ર - ભુજ દ્વારા મહિલા સામાજિક કાર્યકર ભાવના અશોક ઝવેરીનું સન્માન કરવામાં આવ્યું



કચ્છ - ભુજની ઉમા યોગ કેન્દ્ર સંસ્થા સામાજિક કામગીરી અને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ ક્ષેત્રે લાંબા સમયથી કાર્યરત છે. આ સંસ્થા દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે તા. ૩-૬-૨૦૧૯થી તા. ૮-૬-૨૦૧૯ દરમિયાન વિદ્યાર્થીઓ માટે રમત સાથે યોગ શિબિરનું ખૂબ સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભુજના અગ્રણી મહિલા સામાજિક કાર્યકર તથા ભુજથી પ્રકાશિત થતા 'કચ્છમિત્ર' અખબારના કોલમિસ્ટ ભાવનાબેન ઝવેરીએ અતિથિ વિશેષ તરીકેનું સ્થાન ગ્રહણ કર્યું હતું. ભાવનાબેન ઝવેરી 'કચ્છમિત્ર'ના માધ્યમથી નિયમિત રીતે વિવિધ પ્રકારની રમતની પ્રસ્તુતિથી વાચકવર્ગને ગમ્મત સાથે જ્ઞાનવૃધ્ધિ કરાવીને એક પ્રકારની ઉમદા સામાજિક સેવાનું પ્રદાન છેલ્લા ચાર વર્ષથી કરી રહ્યા છે. એટલું જ નહીં પરંતુ જનસેવા અને સામાજિક સેવા ક્ષેત્રે કાર્યરત એવી અનેક સંસ્થાઓ સાથે ભાવનાબેન ઘણા સમયથી સંકળાયેલા રહીને ઉત્કૃષ્ટ પ્રકારની સામાજિક સેવા થકી સૌને પ્રભાવિત કર્યા છે. તે ઉપરાંત સ્વાસ્થ્ય પ્રત્યે જન જાગૃતિ, ઉત્સવ થીમ, પ્રાણાયામ, યોગા તેમાં પણ સિનિયર સિટીઝન યોગા, બાળકો તથા મહિલા વિભાગને સ્પર્શતી રમત ગમતો વિકસાવીને ભાવનાબેન ઝવેરીએ એક આગવી ઓળખ ઊભી કરી છે. આ પ્રકારની તેમની સામાજિક સેવાની નોંધ લઇને ઉમા યોગ કેન્દ્ર - ભુજ દ્વારા તાજેતરમાં તેમનું ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનાબેન ઝવેરી દ્વારા તૈયાર થયેલ જ્ઞાનવૃધ્ધિ દાયક વિવિધ વિષયોની રમત-ગમત અમદાવાદથી પ્રકાશિત થતા 'મંગલ મંદિર' અને 'કચ્છશ્રુતિ' જેવા સામાજિક મુખપત્રમાં પ્રસિદ્ધ થાય છે. આ રીતે સાહિત્ય ક્ષેત્રે પણ તેમનું આગવું યોગદાન રહ્યું છે.

ભાવનાબેન સામાજિક સેવા અને સાહિત્ય ક્ષેત્રમાં સફળતાના હજુ વધારે ઊંચા સોપાનો સર કરે તેવી અભ્યર્થના.

## લંડન ખાતે યોજાયેલા વર્કશોપ માટે ભુજના કુ. વૃત્તિ ભટ્ટની પસંદગી

દેશની નામાંકિત અમદાવાદની સેપ્ટ યુનિવર્સિટીમાં માસ્ટર્સમાં અભ્યાસ કરતા છાત્રોમાંથી વિશ્વની પ્રથમ હરોળની કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક આદાન-પ્રદાન માટે ૨૨ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી. જેમાં ભુજની કુ. વૃત્તિ નીલેશ ભટ્ટ પણ સામેલ હતા. કુ. વૃત્તિ કચ્છમાં એચ.જે.ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં સિવિલ એન્જિનિયરિંગમાં સ્નાતક થયા બાદ સેપ્ટમાં અભ્યાસ કરે છે. ગત માસ દરમિયાન લંડન ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય કેમ્બ્રિજ વિન્ટર વર્કશોપમાં લંડનના વિશેષ બાંધકામ, આર્કિટેક્ચરલ, પ્લાનિંગ, પરિવહન, બિલ્ડિંગ ટેકનોલોજી વગેરે વિષયો પર અભ્યાસ સેમિનાર, વિઝિટ અને ચર્ચા આવરી લેવામાં આવ્યા હતા.

અત્રે નોંધનીય છે કે વૃત્તિ ભુજના જાણીતા પ્રાધ્યાપક સૂર્યકાંત ભટ્ટના પૌત્રી છે અને કચ્છ ચેમ્બરના પ્રમુખ રાજેશ ભટ્ટ અને નિકુંજ ભટ્ટના ભત્રીજી છે.

## ટૂંકુ ને ટચ...

★ આ લોકસભામાં ઊભા રહેલા ટોપ ૧૦ કરોડપતિમાંથી પાંચ વિજયી બની શક્યા છે. પાંચને હાર ખમવાનો વારો આવ્યો છે. ૧૧૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવતા સૌથી ધનિક ઉમેદવાર રમેશકુમાર શર્માને માત્ર ૧૫૫૬ મત મળ્યા હતા.

★ આ લોકસભામાં ૭૨૪ મહિલા ઉમેદવાર મેદાનમાં હતી, જેમાંથી ૨૫૫ ઉમેદવાર કરોડપતિ હતી. પહેલા નંબરે ૨૫૦ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે હેમા માલીની હતા.

★ ચૂંટણીની અસર વચ્ચે ગત એપ્રિલ મહિનાના દસ જ દિવસમાં તમામ રાજકીય પક્ષોને ૨૨૫૬ કરોડ રૂપિયાનું ડોનેશન મળ્યું છે.

★ એક આર.ટી.આઈ. રીપોર્ટમાં જાણવા મળ્યું છે કે ૯ મે ૨૦૧૯ થી ૨૪ મે ૨૦૧૯ સુધીના ૧૫ દિવસમાં લોકો અને કોર્પોરેટ દ્વારા ઈલેક્ટોરલ બોન્ડના માધ્યમથી વિવિધ રાજકીય પક્ષોને રૂપિયા ૮૦૦૦ કરોડનું દાન આપવામાં આવ્યું છે.

★ ૨૦૧૯ની ચૂંટણીમાં વિવિધ રાજકીય પક્ષો દ્વારા રૂપિયા ૬૦,૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

*દુઃખમાં ધર્મ થતો નથી અને સુખમાં ધર્મ કરવો નથી એ આજના માણસની નબળાઈ છે.*

# પ્રતિભાવ

## 'કચ્છશ્રુતિ' માસ મે-૨૦૧૯ : પ્રતિભાવ

પ્રા. સૂર્યકાંત ભટ્ટ સાહેબનો "પીડિતોની પીડા ટાળતા સંત : પૂ. ધ્યાની સ્વામીજી" વિશે તેમના કૌટુંબિક અનુભવ વર્ણનનો લેખ કચ્છશ્રુતિના ૧૫ મે, ૨૦૧૯ના અંકમાં વાંચ્યો. તેમણે જણાવેલ 'માનસ શક્તિ'ની વાત મેં હાલમાં જ વાંચેલ 'ઓટોબાયોગ્રાફી ઑફ એ યોગી – પરમહંસ યોગાનંદજી' જે જાન્યુઆરી ૧૮૯૩ – માર્ચ ૧૯૫૨ દરમિયાન બંગાળમાં થઈ ગયેલ, તેમણે પણ તેમના ગુરુ શ્રી યુક્તેશ્વર તેમજ તેમના ગુરુ લાહિરી મહાશય વિશે તેઓ એક જ સમયે બે જગ્યાએ દેખાતા. તેમજ શારીરિક અવસાન પછી પણ તેમની સાથે હાડમાંસના શરીર સાથે વાતો કરતા આ ગુરુઓની વાતો તેમના પુસ્તકમાં જણાવેલ છે.

તેમના સ્વાનુભવને જણાવતા પરમસંહે ચેપ્ટર ૪૩, ધી રીસ્લેક્શન ઑફ શ્રી યુક્તેશ્વર વિશે ૪૦૦મા પેજ ઉપર લખેલ એક વાક્ય – "Before my open and astonished eyes, the whole room was transformed into a strange world, the sunlight transmuted into supernal splendor. Waves of rapture engulfed me as I beheld the flesh and blood form of Shri Yukteshwar!" તેઓ આ જ પુસ્તકમાં કોસમોસ - બ્રહ્માંડ તેમજ "માનસ શક્તિ" વિશે લખતા કહે છે કે સમાધિમાં ઊંડા ઉતરી જ્યાં બેઠા હોય ત્યાંથી કોઈ પણ જગ્યાએ શારીરિક સ્વરુપે ઉપસ્થિત થવું, મટેરિયલાઈઝ થવું, વૈજ્ઞાનિક રીતે તે કેવી રીતે શક્ય છે તેની સમજ પણ ક્વોન્ટમ થિયરીને આધારે આ પુસ્તકમાં આપેલ છે. આવી જ વાતો એક અન્ય પુસ્તક શ્રી એમ (તેઓ મુસ્લિમ બાળક તરીકે દક્ષિણ ભારતમાં જન્મેલ) દ્વારા આલેખિત "હિમાલયના મહાયોગીના શરણે – એક યોગીની આત્મકથા"માં પણ જણાવવામાં આવી છે.

**પ્રા. ભટ્ટ સાહેબને તો પૂ. ધ્યાની સ્વામીના અનેક અનુભવો છે, જે તેમણે તેમના વિવિધ પુસ્તકોમાં જણાવેલ છે. તેમાંથી તેઓ અવારનવાર આવી પ્રસાદી પીરસતા રહેશે તો વાંચનારને પણ તેનો લાભ મળશે.**

*તુલસી કંસારા - અમદાવાદ*

★

*સંબંધો ઉપયોગીતાના નહીં, આત્મિયતાના હોવા જોઈએ.*

## 'કચ્છશ્રુતિ' માસ મે-૨૦૧૯માં ખૂબ જ સારા લેખ અને ઉપયોગી લેખન સામગ્રી

'કચ્છશ્રુતિ'નો માસ મે-૨૦૧૯નો અંક મળતા જ એકી બેઠકે વાંચી ગયો. આ અંકમાં છપાયેલ મેટર અંગે મારા પ્રતિભાવ એવા છે કે....

આ અંકમાં અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં 'કચ્છમિત્ર' મળવા લાગેલ છે તે સમાચાર વાંચી મારા ભૂતકાળની સ્મૃતિ થઈ. હું સને ૧૯૯૨ના અરસામાં વિજાપુરમાં ડેપો મેનેજર તરીકે હતો ત્યારે મારી ટેવ પ્રમાણે સવારના 'કચ્છમિત્ર' જોઈએ જ. પણ વિજાપુરમાં તે શક્ય ન હતું પરંતુ અમારી હેડ ઑફિસ સાથે મારા સારા સંબંધો હોવાથી, વિજાપુર-ભુજ બસ ચાલુ કરાવેલ હતી અને બપોરના અઢી વાગે મારા માટે 'કચ્છમિત્ર' ત્યાં પહોંચી આવતું હતું. મારા જેવી ટેવો બીજા ઘણાને હશે!

ઝવેરબેન રંગવાલાના દુઃખદ અવસાનના સમાચાર વાંચ્યા. આમ તો હું અને ડીસાના માજી કેબિનેટ મંત્રી સ્વ. દોલતભાઈ પરમાર તરુણ મિત્ર મંડળનું મુખપત્ર'તરુણ'નું તંત્રીપદ સંભાળતા હતા. વર્ષ ૧૯૬૨ના સમયની યાદ થઈ... રંગવાલા અને અમે તરુણ મિત્ર મંડળમાં સામાજિક પ્રવૃત્તિઓ કરતા હતા.

આ અંકમાં **સુશ્રી રમીલા પી. મહેતા**નો 'સદા પ્રસન્ન રહો'ની વાત અને લખાણ મને ખૂબ જ ગમ્યા. મને ઘણું જાણવા મળ્યું. એ જ રીતે **સુશ્રી પારૂલ આર. પટેલ**ની 'વ્યથાની કથા' આર્ટિકલ તો એટલો ગમ્યો કે વાંચ્યા પછી રીતસર મને આંસુ આવી ગયા. કેમકે, મારા નાના-નાની, સિંધ જવાના પગ રસ્તે આવતા ગામ બિબ્બરના વતની હતા અને મારી મા ભાગલા વખતની ઘણી વાતો કરતા કે એમના મા-બાપ પણ સિંધમાં વસવાટ કરતા હતા. એ સિંધની અને શેખ દાદાના માનવતાભર્યા માવજતની અને ઈન્સાનિયતની વાત હૃદયને સ્પર્શી ગઈ છે. પારૂલબેનને ખૂબ જ અભિનંદન.

અન્ય લેખો પણ સરસ છે. સૌને અભિનંદન.

*ધનજી કે. ભાનુશાલી, એડવોકેટ 'કડક બંગાલી' - ભુજ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

★

## 'કચ્છશ્રુતિ' પ્રતિભાવ

જાન્યુઆરી-૨૦૧૯ના અંકમાં શ્રી ઈન્દુલાલ ગાંધી રચિત કથાગીત "આંધળી મા નો કાગળ" તેમજ આ કાવ્યનો રસાસ્વાદ

*જે પાપો લોકોની નજરે નથી ચડતા, એ પાપો માણસ જલદી છોડી શકતો નથી.*

માણ્યો. એ પ્રસિધ્ધ ગીતમાં એક માતાની વેદના અને દુઃખનું પ્રતિબિંબ છે. મુંબઈના વ્યસ્ત જીવનમાં પુત્ર પરેશાન ન થાય તે માટે એક મા શિખામણના બે શબ્દો પત્ર મારફતે મોકલે છે. આ વર્તમાન સમયમાં પોતે પુત્રની ગેરહાજરીમાં મા ખૂબ તકલીફો વેઠે, જેનો હૃદયદ્રાવક ચિતાર આ કાવ્યમાં છે. સંકલનકર્તા જીના વીરેન શેઠને અભિનંદન!

*ઇશ્વરલાલ પરમાર - અમદાવાદ*

★

## 'કચ્છશ્રુતિ' ખૂબ જ સુંદર અને માહિતીસભર

'કચ્છશ્રુતિ' માસ મે-૨૦૧૯નો અંક પ્રસિધ્ધ 'ભારતના દવા ઉદ્યોગ', 'વાગડે ૯૦ દિ માં મબલખ જીરૂ પકવ્યું', 'શિક્ષણ જાગૃતિ', 'સંસાધન', 'સદા પ્રસન્ન રહો', 'લઘુકથા : જાગૃતિ', વિવિધતા, મેઘધનુષ સહિત પ્રગટ વિવિધ લેખો તથા અન્ય લેખન સામગ્રી સારી અને ઉપયોગી છે. કચ્છમિત્રની ગાંધીનગર ખાતે બેઠક ઉપરાંત **કીર્તિભાઈ**નો લેખ જળ સિંધુ, **ભીમજી નાકરાણી** તથા **તુલસીદાસ કંસારા**ના લેખો, શબ્દશોધ વગેરે માહિતી ખૂબ જ સુંદર અને માહિતીપ્રદ લાગે છે અને ગમે છે.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

★

## 'કચ્છશ્રુતિ' માસ મે-૨૦૧૯

'કચ્છશ્રુતિ' ૧૫ મે, ૨૦૧૯ના મુખપૃષ્ઠ પર કોયલનો ટહુકો સંભળાયો. દૃશ્ય જોઈ મેઘ મલ્હારનું ગીત ગાવાનું મન થયું. દુષ્કાળના કપરા સમયમાં નર્મદાના પાણીથી વાગડે નેવું દિવસમાં મબલખ જીરૂં પકાવ્યું – **નવીન જોષી**નો લેખ વાંચી આનંદ થયો. જાણવાનું મળ્યું. **ભોલાભાઈ ગોલીબાર**ના લેખમાં ખરાબ આદતો છોડવી. અન્નનો બગાડ - પાણીનો બગાડ - વીજળીનો બગાડ ન થાય તેનું દરેકે ધ્યાન રાખવું જોઈએ એની સમજણ આપી છે. એ પ્રમાણે અમલ કરવો જોઈએ. મહાન બનવા માટે નાના મોટા કામ કરવા જોઈએ એની ઘણી જ સુંદર રીતે સમજણ આપી છે. એ અત્યારના સમયમાં ઘણું જ જરૂરી છે. તંત્રીલેખમાં ભારતના દવા ઉદ્યોગમાં બેફામ નફાખોરી. ચાર્ટમાં બ્રાન્ડેડ દવા તથા જનરિક દવાના MRP ભાવની સરખામણી કરી જણાવેલ છે. એની વિગત ઘણી જ સ્પષ્ટતાપૂર્વક જણાવેલ છે અને દરેકે જાણવી જોઈએ. તંત્રીશ્રી આપની કલમમાં માતા સરસ્વતીના આશીર્વાદ છે એવું જણાય છે. આપને ખૂબ જ ધન્યવાદ. કચ્છશ્રુતિમાં અન્ય લેખ અને કાવ્યો વાંચનમાં શ્રેષ્ઠ છે.

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

## વિસરાઈ ગયેલી બાળપણની વિરાસત

**(અનુ. : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)**

ખેંચ રમતો રમવી બહુ જ ગમતી. એ બાળપણના દિવસો યાદ આવી જાય.

**૬.** છટ્ઠી આડી લાઈનના નંબરો.

***જવાબમાં :*** અમે બહેનપણીઓ ભેગી થઈએ ત્યારે અડકોદડકો, ટપાટપી, ઠેરીની રમતો અને ખો-ખો રમતો બહુ જ રમ્યા છીએ.

**૭.** ફુલ હાઉસી - જેના બધા જ નંબર થઈ જાય તે.

***જવાબમાં :*** અમે ભાઈ-બહેનો આ બધી જ રમતો રમ્યા છીએ. આજે એ બાળપણના સોનેરી દિવસો નજર સામેથી નીકળી ગયા.

**ટ્વિસ્ટ :** આ રમતમાં તમારે જે લાઈન થાય તે તમારે 'મારી ત્રીજી લાઈન થઈ ગઈ' એમ નથી બોલવાનું પણ તે રમતોના નામ બોલવાના રહેશે. નહીં તો તમે આઉટ થઈ જસો. તમારી રીતે આગળ-પાછળ વાક્યો બનાવી ગેમના નામ બોલવાના રહેશે.

**ટ્વિસ્ટ :** આ ગેમ જો તમે પિકનિક કે બગીચામાં રમાડતા હો તો આ બધી ગેમમાંથી શક્ય હોય તેટલી ગેમની વસ્તુઓ સાથે લઈ જાવ અને ત્યાં બધા આ રમતો રમીને બાળપણને યાદ કરો.

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258

**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

K C I **KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110

**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall, Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

# શબ્દ શોધ : ૮૪

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | | ૪ | ■ | ૫ | |
| ૬ | | ૭ | | ■ | ૮ | | | ■ |
| ■ | ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | | |
| | ■ | ૧૬ | | ■ | ૧૭ | | ■ | |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | ■ | ૨૧ | ૨૨ | |
| ■ | | ■ | ૨૩ | | ૨૪ | ■ | | ■ |
| ૨૫ | | | ૨૬ | ■ | ૨૭ | | | ૨૮ |
| | ■ | ૨૯ | | | | ■ | ૩૦ | |

## આડી ચાવીઓ

૧. નિષેધ (૨)
૩. ફાયદો ન હોય તેવો વેપાર (૩)
૫. '_____ તારા છે હજાર નામ, કયા નામે લખવી કંકોત્રી?' (૨)
૬. ધન્ય! એવો બોલ કે ઉદ્‌ગાર (૪)
૮. શરમાળ સ્વભાવનું (૩)
૯. એક તેજાનો (૨)
૧૦. પંખી (૨)
૧૧. ઉંદરનું ઘર (૨)
૧૩. દુશ્મનાવટ (૨)
૧૪. ઊન વગેરેની શેતરંજી (૨)
૧૫. લાજ (૩)
૧૬. સંતાન, સંતતિ (૨)
૧૭. 'શોલે' ફિલ્મનું એક પાત્ર (૨)
૧૮. ગોઠવણી, વ્યવસ્થા (૩)
૨૧. મીઠા પાણીનું જળાશય (૩)
૨૩. આંખની કીકી (૩)
૨૫. ઉઝરડા (૪)
૨૭. વાતરોગથી પીડાતું (૪)
૨૯. ડાળા નામની વનસ્પતિના મૂળ કે જેનો બોળો કરી અથાણા કરવામાં આવે છે (૪)
૩૦. ગયેલું, વીતેલું (૨)

## ઊભી ચાવીઓ

૧. મધમાખી શું એકઠું કરે? (૨)
૨. નહીં નર કે નહીં નારી એવું (૪)
૩. સનાતન ધર્મનો આદિ ધર્મગ્રંથ (૨)
૪. ચપળ આંખવાળી સ્ત્રી (૩)
૫. દાળ-શાક વિ.માં મસાલા તરીકે વપરાતી એક ઔષધિ (૪)
૭. થાકી કે હારી ગયેલું (૨)
૧૦. અપ્સરા (૨)
૧૨. મોટું તોફાન, ભારે ધાંધલ (૪)
૧૩. વેલ્લો, સ્ત્રીના કાનનું એક ઘરેણું (૩)
૧૪. 'તારક મહેતા કા...' ટી.વી. શ્રેણીનું એક જાણીતું પાત્ર (૨)
૧૫. પથારીમાં સૂવું એ (૩)
૧૬. વગર (૨)
૧૯. દુનિયા, આલમ (૩)
૨૦. પતિ, સ્વામી (૨)
૨૨. શરીરમાં વાયુના પ્રકોપથી થતા અનેક રોગોમાંનો તે તે રોગ (૪)
૨૩. આકાશમાં ઉડતા પ્લેન વિ. કયા યંત્રમાં દેખાય? (૩)
૨૪. પલંગમાં ભરવાની પાટી (૩)
૨૫. સ્નેહી સંબંધીઓને જમાડવાનો પ્રસંગ, સામૂહિક ભોજન કરવાનું હોય તેવો પ્રસંગ (૨)
૨૬. રક્તવાહિની (૨)
૨૮. ગાઈ શકાય તેવી રચના (૨)

## શબ્દશોધ : ૮૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| આ | મ | ■ | સ | લો | સ | લ | ■ | સ |
| શં | ક | ર | ■ | ક | ■ | ગા | ફે | લ |
| કા | ર | ણ | ■ | સ | હ | ન | ■ | મા |
| ■ | જ | ■ | સ | ભા | ન | ■ | ધ્યા | ન |
| બ | ના | ર | સ | ■ | ન | વ | ■ | ખા |
| જ | ■ | ક | ણી | ■ | ■ | જ | મી | ન |
| રં | ■ | મ | ■ | સ | ન | ન | ન | ■ |
| ગ | મે | ■ | ■ | વા | સ | ■ | ધ્વ | જ |
| ■ | ઘ | ન | ઘો | ર | ■ | હ | જ | મ |

## શબ્દ શોધ : ૮૨ / ૮૩ નો ઉકેલ મોકલાવનારના નામ

● નીલેશ વી. શાહ - ભુજ
● દિલીપ કે. શાહ - ભુજ
● સુવાસ ડી. ગોર - ભુજ
● ભરત ડી. સંઘવી - અંજાર
● અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
● પુનિત સી. ઠક્કર - માંડવી
● ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
● મહાભાઈ આર. વોરા - ભુજ
● કમલ વિજયકુમાર ઠક્કર - નખત્રાણા
● અભય સી. મહેતા - મુંદ્રા
● વર્ષા વી. ગોર - ગાંધીધામ
● દીપેશ કાંતિલાલ શાહ - અમદાવાદ
● પ્રિયા ચેતન વોરા - અંજાર
● પ્રવીણ મોહનલાલ વોરા - ભુજ
● રમીલા જે. ગોર - ભુજ
● અશોક એન. મહેતા - ભુજ

*દીવાલ, દલાલ અને દલીલબાજી એ સંબંધોના દૂધ માટે લીંબુનું કાર્ય કરે છે.*

વૈવિધ્ય

# વિસરાઈ ગયેલી બાળપણની વિરાસત



ભાવના એ. ઝવેરી

અત્યારના સમયનું ચિત્ર તો સાવ અલગ જ છે. ઘરમાં કે બહાર, જ્યાં નજર કરશો ત્યાં ગ્રુપ હશે કે ૩/૬ ફ્રેન્ડ હશે, મોબાઈલમાં ઊંધું ઘાલીને પડ્યા હશે. કોઈ પાસે નવી રમતો, નવી વાતના ટોપિક નથી. અત્યારની જનરેશન... બાપ રે... બાળપણમાં જે રમતો રમાતી એના ૨૪ ચિત્રો આપ્યા છે.

અત્યારની જનરેશનના બાળકોના મમ્મી-પપ્પા આ રમતો રમ્યા હશે... આ ગેમ નાના-મોટા બધા રમી શકશે.

આ ગેમ બે રીતે રમી શકાશે.

**રીત-૧ :** રમનાર બધાને આપેલા ચિત્રની કલર પ્રિન્ટની ઝેરોક્ષ અને પેન આપો.

**ક્લુ :** ચિત્ર જોઈને તે રમતોનાં નામ લખવાના છે. જે સૌથી વધારે અને સાચા લખે તેને વિનર જાહેર કરો.



તમારી યાદી માટે ચિત્ર પ્રમાણે રમતોનાં નામ આપ્યા છે. (૧) કબડ્ડી, (૨) નાગોલિયો, (૩) થાપો, (૪) કેરમ, (૫) ગોફણ, (૬) લુડો, (૭) ધમાલ ધોકો, (૮) સાપસીડી, (૯) ચોપાટ, (૧૦) દોરી કૂદવી, (૧૧) ટમેટું-ટમેટું, (૧૨) એક્કા-દુક્કા પગથિયા, (૧૩) ટાયર ફેરવવા, (૧૪) ગરિયો ફેરવવો, (૧૫) કોથળા દોડ, (૧૬) સાંકળ બનાવવી, (૧૭) મોઈ-દાંડી, (૧૮) પાંચીકા, (૧૯) લંગડી દાવ, (૨૦) રૂમાલ ખેંચ, (૨૧) અડકો દડકો, (૨૨) ટપાટપી કરવી, (૨૩) ઠેરીની રમત, (૨૪) ખો-ખો.

આ લિસ્ટ ચિત્રની આડી લાઈન મુજબનું છે.

**રીત-૨ :** આ ગેમ ગમે તેટલા સભ્યો સાથે ગ્રુપમાં રમી શકાશે. રમનારની સંખ્યા પ્રમાણે આપેલા ચિત્રની પ્રિન્ટ કઢાવી કલર ઝેરોક્ષ કરાવો... તે જ કાગળમાં રમતના નામનું લિસ્ટ પણ આપો અથવા ચિત્રની નીચે તે રમતનું નામ લખી નાખો.

રમનાર દરેકને પેન સાથે તે કાગળ આપો. આ થઈ ગઈ તેમની બિંગો રમતની ટિકિટ. બધાએ ૧થી ૯૦ નંબરમાંથી પસંદગીના નંબર દરેક નામ પાસે અથવા ચિત્રમાં સાઇડમાં લખી નાખો. રમાડનાર હાઉસીના બોર્ડ અને નંબરથી આ ગેમ રમાડશે.

આ રમતના નિયમો પણ હટકે છે... તો તેના વિશે...

**૧.** પહેલી આડી લાઈનના ચાર નંબર થઈ જાય તે વિનર.

*જવાબમાં :* હું નાની હતી ત્યારે કબડ્ડી, નાગોલિયો, થાપો, કેરમ બહુ જ રમતો હોં... ઘણી મજા કરી છે.

**૨.** બીજી આડી લાઈનના નંબર.

*જવાબમાં :* અમારી દસની ટોળી હતી. રોજ સાંજે ગોફણ, લુડો, ધમાલધોકો, સાપસીડી રમતો રમતા... ખૂબ આનંદ કર્યો છે.

**3.** ત્રીજી આડી લાઇનના નંબર

*જવાબમાં :* વેકેશનમાં મામાને ઘરે જતા ત્યારે અમે દોરીકૂદ, ટમેટું-ટમેટું, પગથિયા ગેમ રમતા. મોટા લોકો ચોપાટ રમતા.

**૪.** ચોથી આડી લાઇનના નંબર

*જવાબમાં :* અમારા મહોલ્લામાં અમારું તોફાની ગ્રુપ હતું. રોજ સાઇકલના ટાયર ફેરવતા, ગરિયો ફેરવતા, કોથળા દોડ, સાંકળ ચેઈન રમતા. પડતા, આખડતા, પણ જબરી મસ્તી કરતા...

**૫.** પાંચમી આડી લાઇનના નંબર

*જવાબમાં :* મને મોઇ-દાંડિયો, પાંચીકા, લંગડી દાવ, રૂમાલ

**(અનુ. : જુઓ પાના નં.-૩૬ ઉપર)**

## તારો કન્હૈયો

માવડી તું મારી, હું તારો કન્હૈયો
સહુનો ગિરધર ગોપાલ, તારો છૈયો કનૈયો...

ગોવર્ધન ઉપાડતો ને ગેડીદડે રમતો
કાલીય મર્દન કરતો પણ માખણચોર હું
તારો ગોવાળિયો માવડી...

રાધા-ગોપી સંગ રાસે રમંતો બંસી બજૈયો
નિત નવા વેશ ધારણ કરતો તારો કન્હૈયો
માવડી તું મારી...

જગ આખાનો બન્યો હું ખેવૈયો
લોકને ભવ પાર ઉતારે તારો કન્હૈયો
માવડી તું મારી...

દેવકીનો થયો પણ તારો લાડકવાયો
નંદ બાબાનો છૈયો, પણ તારો કન્હૈયો.
માવડી તું મારી, હું તારો કન્હૈયો....

*રમીલા પી. મહેતા - ભુજ, કચ્છ*
*મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯*

## ....ઉપલબ્ધ છે

*પોતાના હાથમાં જ પોતાનું પ્રારબ્ધ છે,*
*સમજાતું નથી તોયે કેમ સૌ સ્તબ્ધ છે?*
*પામી શકો "સોમૈયા" તો ખામી નથી અહીં,*
*સુવિધાઓ સુખની કેટકેટલી ઉપલબ્ધ છે.*

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ*

## હાઈકુ

સંસ્કાર ના
આભૂષણ દીપે
હવે માનવી.

શમણા દાટી
લાશ સામે દુનિયા
કબર ચણે!

સુનામી ગઈ,
હવે ડરે માનવી
કુદરતથી!

કવિતાઓ છે
કવિના દુઃખ રજૂ
કરવા વાત.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## જભાપ ડે તૂં...

બપોરજો ખેતરમેં ખાધેજો અચે
ઉ ભતાર ચોવાજે,
ઑફિસમેં અચે ટિફિન
પગજે અવાજ ડીયા કન થીએં
સરવા, ઉ જાંજર ચોવાજે, ત
અચિસેં ટપ ડિઇ છણે ઉ કુરો?

આંઉ ક્યોં સે સવાલ
હાણે જભાપ ડે તૂં....

અચિંધલજી વાટ ન્યારે અખિયું ઉભરાજે
નેં અસું નિકરે પ્યા બાર
પણ ધિલજો ઉભરો જડે હથમેં ન રે
તડે અખિયેંસે ખીર અચેં કે નીર?

આંઉ ક્યોં સે સવાલ
હાણે જભાપ ડે તૂં....

સિંધુરીયો પાણો પૂજાજે ત પીર ચોવાજે
ને ધિલમેં ઉગે હુ કારાયલ મોર
ભર જુવાનીમેં સાથ છડે વ્યા 'કડક બંગાલી'
તડે ભીતું બોલે કે અચે અણસાર?

આંઉ ક્યોં સે સવાલ
હાણે જભાપ ડે તૂં....

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી', એડવોકેટ - ભુજ, કચ્છ*

## હાઈકુ

નિર્જન રણ
સૂમસામ છે પંથ
કંઠે તરસ!

એક ટહુકો
રઝળે નગરમાં
કોણ સાંભળે?

હું મને મળું
પ્રતિદિન સતત
તોય અજા!

આ છે શહેર
કોલાહલ ને ભીડ!
સૌ પરેશાન!

*ઇશ્વરલાલ પરમાર - અમદાવાદ*

*કટુ સ્મૃતિ એક એવી વસ્તુ છે કે જે જીવનને જેલ અને જીવતરને ઝેર બનાવી દે છે.*

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# સરસ્વતી સન્માન : ૨૦૧૮-૨૦૧૯

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા સમાજમાં ઉચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવનાર છે. ઉચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થનાર અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કોઈ પણ કચ્છી વિદ્યાર્થીને સરસ્વતી સન્માનનું ફોર્મ ભરીને સમાજના કાર્યાલય પર ત્વરીતપણે મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

અત્યાર સુધી દર વર્ષે ધોરણ-૧૦, ધોરણ-૧૨, કન્યા પારિતોષિક (ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨માં સમાજમાં પ્રથમ આવનાર કન્યા), ઉચ્ચ શિક્ષણ તથા વિશિષ્ટ પ્રતિભાઓને પારિતોષિક આપવામાં આવતા હતા. પરંતુ વર્ષ ૨૦૧૬-૨૦૧૭થી આ યોજનામાં ધોરણ-૧થી ધોરણ-૯ના વિદ્યાર્થીઓને પણ પારિતોષિક આપવામાં આવે છે.

આથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના દરેક સભ્ય પરિવારને ઉત્તીર્ણ થયેલા તેમના પાલ્યના ફોર્મ ભરીને તરતમાં સમાજની ઓફિસ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

દરેક ધોરણના પારિતોષિકો નીચે મુજબ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| *૧.* | *ધોરણ-૧૦* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૨.* | *ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૩.* | *ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૪.* | *કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક* | *ધોરણ-૧૦, ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) તથા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં સમાજમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થિનીને.* |
| *૫.* | *ઉચ્ચ શિક્ષણ પારિતોષિક* | *કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૬.* | *વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક* | *કોઈ પણ યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ અથવા સ્પોર્ટસ, કલા, વિજ્ઞાન, આઈ.ટી. તથા અન્ય વિભાગો વગેરે ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ મેળવનાર પ્રતિભાને.* |
| *૭.* | *ડિપ્લોમા શ્રેષ્ઠતા પારિતોષિક* | *ડિપ્લોમા કોર્સની કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં દરેક ફેકલ્ટીમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૮.* | *ધોરણ ૧ થી ૪* | *૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવશે.* |
| *૯.* | *ધોરણ ૫ થી ૯* | *૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને દરેક ધોરણમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીનું યોગ્ય બહુમાન કરવામાં આવશે.* |

આ રીતે શ્રી કચ્છી સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૧૬-૨૦૧૭થી સરસ્વતી સન્માનને ખૂબ જ વિસ્તૃત સ્વરૂપ આપેલ છે કે જેથી સમાજમાં અભ્યાસ કરતા કોઈ પણ ધોરણના વિદ્યાર્થી તેમજ ઉચ્ચ અભ્યાસ અને ડિગ્રી તથા ડિપ્લોમાની પદવી મેળવનાર કોઈ પણ વિદ્યાર્થી આ યોજનામાં સામેલ થઈ શકે છે.

વિદ્યાર્થીઓને ભરવાના ફોર્મ અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે. એ ફોર્મ વહેલી તકે ભરીને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

દરેક વિદ્યાર્થી અથવા તેના વાલીને અપીલ કરવામાં આવે છે કે દરેકે પોતાના ફોર્મ ભરીને સંસ્થાના કાર્યાલય પર મોડામાં મોડા તા. ૧૫-૬-૨૦૧૯ના રોજ મળે એ રીતે મોકલી આપવાના રહેશે. કેમકે આ વર્ષે સરસ્વતી સન્માનનો કાર્યક્રમ તા. ૪-૭-૨૦૧૯ના રોજ યોજવામાં આવનાર છે. જે પરીક્ષાના પરિણામો તા. ૧૫-૬-૨૦૧૯ બાદ આવવાના હોય તેમનું સન્માન, આ પછીના વર્ષે કરવામાં આવશે કે જેની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

**દીપક ચૌહાણ**

**કન્વીનર : શૈક્ષણિક સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

*વચનથી કદાચ મિત્રો બની તો જાય પરંતુ ટકે છે તો સદ્‌વર્તનથી જ.*

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# બાકી રહેતી સરસ્વતી સન્માનની યોજનાઓ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૧૬-૧૭થી સરસ્વતી સન્માનની યોજનાને વિસ્તૃત સ્વરૂપ આપી દરેક ધોરણ તથા ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ સહિત લગભગ દરેક ફેકલ્ટીને આવરી લેતી સન્માનની યોજના દાખલ કરેલ છે.

ઉપરોક્ત નિર્ણયના અનુસંધાને મોટાભાગના પરિવારોના બાળકો આ યોજના અંતર્ગત લાભ મેળવી શકશે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને પણ અનેક વિદ્યાર્થીઓના સન્માનનો લાભ પ્રાપ્ત થઈ શકશે.

***સરસ્વતી સન્માનની અનેક યોજનાઓના સૌજન્યનો લાભ બાકી રહે છે. નીચે આપેલ વિગત પ્રમાણેના ધોરણોના સન્માનના સૌજન્યનો લાભ લેવા સમાજના ઉદારદિલ સભ્યોને હાર્દિક અપીલ કરવામાં આવે છે.***

| ક્રમ | ધોરણ | સૌજન્યની રકમ (૧૦ વર્ષની અવધિ) | વિગત |
|---|---|---|---|
| ૧. | ધોરણ – ૧ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૨. | ધોરણ – ૨ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૩. | ધોરણ – ૩ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૪. | ધોરણ – ૪ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૫. | ધોરણ – ૫ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૬. | ધોરણ – ૬ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૭. | ધોરણ – ૭ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૮. | ડિપ્લોમા અભ્યાસક્રમની વિવિધ શાખાઓ | રૂા. ૧.૫૧ લાખ | કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને દરેક ફેકલ્ટીમાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને. |

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૧૬-૧૭થી સરસ્વતી સન્માનની યોજનાના ફલકને વિશાળ સ્વરૂપ આપેલ હોવાથી, આ યોજનામાં સહયોગ આપવા દરેક ઉદારદિલ પરિવારને અપીલ કરવામાં આવે છે.

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# સરસ્વતી સન્માન યોજના : લાભ લીધેલ દાતાશ્રીઓની નામાવલિ

- ★ *ધોરણ-૧૦, ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક સૌજન્યદાતા : મંજુલાબેન હરખચંદ સાવલા*
- ★ *ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક સૌજન્યદાતા : નરેન્દ્ર છગનલાલ શાહ*
- ★ *ઉચ્ચ અભ્યાસ શ્રેષ્ઠતા પારિતોષિક (સ્પેશિયલ એચિવમેન્ટ) : ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ*
- ★ *કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક : ઝવેરબેન રંગવાલા*
- ★ *ધોરણ-૯ શ્રેષ્ઠતા પારિતોષિક : શ્રી રમેશભાઈ રવજીભાઈ ધોરાઈ (મુલુંડ - મુંબઈ)*
- ★ *ધોરણ-૮ શ્રેષ્ઠતા પારિતોષિક : વિમળાબેન શાંતિલાલ શાહ*

*સમજદારને અને સાચાને સમાધાનો કરતા રહેવું પડે છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## મે / જૂન - ૨૦૧૯

★ **બુધવાર, તા. ૮-૫-૨૦૧૯**

- શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા સમાજની ઑફિસ પર આવેલ હતા. તેમની પાસેથી બ્રાન્ડેડ દવા તથા જનરિક દવાના ભાવતાલની વિગતો મેળવી. કચ્છશ્રુતિના મે-૨૦૧૯ના અંક માટે તંત્રીલેખ લખ્યો.

★ **શુક્રવાર, તા. ૧૦-૫-૨૦૧૯**

- કચ્છશ્રુતિ અષાઢી બીજ વિશેષાંક – વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક માટે કેટલીક મેટરો તૈયાર કરી તેનું ફાઇનલ લિસ્ટ મુદ્રા પ્રિન્ટર્સને મોકલવા તૈયાર કર્યું.

★ **શનિવાર, તા. ૧૧-૫-૨૦૧૯**

- સમાજની ઑફિસ પર આજે શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી અશોક મહેતા એકત્રિત થયેલ હતા. અષાઢી બીજ કાર્યક્રમના અનુસંધાને ભંડોળ એકત્રિત કરવા બાબતે ચર્ચા કરવામાં આવી.

★ **સોમવાર, તા. ૧૩-૫-૨૦૧૯**

- કચ્છી નૂતન વર્ષના મનોરંજન કાર્યક્રમની પ્રેક્ટિસ કરવા માટે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના બેઝમેન્ટનો હોલ ફાળવવા માટે કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ પર વિનંતી કરતો પત્ર મોકલવામાં આવ્યો.

★ **શનિવાર, તા. ૧૮-૫-૨૦૧૯**

- આજરોજ સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિની એક મીટિંગ કચ્છી નૂતન વર્ષના મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવા અંગે મળેલ હતી. આ મીટિંગમાં શ્રી ભરત ઓઝા, શ્રી રજનીકાંત પારેખ, ડૉ. કેતન શાહ, શ્રીમતી રેખાબેન પટેલ, શ્રીમતી કિરણબેન ઠક્કર, શ્રીમતી નેહા મનીષ ખોના, શ્રીમતી મીતાલીબેન વરૂ વગેરે ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમ અંગે દરેક ગ્રૂપની અત્યાર સુધીની કાર્યવાહી વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **શનિવાર, તા. ૨૫-૫-૨૦૧૯**

- કચ્છશ્રુતિના અષાઢી બીજ વિશેષાંક માટે શુભેચ્છક તરીકે સહકાર આપવા કેટલાક મહાનુભાવોને પત્રો મોકલવાના શરૂ કર્યા.

★ **ગુરુવાર, તા. ૩૦-૫-૨૦૧૯**

- કચ્છશ્રુતિ અષાઢી બીજ વિશેષાંક માટે અત્યાર સુધી નીચે મુજબના મહાનુભાવોના નામ શુભેચ્છક તરીકે નક્કી થયેલ છે : (૧) શ્રી કચ્છી વડનગરા નાગર મંડળ, (૨) શ્રી કમલેશભાઈ મનુભાઈ શાહ, (૩) શ્રી ચીમનભાઈ પલણ, (૪) શ્રી વી. આર. ગોપાણી, (૫) શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા, (૬) શ્રી હરસુખભાઈ વિશ્રામભાઈ પટેલ, (૭) શ્રી જ્ઞાન ભાનુશાળી, (૮) શ્રીમતી રેખાબેન વી. પટેલ, (૯) શ્રી નીતિન ધનજી ગાલા, (૧૦) શ્રી મનુભાઈ શાહ (ગૂર્જર પરિવાર), (૧૧) શ્રી ચંદ્રકાંતભાઈ ગડા (બ્લ્યુ સ્ટાર), (૧૨) શ્રી અનિલ રામજી હરિયા, (૧૩) શ્રી પ્રાણલાલ એન. સોની, (૧૪) શ્રી કે. આર. શાહ.

★ **શુક્રવાર, તા. ૩૧-૫-૨૦૧૯**

- શ્રી સુરેશચંદ્ર મહેતા આજરોજ સ્પાન ખાતેની ઑફિસ પર આવેલ હતા. નર્મદાના પ્રશ્ને તેમણે કરેલ આર.ટી.આઈ. અને નિગમમાંથી તેના આવેલ જવાબ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **શનિવાર, તા. ૧-૬-૨૦૧૯**

- તા. ૪-૭-૨૦૧૯ના નૂતન વર્ષ મિલન સમારંભના ખર્ચના આયોજનના અનુસંધાને શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા તથા શ્રી જગદીશભાઈ ઠક્કરે આજરોજ શ્રી ચીમનભાઈ પલણ અને શ્રી કીર્તિભાઈ બારૂની રૂબરૂમાં મુલાકાત લીધેલ હતી. બંને મહાનુભાવો તરફથી સુંદર સાથ અને સહકાર સાંપડેલ હતો.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### શ્રી ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરીને પુસ્તકો ભેટ મળ્યા...

### સાભાર સ્વીકાર

નીચે જણાવેલ મહાનુભાવો તરફથી કેટલાક વિવિધ વિષયોના પુસ્તકો અત્રેની સાર્વજનિક લાઇબ્રેરીને સપ્રેમ ભેટ મળ્યા છે.

- શ્રી રવિ પેથાણી 'તિમિર' - અમદાવાદ ૫૬ પુસ્તક
- શ્રીમતી અરુણાબેન અરુણ ઠક્કર - ભુજ ૭ પુસ્તક

**ઉપરોક્ત હિતેચ્છુઓનો ખૂબ ખૂબ આભાર.**

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## સરસ્વતી સન્માન : ૨૦૧૮-૧૯

છાત્રની તસવીર

**Name of the Student :** છાત્રનું પૂરું નામ : ____ **Father / Husband's Name** પિતા / પતિનું નામ : ____ **Surname** અટક : ____

**Address /** સરનામું : ____

____

**Mobile / Contact No. /** મોબાઈલ / સંપર્ક નંબર : ____

**E-mail /** ઈ-મેઈલ : ____

**Gnati & Samaj's Name**
જ્ઞાતિ અને સમાજનું નામ : ____

**Date of Birth :** જન્મ તારીખ : ____ **Age /** ઉંમર : ____

**Last Academic Degree :**
છેલ્લા અભ્યાસક્રમની / ડિગ્રીની વિગત :
(૧) ધોરણ ૧ થી ૯ અથવા ધોરણ-૧૧ ____
(૨) ધોરણ ૧૦ અને ૧૨ ____
(૩) ડિગ્રીની વિગત ____
(૪) ડિપ્લોમાની વિગત ____

**Name of University / College / School**
યુનિવર્સિટી / કૉલેજ / શાળાનું નામ : ____

**Result :** પરિણામ ____ **Year of Passing** ઉત્તીર્ણ થયાનું વર્ષ : ____

**Total Marks :** કુલ માર્કસ : ____ **Obtained Marks** મેળવેલા માર્કસ : ____ **Percentage / Grade** ટકાવારી / ગ્રેડ : ____

**Details of other Professional Courses or any special achievement, if done.**
અન્ય કોઈ પ્રોફેશનલ કોર્સ કર્યો હોય અથવા કોઈ ક્ષેત્રમાં ખાસ ઍવોર્ડ / સન્માન / મેડલ પ્રાપ્ત કર્યા હોય તો તેની વિગત

____

____

____

- ઉપરોક્ત લાભ લેવા અર્થે પરિવારના કોઈ સભ્ય સમાજના નોંધાયેલા સભ્ય હોવા જરૂરી છે.
- આપના પરિવારમાંથી નોંધાયેલ સભ્યનું પૂરું નામ કચ્છમાં ગામ નોંધણીનું વર્ષ વગેરે વિગત આપવી.

  સભ્યનું પૂરું નામ : ____ કચ્છમાં ગામ : ____ નોંધણીનું વર્ષ : ____
- સમાજ દ્વારા પ્રકાશિત થતા માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના આપ સભ્ય છો? હા / ના.

***Applicant's Sign.*** **/** વિદ્યાર્થીની સહી ***Parent/Guardian's Sign.*** **/** પેરેન્ટ ગાર્ડિયનની સહી

૧. એક ઘરમાં એકથી વધુ વિદ્યાર્થી હોય તો સૌપ્રથમ ફોર્મની ઝેરોક્ષ કરાવવી અને ત્યારબાદ દરેક વિદ્યાર્થીના અલગ અલગ ફોર્મ ભરવા.

૨. ફોર્મમાં જણાવેલ વિગત સંપૂર્ણ અને સારી રીતે લખવી.

૩. યોગ્ય કિસ્સામાં માર્કશીટ / રીઝલ્ટની ફોટો નકલ, ફોર્મ સાથે અવશ્ય મોકલાવવી.

૪. ફોર્મની વિગત બરાબર તપાસીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ના સરનામા સાથે સમાજના કાર્યાલય પર મોકલાવી આપશો.

૫. શૈક્ષણિક ક્ષેત્રે કોઈ ઉચ્ચત્તમ સ્થાન મેળવીને મેડલ / ઍવોર્ડ મેળવેલ હોય તો તેની વિગત અલગ પત્રમાં જણાવવી.

૬. શિક્ષણ સિવાય અન્ય કોઈ ક્ષેત્રમાં કોઈપણ સ્થળે માન, સન્માન, ઍવોર્ડ, મેડલ વગેરે મેળવેલા હોય તો તેની વિગત પણ અલગથી જણાવવી.

૭. સંપૂર્ણ વિગત અને જરૂરી બિડાણ સાથે ફોર્મ સમાજના કાર્યાલય પર **તા. ૨૫-૦૬-૨૦૧૯ સુધી** મોકલાવી આપવું.

૮. આપના પરિવારમાંથી કોઈપણ એક સદસ્ય આ સમાજમાં નોંધાયેલા સભ્ય હોવા જરૂરી છે.


VINAYAK500®
ટી.એમ.ટી. સળીયા
...કરીએ
વિશ્વાસનું નિર્માણ
AN ISO 9001-2008 COMPANY
VINAYAK TMT BARS PVT. LTD.
Available Grades Fe 500 / Fe 500 D
8 mm - 32 mm available
on demand Quality, Supply and Service
S.K. Mishra (AGM Mkt.) +91 99099 43194
Jayesh Bhalerav (Mkt. Manager) +91 99099 30148
E-mail : sales@vinayaktmtbars.com / www.vinayaktmtbars.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ




**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયોલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈમરજન્સી
- ફેમિલી મેડિસીન
- ફીટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જીનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગનેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડિસીન
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિએશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- ર્હ્યુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org


એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS



**BRASS**
CAGES

**STEEL**
CAGES

DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES

**POLYAMIDE**
CAGES

DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES

**STAMPED**
COMPONENTS

AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION

DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone: +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 28, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA
ENGINEERS

www.harshaengineers.com

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674
**બેંકની વિવિધ સગવડો**
■ FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
■ C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
■ S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
■ RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
■ ATM Card ■ Lockers ■ Free SMS Alert
■ રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
■ રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL
બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

**RADHA VALLABH GROUP**
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777


DEEP Industries Limited
Oil & Gas Exploration Production & Services
■ EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
■ EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
■ NATURAL GAS COMPRESSION SERVICES
■ OIL & GAS PROCESSING EQUIPMENT
■ WORK OVER AND DRILLING RIGS
■ HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
■ NATURAL GAS BASED POWER GENERATION
■ GAS DEHYDRATION UNIT
CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
RII
**RUDANI**
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rud kutchisamajahmedabad.org
purchase@rudaniinnovation.com

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



**SILICON**®
ZERO MAINTENANCE LAMINATE
RANGE
• Romantic Veneer
• Zero Maintenance Laminate
• Plyboards
• Engineered Prelam Particle Board
• Doors
Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

**Patel Tours & Travels**®
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888
AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT

BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)
PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

**જાહેરાત આવકાર્ય**

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad. Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006. Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)